
સદ્ગુરુઃ શરણં મમ
—આચાર્ય યશોવિજયસૂરિ

આચાર્યશ્રી ૐકારસૂરિ જ્ઞાનમંદિર ગ્રંથાવલિ - ૮૫

# સદ્ગુરુઃ શરણં મમ

પૂજ્યપાદ, પ્રશાન્તમૂર્તિ આચાર્ય ભગવન્ત શ્રીમદ્વિજય
અરવિન્દસૂરીશ્વરજી મહારાજાના સંયમિજીવનના અમૃત મહોત્સવના
ઉપલક્ષ્યમાં પ્રકાશિત ગ્રન્થ

આચાર્ય યશોવિજયસૂરિ

: સૌજન્ય :
શા મંગલચંદજી કપુરચંદજી પારેખ પરિવાર
પ્રતાપચંદજી ચમનાજી હિરાણી પરિવાર
વાંકડિયા વડગામ (રાજસ્થાન)

**સદ્‌ગુરુઃ શરણં મમ**

| | | |
|---|---|---|
| મૂલ્ય | : | ૨૨૫ રૂા. |
| પ્રથમ આવૃત્તિ | : | વિ.સં. ૨૦૭૦, મહા સુદ-દસમ |
| નકલ | : | ૨૦૦૦ |
| પ્રકાશક | : | આચાર્ય ૐકારસૂરિ આરાધના ભવન<br>સુભાષચોક, ગોપીપુરા, સૂરત |

**પ્રાપ્તિસ્થાન :**

- **સેવંતીલાલ એ. મહેતા**
  ૪-ડી, સિદ્ધગિરિ એપાર્ટમેન્ટ, અઠવાલાઈન્સ, સુરત
  ફોન : ૨૬૬૭૫૧૧ (મો.) ૯૮૨૪૧ ૫૨૭૨૭
  E-mail : omkarsuri@rediffmail.com
  mehta_sevantilal@yahoo.co.in
- **સરસ્વતી પુસ્તક ભંડાર**
  હાથીખાના, રતનપોળ, અમદાવાદ-૩૮૦૦૦૧
- **ધીરુભાઈ વડેચા**
  ૧૦૧, શ્રી ભુવન, પહેલે માળે, ૨૮૯, એસ.વી.પી. રોડ, મુંબઈ-૦૪
  ફોન : ૨૩૮૭૬૩૧૫ (મો.) ૯૩૨૩૧ ૭૬૩૧૫
- **આચાર્યશ્રી ૐકારસૂરિ આરાધના ભવન**
  વાવ પંથક વાડી, દશાપોરવાડ સોસાયટી,
  પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
  સુરેશભાઈ કે. મહેતા ફોન : ૨૬૫૮૦૦૫૩ (મો.) ૯૪૨૯૩ ૫૫૯૫૩
- **વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ**
  હાઈવે, ભીલડીયાજી (બ.કાં.)-ગુજરાત
  ફોન : ૨૭૪૪-૨૩૩૧૨૯


મુદ્રક : **કિરીટ ગ્રાફિક્સ**
૪૧૬, વૃંદાવન શોપીંગ સેન્ટર, પાનકોરનાકા, અમદાવાદ-૧ ફોન : ૨૫૩૩૦૦૯૫







# ...વંદના...





પૂ. આ. શ્રી સિદ્ધિસૂરીશ્વરજી મહારાજ



પૂ. શ્રી વિનયવિજયજી મહારાજ



પૂ. આ. શ્રી ભદ્રસૂરીશ્વરજી મહારાજ



પૂ. શ્રી જનકવિજયજી મહારાજ



પૂ. શ્રી હ્રીંકારવિજયજી મહારાજ



પૂ. આ. શ્રી અરવિંદસૂરીશ્વરજી મહારાજ

# ઉપકારસ્મૃતિ

પૂજ્યપાદ, પ્રશાન્તમૂર્તિ આચાર્ય ગુરુભગવંત શ્રીમદ્વિજય
**અરવિન્દસૂરીશ્વરજી મહારાજા**નો
શ્રી વડગામ (જિ. જાલોર, રાજસ્થાન) સંઘ પર વિશેષ ઉપકાર રહ્યો છે.
પૂજ્યપાદશ્રીજીએ અહીં
વિ.સં. ૨૦૨૬, વિ. ૨૦૩૦, વિ. ૨૦૩૭
અને
વિ. ૨૦૫૭માં ચાતુર્માસ કરેલ છે.

## પૂજ્યપાદશ્રીજીની પ્રેરણાથી...

- શ્રાવક ઉપાશ્રય (ક્રિયાભવન)નું નિર્માણ...
- શ્રાવિકા ઉપાશ્રયનું નિર્માણ...
- પાઠશાળાની સ્થાપના થયેલ છે...

## પૂજ્યપાદશ્રીજીની નિશ્રામાં...

- પરમતારકશ્રી ધર્મનાથ પરમાત્માના જિનાલયનો જિર્ણોદ્ધાર...
- પરમતારકશ્રી ધર્મનાથ જિનાલયે જિનબિંબોની પ્રતિષ્ઠા મહોત્સવ તથા અંજન શલાકા મહોત્સવ...
- આયંબિલ શાળાનું ઉદ્ઘાટન...
- છ'રીપાલક સંઘ...
- ઉદ્યાપન...

આદિ અનેક ઉત્સવો થયેલ છે.

**ઉપકારી ગુરુદેવશ્રીનાં ચરણોમાં વન્દના...**




# ગ્રન્થ પ્રકાશનના લાભાર્થી

પરમ પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી

**અરવિન્દસૂરીશ્વરજી મહારાજ સાહેબના**

અસીમ આશીર્વાદ નિમિત્તે

## માતા-પિતાના ચરણે...



શા મંગલચંદજી કપુરચંદજી પારેખ



સ્વ.માતુશ્રી પુષ્પાબેન મંગલચંદજી પારેખ

**સૌજન્ય**

પુત્ર : રમેશભાઈ, નરેન્દ્રભાઈ, દિનેશભાઈ    પુત્રવધૂ : રમીલાબેન, માયાબેન, બબીતાબેન

પૌત્ર : તખ્તેશ, સંકેત    પૌત્રી : હેતલ, કેવીનકુમાર જૈન, જીગ્ના, જેષ્ઠા, દ્દષ્ટિ તથા રિદાન ટી. પારેખ

(વાકડીયા વડગામ નિવાસી)

---

પરમ પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી

**અરવિન્દસૂરીશ્વરજી મહારાજ સાહેબના** અસીમ આશીર્વાદ નિમિત્તે

## માતા-પિતાના ચરણે...



સ્વ. પ્રતાપચંદજી ચમનાજી હિરાણી



સ્વ.માતુશ્રી ચંપાબેન પ્રતાપચંદજી હિરાણી

પુત્ર : સુરેશભાઈ    પૌત્ર : વિનોદ, ચિંતન

પુત્રવધૂ : સરોજબેન    પૌત્રવધૂ : પિંકી, મનાલી

પૌત્રી : રિંકલ વિવેકજી ભંડારી તથા કિયાના, પલાસી

(વાકડીયા વડગામ નિવાસી)



## 'સદ્ગુરુ-ચરણેષુ'

'ગુરુદેવનું મૌનના લયમાં વહેતું
પ્રવચન
સાધકને
પ્રશ્નપ્રદેશને પેલે પાર પહોંચાડી દે છે...'
આ પ્રસિદ્ધ ઉક્તિનો
મૂર્તિમન્ત અનુભવ સંવેદવા મળે
પૂજ્યપાદ, પ્રશમમૂર્તિ આચાર્ય ભગવન્ત
શ્રીમદ્ વિજય અરવિન્દસૂરીશ્વરજી મહારાજાના
ઉપનિષદમાં.

• • •

અનુભૂતિ આ હદે વિસ્તરી પણ શકે :
પૂજ્યપાદશ્રીજીનું શીળું સાન્નિધ્ય
પ્રશ્નોને શાન્ત કરવા સુધી જ
સીમિત ન રહેતાં
સાધકના વિભાવોને દૂર કરવા સુધી
ફેલાયેલું હોય.
સાધનાપૂત
દેહયષ્ટિમાંથી નીકળતાં આન્દોલનો
સાધકની ચેતનાને આમૂલચૂલ
નિખારી જ દે ને !
તપઃપૂત દેહયષ્ટિમાંથી નીકળતાં
આન્દોલનો...
પાવન, પાવન ચરણોમાંથી નીકળતાં
આન્દોલનો...

• • •

આ આન્દોલનોના સન્દર્ભે જ
ભક્તિમતી મીરાંએ
કહેલું :
'ચરન બિના મોહિ કછુ નહિ ભાવે,

જગ માયા હૈ સપનન કી..
મોહિ લાગી લગન ગુરુ ચરનન કી...'
એ 'ચરનન લિપટ રહૂંગી'નો
અનુભવ મીરાંનો કેવો હતો ?
મઝાની કેફિયત છે
એ ભક્તાની :
'ભવ સાગર અબ સૂખ ગયો હૈ,
ફિકર નહિ મોહિ તરનન કી...'
સંસારનો સાગર જે દુસ્તર અને
વિસ્તીર્ણ લાગતો હતો; ગુરુચરણોના
પ્રભાવે સુકાઈ ગયો છે... હવે તરવાની ચિન્તા કેવી ?

• • •

'Living with the Himalayan
Masters'માં
સ્વામી રામને તેમના ગુરુ
ગુરુચરણસ્પર્શનો મહિમા દર્શાવતાં
કહે છે :
સદ્‌ગુરુનું મસ્તિષ્ક, એમની દેહયષ્ટિ
પ્રભુનાં ચરણો પર
ઝૂકેલ હોય છે.
આપણી તરફ લંબાયેલ હોય છે
તેઓશ્રીનાં ચરણ.
એથી,
સદ્‌ગુરુનાં ચરણો પર મસ્તિષ્ક
ટેકવવાની ક્ષણો
આપણા માટે
હોય છે
પરમચેતના સાથેના મિલનની ક્ષણો.

• • •

સાધકની
ગુરુવ્યક્તિથી ગુરુચેતના સુધીની
આ યાત્રા
પરમ ચૈતન્યના સામીપ્ય સુધી
વિસ્તરી રહે...

• • •

કોમળ, કોમળ સદ્‌ગુરુનાં એ બે ચરણો
ભક્તને તેના વ્યક્તિત્વરૂપી
સસીમ પ્રદેશમાંથી
ઊંચકીને
અસ્તિત્વના અસીમ અવકાશમાં
સ્થાપી દે છે.

• • •

પૂજ્ય ચિદાનન્દજી મહારાજ
સદ્‌ગુરુના અસ્તિત્વને
વર્ણવતાં કહે છે :
'અવિનાશી કે ઘર કી બાતાં, જાનેંગે નર સોઈ...'
ગુરુ અવિનાશીના - પરમાત્માના
ઘરની વાતો જાણે છે...
જાણે છે એટલું જ નહિ, તેઓ
પ્રભુના પ્રભાવને માણે છે, અને
તેનો આસ્વાદ તેઓ
ભક્તોને કરાવી શકે છે...
ભક્તના પક્ષે વાત
માત્ર
'ચરનન લિપટ રહૂંગા'ની છે.


• • •

ચરણ સ્પર્શ.
સદ્‌ગુરુના પ્રભુમય અસ્તિત્વમાંથી
નીકળતી ઊર્જાનો સ્પર્શ.

એ ઊર્જા;
જે સાધકની સાધનાને ઊંચકી લે.
સાધકની નાની સી સાધનાને
બૃહત્કાય સંસ્કરણમાં
પ્રસ્તુત કરે.
એક સાધનાગુરુએ આ વાત
આ રીતે સમજાવેલી :
રેલવેના દોડતા ડબ્બામાં રહેલી
એક માખી.
એણે એક પાટિયા પરથી બીજા
પાટિયા પર જવું છે.
દૂરી ત્રણ મીટર.
એ ઊડે છે ડબ્બાના અવકાશમાં.
ડબ્બાની અંદરનું અવકાશ પણ
ડબ્બાની સાથે દોડી રહ્યું છે.
માખીએ ત્રણ મીટરનું અંતર કાપ્યું
એટલીવારમાં ડબ્બાનું અવકાશ
ત્રીસ મીટર જેટલું ખસક્યું.
માખીને દૂરી મળી તેત્રીસ મીટરની.
ત્રણ મીટરની એની પોતાની,
ત્રીસ મીટરની ડબ્બાના અવકાશની.
સદ્‌ગુરુની ઊર્જા
સાધકની સાધનાને આ રીતે
વિસ્તૃત ફલક પર મૂકે છે.

• • •

ગુરુચરણો મળે પછી...?
આનંદ જ આનંદ.
'ચરન મેં જાને સે આનંદ પરગટ,
ચિંતા ગઈ સબ મરનન કી;
આનંદ રસ મેં ઝીલત ઝીલત,
પ્યાસ લગી પ્રભુ રટનન કી...'



એ ચરણોની છાયા... સઘળીય
ચિન્તાઓથી છૂટકારો.
'અમર ભયે હમ ચરન કી છાંવ મેં,
ભાગી ચિન્તા જનનન કી;
રસના મોરી રક્ત બની જો,
આશ કરે તોરે ભજનન કી...'
એ ચરણોનો સંયોગ, એ સદ્‌ગુરુયોગ
પ્રભુની પ્યાસ ભીતર જગવે.
કેવી હોય છે એ પ્યાસ ?
'અંગ અંગ મેં જ્વાલા ઊપજે,
પ્રભુ વિરહા કે અગનન કી;
તિન્હી કારણ ભાન નહિ મોહિ,
ગ્રીષ્મ ઋતુ કે તપનન કી...'
અને, એ પ્યાસ પ્રભુમિલનની દિશામાં
સરકે છે ત્યારે...?
'કાન મેં ગૂંજ રહી હૈ અહર્નિશ,
વાણી પ્રભુ મુખ ઝરનન કી;
લગન લાગી પ્રભુ તેરે ચરન કી,
ઔર તિહારે શરનન કી...'

• • •

સદ્‌ગુરુ-ચરણસ્પર્શ
પ્રભુ માટેની તડપનમાં પરિણમે અને તડપન
પ્રભુમિલનમાં.
સદ્‌ગુરુ બે જ ડગલે પ્રભુના
હાથમાં આપણો હાથ મિલાવી દે.
બે ડગ કહો,
અથવા એક ફૂટ કહો.
'બે હાથે તાળી વાગે' એ સાંભળ્યા પછી
એવું લાગે કે મારો હાથ તો
પ્રભુને સ્પર્શવા તૈયાર છે.
પ્રભુનો હાથ ક્યાં ?
સદ્‌ગુરુ કહેશે :




પ્રભુ તો આ રહ્યા !
પ્રભુને આકાશ માનો તો
એ ઝળુંબીને નજીક આવેલ છે.
આપણાથી એક ફૂટ જ દૂર છે એ.
આપણા હાથને એક ફૂટ જેટલો
ઊંચકીએ એટલે
આપણો હાથ પ્રભુના હાથમાં !
પરમચેતનાને, પરમકૃપાને એ સ્પર્શી લે.
પણ –
એટલોય હાથ આપણે આપણો
ઊંચકી ન શકીએ તો...?
તો સદ્‌ગુરુ
આપણા હાથને ઊંચકીને
પ્રભુ જોડે આપણું મિલન કરાવશે.

• • •

સદ્‌ગુરુનો ચરણસ્પર્શ
પ્રભુ સાથે આપણું મિલન કરાવે.
સદ્‌ગુરુનો હસ્તસ્પર્શ પણ
એ જ કામ કરશે.
કહો કે
સદ્‌ગુરુનું પૂરું અસ્તિત્વ,
એમના અસ્તિત્વમાંથી
વહેતી ઊર્જા
એક જ તો કામ કરી રહી છે :
આપણને પ્રભુ સાથે
અનન્ય બનાવી દેવાનું.
યાદ આવે નારદ ઋષિઃ
तस्मिन् अनन्यता, तद्विरोधिषु उदासीनता च ॥
ભક્તને અનન્ય, પ્રભુમય બનાવે સદ્‌ગુરુ.

• • •



માટે જ,
સદ્‌ગુરુઃ શરણં મમ...

• • •

સદ્‌ગુરુના ચરણ-દ્વયની અમીટ છાપ
ભક્તહૃદયની ભોમકા પર પડે
એ જ થશે
પ્રભુમિલનનો માર્ગ.
એ જ થશે મુક્તિનો માર્ગ.
યાદ આવે પંચસૂત્રક ગ્રન્થ :
आयओ गुरुबहुमाणो ।
ગુરુબહુમાન, ગુરુગુણોનું હૃદયમાં છવાઈ જવું
એ જ બનશે માર્ગ.
ભક્ત કહે છે :
હમેં રાસ્તોં કી જરૂરત નહીં હૈ,
હમેં તેરે પૈરોં કે નિશાં મિલ ગયે હૈ...

• • •

સદ્‌ગુરુનાં ચરણોમાં પ્રાર્થના :
રાખ સદા તવ ચરણે, ગુરુવર !
મધુમય કમલ સમા તવ ચરણે...
અમ તિમિરે તવ તેજ જગવજે,
અમ રુધિરે તવ બલ પેટવજે;
અમ અન્તરમાં તવ પદ ધરજે...
અગાધ આ આકાશ સમા તવ,
અમ ચૈતન્ય બનાવ, મહાર્ણવ !
અમને આપ સકલ તુજ વૈભવ.



# પ્રસન્નતાનો પારાવાર

પૂજ્યપાદ ગુરુભગવંત શ્રીમદ્ વિજય અરવિન્દ સૂરીશ્વરજી મહારાજાના સાન્નિધ્યમાં બેઠા હોઈએ ત્યારે લાગે કે એક અન્તઃસ્થ મહાપુરુષની શીળી છાયાને માણી રહ્યા છીએ.

તેઓશ્રીજીની આ અન્તઃસ્થતા, તેમનું આ ભીતર ડૂબવાપણું તેઓશ્રીના ચહેરા પર પ્રસન્નતાના સ્વરૂપે દેખાયા કરે.

સદા પ્રસન્ન એ મહાપુરુષ.

બિલકુલ નિર્ભાર.

જ્યારે બધું જ પ્રભુને સોંપાઈ ગયું હોય; ભાર શાનો ?

પૂજ્યપાદશ્રીજીની આ નિર્ભાર દશાને જોતાં મને એક ઘટના યાદ આવે છે.

એક ગામને પાદરેથી એક આચાર્ય ભગવંતની વિહારયાત્રા ચાલી રહી હતી. ડોળીમાં બિરાજમાન હતા આચાર્ય ભગવંતશ્રી. ગામને પાદરે રમતાં બે બાળકોએ ગુરુદેવને જોયાં. તેઓ દોડતાં આવ્યાં. તેમણે ચરણસ્પર્શ કર્યો. ડોળી આગળ ચાલી.

બે બાળકોમાંનાં છ વર્ષના નાના ભાઈએ પોતાના મોટાભાઈને પૂછ્યું : ભાઈ, આ બેઉ ડોળીવાળા ભાઈઓ મહારાજ સાહેબને ઊંચકીને સડસડાટ દોડતા હતા, તો તેમને ભાર નહિ લાગતો હોય ?

આઠ વર્ષની વયના દીકરાએ તે વખતે જે જવાબ આપ્યો તે અદ્‌ભુત હતો. એણે કહ્યું : ડોળીમાં મહારાજ સાહેબ બેઠેલ હતા. મહારાજ સાહેબના હૃદયમાં ભગવાન હોય. અને ભગવાન જેના હૃદયમાં હોય તેનો ભાર શી રીતે હોય ?

કેટલી સરસ વાત !

પૂજ્યપાદશ્રીજીની નિર્ભારતાની પાછળ પણ મને આ જ કારણ લાગ્યા કર્યું છે.

•••

તેઓશ્રીની નિર્ભાર દશાના ઘણા પ્રસંગો યાદ આવે. બે-ત્રણ શિષ્યો જોડે હોય ત્યારે, એ લોકો બહાર ગયા હોય અને પૂજ્યશ્રીજી પાત્રાનું પ્રતિલેખન કરી લે.

બહારથી શિષ્ય આવે. એને ખ્યાલ આવે. એ ભક્તિથી કહે : ગુરુદેવ ! આપે કેમ પાત્રાનું પ્રતિલેખન કર્યું ? ત્યારે પૂજ્યશ્રીજી સ્મિત સાથે કહેતા : તમે લોકો કેટલો બધો સ્વાધ્યાય અને વેયાવચ્ચ કરો છો. હું તો બેઠો બેઠો તમારી સેવા સ્વીકારું છું. અને આ કામમાં પણ શું કર્યું છે ?

શિષ્યોની આંખો સદ્‌ગુરુ પ્રત્યેની ભક્તિથી ભરાઈ આવે.


•••

પૂજ્યપાદ પ્રદાદા ગુરુદેવ શ્રીમદ્ વિજય ભદ્રસૂરિ દાદાની સેવા વર્ષો સુધી કરેલી. આ સેવાએ તેમના હૃદયમાં શિષ્યત્વના ભાવની ગરિમા એવી તો મંડિત કરેલી કે હું ઘણા બધા શિષ્યોનો ગુરુ છું આ ભાવ તેમને ક્યારેય સ્પર્શ્યો નથી.

પ્રદાદા ગુરુદેવશ્રી આપણા યુગના અજોડ ભક્તિયોગાચાર્ય હતા. પ્રભુ-પરાયણતાને કારણે વિકસેલી તેઓશ્રીની નિર્ભાર દશાનો વારસો પૂજ્યશ્રીજી પામ્યા છે.

દાદા ગુરુદેવશ્રીના જીવનની એક ઘટના યાદ આવે છે; જે તેઓશ્રીના ભક્તહૃદયની આપણા હૃદયમાં અમીટ છાપ છોડી જાય તેવી છે.

એકવાર પૂજ્યપાદ દાદા ગુરુદેવશ્રીની આંખે મીઠો ઝામર ઊતરી ગયો. તે સમયે ખ્યાલ ન આવ્યો. પાછળથી એક આંખ બંધ કરીને જોતાં ખ્યાલ આવ્યો કે તે



આંખની રોશની ચુકાઈ ગઈ છે. બીજી આંખે મોતિયો આવતો હતો. કુશળ ડૉક્ટરે ઑપરેશન કર્યું. પરંતુ નિષ્ફળ ગયું. બીજી આંખની રોશની પણ ગઈ.

ભક્તો સ્તબ્ધ આ ઘટનાથી.

શિષ્યવૃન્દ હતપ્રભ.

સ્વસ્થ હતા દાદા ગુરુદેવશ્રી. એમણે કહ્યું : આ ઘટનામાં હું પ્રભુનો સંકેત જોઈ રહ્યો છું. અત્યાર સુધી આંખ દ્વારા સ્વાધ્યાયાદિ હું કરતો'તો. હવે પ્રભુ એમ કહી રહ્યા છે કે તારે જાપ અને ધ્યાનની સૂક્ષ્મ દુનિયામાં જવાનું છે.

કેવી આ ઘટના-અપ્રભાવિતતા !


•••

પૂજ્યશ્રીજીના ગુરુદેવ હ્રીઁકારવિજય મહારાજ સંસારી સંબંધે તેઓશ્રીના કાકા થતા. પ્રગુરુદેવશ્રી જનકવિજયજી મહારાજ જોડે પણ એ જ સંસારી સંબંધ હતો.

પૂજ્યપાદ જનકવિજયજી મહારાજ સાહેબ બહુ જ મોટા વિદ્વાન અને વિરાગી સાધક પુરુષ હતા.

તેઓશ્રીજીના એ ગુણો પૂજ્યશ્રીને મળ્યા. તીવ્ર અનાસક્તિ, સાહિત્યમાં રુચિ.

મહાત્મા બુદ્ધ એક વાત કહેતા કે નદીનું પાણી સતત વહ્યા કરતું હોય ત્યાં તો સ્વચ્છતા જ રહેવાની. હા, ક્યાંક ખૂણો પડતો હોય અને પાણી ત્યાં સ્થિર થઈ જાય તો લીલ-ફૂલ બાઝી જાય. સાધકે ક્યાંય ખૂણો બનાવવાનો નથી; પરિણામે એની ચેતના નિર્મળ રહે.



પૂજ્યશ્રીજીની ચિત્તવૃત્તિ સતત વહ્યા કરે છે સ્વાધ્યાયમાં, ભક્તિમાં, અનુષ્ઠાનોમાં. ઠહેરાવ જ નથી, તો આસક્તિ ક્યાં ? કોઈ પણ પદાર્થો કે વ્યક્તિઓ પર ચેતના સ્થિર થાય તો રાગ-દ્વેષને અવકાશ મળે ને ?



●●●

પૂજ્યપાદ જનકવિજયજી મહારાજ સાહેબના વૈરાગ્યપ્રેમનાં મૂળિયાં એમની સદ્ગુરુપ્રીતિમાં દેખાતાં.

સંસારીપણામાં તેઓ પાલીતાણામાં ભણતા હતા. વિ.સં. ૧૯૮૭માં પૂજ્યપાદ ભદ્રસૂરિ દાદાનું ચાતુર્માસ પાલીતાણામાં. કો'કના કહેવાથી મૂળજીભાઈ (પૂ. જનક વિ.મ.નું સંસારીપણાનું નામ) દાદા પાસે આવ્યા.

દાદાની નિઃસ્પૃહતા, તેઓશ્રીનો પરમ વૈરાગ્ય... પ્રથમ દર્શને જ મૂળજીભાઈ અભિભૂત થયા.

દાદાનાં ચરણોમાં જીવન સમર્પિત કરવાની ઈચ્છા અભિવ્યક્ત કરી. દાદાએ કહ્યું : પાલીતાણામાં ઘણા બધા સંતો છે. તમે બધાનો પરિચય કરો !

સદ્ગુરુની આજ્ઞા. મૂળજીભાઈએ તેમ કર્યું. પરંતુ ઋણાનુબંધ દાદા જોડે. આવ્યા ફરી દાદા પાસે. 'આપ જ મને દીક્ષિત કરો !'

સદ્ગુરુપ્રીતિનાં આ મૂળિયાં જન્માન્તરીય પણ હોઈ શકે. તીવ્ર વૈરાગ્યની જન્માન્તરીય ધારાને કારણે પણ આ સદ્ગુરુપ્રીતિ થયેલી હોઈ શકે.

દાદાની શિષ્યો માટેની નિઃસ્પૃહતા પૂજ્યશ્રીજીના જીવનમાં સ્પષ્ટતયા અંકિત થયેલી જોવા મળે... ધર્મચર્યા દ્વારા અનેકોને ધર્મ પમાડનાર પૂજ્યશ્રીજીએ એ પૈકીના કોઈને શિષ્ય બનાવવાનો વિચાર સુદ્ધાં નહિ કરેલ.

●●●

આપણા યુગના સંઘસ્થવિર પૂજ્યપાદ પ્રદાદા ગુરુદેવ શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજા (પૂ. બાપજી મહારાજ સાહેબ)ના ચાર વર્ષ સુધીના સળંગ ઉપનિષદનો લાભ પૂજ્યશ્રીજીને મળેલો.

તે સમયે તેઓશ્રી બાળમુનિ શ્રી અરવિન્દ વિજયજી મહારાજરૂપે. દેખીતી રીતે, બધા મુનિવરો પ્યારથી 'નાના મહારાજ' કહીને તેમને સંબોધે. પરંતુ પૂજ્યપાદ બાપજી મહારાજ સાહેબ તેમને 'મોટા મહારાજ' તરીકે સંબોધતા. ખૂબ જ લાડભર્યા સ્વરે તેઓ પોકારતા : મોટા મહારાજ, ચાલો ! ભણવાનું છે ને ?

પૂજ્યપાદ બાપજી મહારાજ સાહેબ વચનસિદ્ધ મહાપુરુષ હતા. તેઓશ્રીએ સંબોધેલ 'મોટા મહારાજ' સંબોધન આજે કેવું સાર્થક થયું કે પૂજ્યશ્રીજી પૂજ્યપાદ બાપજી મહારાજ સાહેબના સમુદાયના સહુથી વરિષ્ઠ, શ્રદ્ધેય આચાર્ય ભગવંત બન્યા.

●●●

પૂજ્યશ્રીજીનો સ્વાધ્યાયપ્રેમ અજોડ છે. આજે પંચ્યાસી વર્ષની વયે પણ તેઓશ્રીજી કલાકો સુધી સ્વાધ્યાય કરે છે.

સ્વાધ્યાયની આ અપ્રમત્તતા આપણા જેવા પ્રમાદીઓના ચિત્તને ઝકઝોરી નાખે તેવી હોય છે.

મને એક પ્રસંગ યાદ આવે. પૂજ્યપાદ વર્ધમાન તપોનિધિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભદ્રંકર સૂરીશ્વરજી મહારાજાને વન્દના કરવા અમદાવાદ ગયેલો હું. પૂજ્યપાદશ્રીજી તે સમયે પંકજ સોસાયટીના પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરિ સ્મૃતિમન્દિરમાં બિરાજમાન. હોલમાં જ પૂજ્યશ્રીજીની પાટ. થોડે દૂર હું.

બપોરે વાપરીને હું મારા આસન પર આવ્યો. વામકુક્ષિની કુટેવ. પરંતુ આજે જ્યાં સુવાનો, આડે પડખે થવાનો વિચાર કરું, ત્યાં જ મારી નજર પૂજ્યપાદશ્રીજી પર પડી. તે વખતની તેઓશ્રીની સત્તાણું વર્ષની વય. પૂજ્યશ્રીજી હાથમાં પુસ્તક લઈ સ્વાધ્યાય કરી રહ્યા હતા. હું શરમાઈ ગયો. તે દિવસે હું સૂઈ ન શક્યો.



પૂજ્યપાદશ્રીજીની સ્વાધ્યાય-પ્રીતિ પણ આપણા પ્રમાદને ખંખેરી નાખે.

●●●

સ્વાધ્યાય-પ્રીતિ પૂજ્યશ્રીજીની. આ સ્વાધ્યાય-પ્રીતિ પૂજ્યશ્રીજીને પોતાની અંદરના આનંદના સામ્રાજ્યમાં લઈ ગઈ છે.

તેઓશ્રીજીની સ્વાધ્યાયપ્રીતિ જ્ઞાનદશાને શિખરે એ રીતે પહોંચેલી છે કે તે જોતાં જ્ઞાનસાર યાદ આવે : विकल्पविषयोत्तीर्णः, स्वभावालम्बनः सदा । ज्ञानस्य परिपाको यः, सः शमः परिकीर्तितः ॥ વિકલ્પોના વિસ્તારને પેલે પાર અને સ્વભાવની અનુભૂતિ વડે ઓતપ્રોત જ્ઞાનની પરિપક્વ દશા તે સમભાવ. પૂજ્યશ્રીજીની જ્ઞાનદશા સમભાવમાં કેટલી તો સરસ રીતે નીખરી રહે છે !

સદા સમભાવ.

સદા પ્રસન્નતા...


•••

આ પ્રસન્નતાને તેઓશ્રીએ એવી રીતે સિદ્ધ કરી છે કે તેઓશ્રી તેનો વિનિયોગ કરતા રહે છે.

તેઓશ્રીના સાન્નિધ્યમાં બેસીને, તેઓશ્રીનાં આન્દોલનોને સ્વીકારતાં જ આપણે પ્રસન્ન બની જઈએ છીએ.

તેઓશ્રીજી પોતાના અન્તઃસ્થ વૈભવનું આપણને દાન, સતત, કરી રહ્યા છે.

•••



પૂજ્ય સાહેબજીનું સાન્નિધ્ય તો આપણા મનને બિલકુલ બદલી આપે તેવું છે : વિષાદયોગમાંથી પ્રસાદયોગ ભણી લઈ જતું; પૂજ્યશ્રીજીની જન્મભૂમિ મનફરા (કચ્છ) પણ તેવી જ છે : મનને બદલી નાખે તેવું.

પૂજ્યપાદશ્રીજીનો જન્મ જ્યાં થયેલ તે મનફરા ભૂકંપમાં ધ્વસ્ત થયા પછી, ત્યાંના જૈનબન્ધુઓએ સ્વપુરુષાર્થથી જે નવું મનફરા (શાન્તિનિકેતનના નામે) વસાવ્યું છે; તે રમણીય તીર્થભૂમિ સમું બન્યું છે.

ભવ્ય દેરાસર, ઉપાશ્રયો, સ્થાનકો, ધર્મશાળા, ભોજનશાળા આદિથી યુક્ત આ મનફરામાં

મનને ખૂબ શાન્તિ મળે છે, ત્યાંના મઝાના પ્રાકૃતિક પરિવેશને કારણે. આનો અનુભવ અમે લોકોએ પૂજ્યપાદશ્રીજીના વિ. સં. ૨૦૬૪ના ત્યાંના ચાતુર્માસમાં કર્યો.

પૂજ્યપાદશ્રીજીની નિશ્રામાં વિશાળ મુનિવૃન્દ અને સાધ્વીવૃન્દના આ ચાતુર્માસમાં ત્યાંના શ્રી સંઘે જે ભક્તિ કરી છે; અવિસ્મરણીય છે એ.

સેંકડો વૃક્ષોથી ઘેરાયેલું, વ્યવસ્થિતરૂપે વિકસેલું આ શાન્તિનિકેતન ખરેખર શાન્તિને અર્પનારું મઝાનું કેન્દ્ર છે.

એ ચાતુર્માસ પ્રવેશના પ્રસંગે મેં કહેલું કે પૂજ્ય દાદા જિતવિજયજી મહારાજા, પૂજ્ય દાદા કનકસૂરિ મહારાજ અને પૂજ્ય દાદા અધ્યાત્મયોગી, શ્રદ્ધેય આચાર્ય ભગવંત કલાપૂર્ણસૂરિ મહારાજાનાં ચરણોથી પાવન બનેલ આ ભૂમિ અમારા માટે તો તીર્થભૂમિ છે; કારણ કે અમારા પૂજ્યપાદ ગુરુભગવન્તશ્રીની આ જન્મભૂમિ છે.

•••

પૂજ્યપાદશ્રીજીના સાન્નિધ્યમાં એમજ બેસવાનું મન ઘણીવાર થાય. તેમની પ્રશાન્ત મુદ્રાને નિહાળ્યા કરીએ. અને આંખો બંધ કરીને તેઓશ્રીનાં પાવન આન્દોલનોને માણ્યા કરીએ ત્યારે અનાયાસ ભીતર ઊતર્યા કરાય...

અન્તઃસ્થ મહાપુરુષનો આ વિશિષ્ટ પ્રભાવ... બહિઃસ્થ ચેતનાઓને પણ તે અન્તઃસ્થ, કમ સે કમ, અન્તર્મુખ તો બનાવી જ દે.

અન્તઃસ્થ એ મહાપુરુષનાં ચરણોમાં વન્દના.



પૂજ્યશ્રીની જન્મભૂમિ
મનફરા (શાંતિનિકેતન)નું
જિનાલય

પૂજ્યપાદ, પ્રશમમૂર્તિ આચાર્ય ભગવન્ત શ્રીમદ્
**વિજય અરવિન્દસૂરીશ્વરજી મહારાજા**

# સંક્ષિપ્ત જીવનયાત્રા

| | | |
|---|---|---|
| **જન્મ** | : | વિ. સં. ૧૯૮૫ જેઠ સુદ ૧૨ |
| **જન્મભૂમિ** | : | મનફરા (કચ્છ) |
| **માતા** | : | વાલીબેન |
| **પિતા** | : | પેથાભાઈ |
| **દીક્ષા** | : | ૧૯૯૬ મહા સુદ ૧૦ (મનફરા) |
| **વડી દીક્ષા** | : | ૧૯૯૬ વૈશાખ સુદ ૩ (પલાસવા) |
| **દીક્ષાભૂમિ** | : | મનફરા |
| **પ્રદાદા ગુરુદેવ** | : | પૂજ્યપાદ, સંઘસ્થવિર આ.ભ. શ્રીમદ્વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજા |
| **પ્રગુરુદેવ** | : | પૂજ્યપાદ, વિદ્વદ્વર્ય મુનિરાજશ્રી જનકવિજયજી મહારાજ સાહેબ (સંસારી પક્ષે કાકા) |
| **ગુરુદેવ** | : | પૂજ્યપાદ, વિદ્વદ્વર્ય મુનિરાજશ્રી હ્રીઁકારવિજય મહારાજ સાહેબ (સંસારી પક્ષે કાકા) |
| **ગણિપદ** | : | વિ. સં. ૨૦૪૨ માગસર સુદ ૫ [વાવ (બી.કે.)] |
| **પંન્યાસ પદ** | : | વિ. સં. ૨૦૪૨ વૈશાખ સુદ ૫ (જૂના ડીસા) |
| **આચાર્ય પદ** | : | વિ. સં. ૨૦૪૫ મહા સુદ ૫ (વાવ) |
| **ગણિ-પંન્યાસ પદ પ્રદાતા** | : | આચાર્ય ૐકારસૂરીશ્વરજી મહારાજા |
| **આચાર્ય પદ પ્રદાતા** | : | આચાર્ય ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજાની આજ્ઞાથી તપસ્વીસમ્રાટ આચાર્ય હિમાંશુસૂરીશ્વરજી મહારાજા. |

પૂજ્યપાદ, પ્રશમમૂર્તિ આચાર્ય ભગવન્ત શ્રીમદ્
**વિજય અરવિન્દસૂરીશ્વરજી મહારાજા**


# ચાતુર્માસ યાદી


| | | |
|---|---|---|
| સંવત્ | ૧૯૯૬ | સમી |
| સંવત્ | ૧૯૯૭ | અમદાવાદ વિદ્યાશાળા |
| સંવત્ | ૧૯૯૮ | અમદાવાદ વિદ્યાશાળા |
| સંવત્ | ૧૯૯૯ | અમદાવાદ વિદ્યાશાળા |
| સંવત્ | ૨૦૦૦ | અમદાવાદ વિદ્યાશાળા |
| સંવત્ | ૨૦૦૧ | મંડાર (રાજસ્થાન) |
| સંવત્ | ૨૦૦૨ | સરિયદ |
| સંવત્ | ૨૦૦૩ | પાટણ |
| સંવત્ | ૨૦૦૪ | રાધનપુર |
| સંવત્ | ૨૦૦૫ | રાધનપુર |
| સંવત્ | ૨૦૦૬ | ઝીંઝુવાડા |
| સંવત્ | ૨૦૦૭ | જૂનાડીસા |
| સંવત્ | ૨૦૦૮ | ઝીંઝુવાડા |
| સંવત્ | ૨૦૦૯ | મહેસાણા |
| સંવત્ | ૨૦૧૦ | ઝીંઝુવાડા |
| સંવત્ | ૨૦૧૧ | રાધનપુર |
| સંવત્ | ૨૦૧૨ | ઝીંઝુવાડા |
| સંવત્ | ૨૦૧૩ | જૂનાડીસા |
| સંવત્ | ૨૦૧૪ | જોટાણા |
| સંવત્ | ૨૦૧૫ | રાજકોટ |
| સંવત્ | ૨૦૧૬ | અમદાવાદ (ગિરધરનગર) |
| સંવત્ | ૨૦૧૭ | ખંભાત |
| સંવત્ | ૨૦૧૮ | રાધનપુર |
| સંવત્ | ૨૦૧૯ | જૂનાડીસા |
| સંવત્ | ૨૦૨૦ | અમદાવાદ (ગિરધરનગર) |
| સંવત્ | ૨૦૨૧ | સરિયદ |
| સંવત્ | ૨૦૨૨ | પાટણ |
| સંવત્ | ૨૦૨૩ | વાવ |
| સંવત્ | ૨૦૨૪ | શિવગંજ |
| સંવત્ | ૨૦૨૫ | સિરોહી (રાજસ્થાન) |
| સંવત્ | ૨૦૨૬ | વાંકડીયા વડગામ |
| સંવત્ | ૨૦૨૭ | જૂનાડીસા |
| સંવત્ | ૨૦૨૮ | પાલીતાણા |
| સંવત્ | ૨૦૨૯ | રાધનપુર |
| સંવત્ | ૨૦૩૦ | વાંકડીયા વડગામ |
| સંવત્ | ૨૦૩૧ | માલવાડા (રાજસ્થાન) |
| સંવત્ | ૨૦૩૨ | જૂનાડીસા |
| સંવત્ | ૨૦૩૩ | ઝીંઝુવાડા |
| સંવત્ | ૨૦૩૪ | જૂનાડીસા |
| સંવત્ | ૨૦૩૫ | અમદાવાદ વિદ્યાશાળા |
| સંવત્ | ૨૦૩૬ | મનફરા (જન્મભૂમિ) |
| સંવત્ | ૨૦૩૭ | વાંકડીયા વડગામ |
| સંવત્ | ૨૦૩૮ | પાલીતાણા |
| સંવત્ | ૨૦૩૯ | ઝીંઝુવાડા |
| સંવત્ | ૨૦૪૦ | કાલંદ્રી |
| સંવત્ | ૨૦૪૧ | વાવ |
| સંવત્ | ૨૦૪૨ | રાજપુર |
| સંવત્ | ૨૦૪૩ | સુરત (અઠવાગેટ ગજ્જરવાડી) |
| સંવત્ | ૨૦૪૪ | સુરત (ૐકારસૂરિ આરાધના ભવન) |
| સંવત્ | ૨૦૪૫ | વાવ |
| સંવત્ | ૨૦૪૬ | અમદાવાદ (લક્ષ્મીવર્ધક) |
| સંવત્ | ૨૦૪૭ | પાલીતાણા (પન્નારૂપા) |
| સંવત્ | ૨૦૪૮ | વાવ |
| સંવત્ | ૨૦૪૯ | વાવ |
| સંવત્ | ૨૦૫૦ | મનફરા |
| સંવત્ | ૨૦૫૧ | સુરત (ૐકારસૂરિ આરાધના ભવન) |
| સંવત્ | ૨૦૫૨ | ઝીંઝુવાડા |
| સંવત્ | ૨૦૫૩ | સુરત અઠવાલાઈન્સ |
| સંવત્ | ૨૦૫૪ | જશવંતપુરા (રાજસ્થાન) |
| સંવત્ | ૨૦૫૫ | સાંચોર (રાજસ્થાન) |
| સંવત્ | ૨૦૫૬ | પાલીતાણા (વાવપથક ધર્મશાળા) |
| સંવત્ | ૨૦૫૭ | વાંકડીયા વડગામ (રાજસ્થાન) |
| સંવત્ | ૨૦૫૮ | મુંબઈ (પાર્લાઈસ્ટ) |
| સંવત્ | ૨૦૫૯ | પાવાપુરી (રાજસ્થાન) |
| સંવત્ | ૨૦૬૦ | અમદાવાદ દશાપોરવાડ સોસા. |
| સંવત્ | ૨૦૬૧ | સુરત (ૐકારસૂરિ આરાધના ભવન) |
| સંવત્ | ૨૦૬૨ | વાવ |
| સંવત્ | ૨૦૬૩ | જૂનાડીસા |
| સંવત્ | ૨૦૬૪ | મનફરા |
| સંવત્ | ૨૦૬૫ | સુરત (અઠવાલાઈન્સ) |
| સંવત્ | ૨૦૬૬ | મુંબઈ (ગોવાલિયા ટેન્ક) |
| સંવત્ | ૨૦૬૭ | વડોદરા (શમા રોડ) |
| સંવત્ | ૨૦૬૮ | જસવંતપુરા |
| સંવત્ | ૨૦૬૯ | સુઈગામ |

•••

# I.....N.....D.....E.....X



‘સદ્ગુરુની પરમ કરુણા’ પૃષ્ઠ-૧






શક્તિપાત દ્વારા ભીતરી આનન્દ લોકમાં પૃષ્ઠ-૭


સમર્પણની ત્રિપદી પૃષ્ઠ-૧૩






સદ્ગુરુઃ શરણં મમ પૃષ્ઠ-૧૯


‘ગુરુ નિરન્તર ખેલા...’ પૃષ્ઠ-૨૫






મોક્ષ તમારી હથેળીમાં ! પૃષ્ઠ-૩૧

નિશ્ચય-વ્યવહાર : સાધનાની ધરી પૃષ્ઠ-૩૭






‘ગુરુના પ્રેમની નદીને કિનારા નથી હોતા !’ પૃષ્ઠ-૪૭


‘પ્રીતમ છબિ નૈનન બસી...’ પૃષ્ઠ-૫૫






સદ્ગુરુયોગ પૃષ્ઠ-૬૩

સદ્ગુરુ ઊર્જાતીર્થો પૃષ્ઠ-૬૯






મોહિ લાગી લગન ગુરુ ચરનન કી પૃષ્ઠ-૭૫


‘સદ્ગુરુ દિયો બતાય...’ પૃષ્ઠ-૮૩






શક્તિપાત : સદ્ગુરુની દોહરી પ્રક્રિયા પૃષ્ઠ-૯૧


‘ગુરુ મોહિ મારે શબ્દ કી લાઠી...’ પૃષ્ઠ-૯૯






‘અંસુઅન સીંચ સીંચ, પ્રેમબેલિ બોઈ...’ પૃષ્ઠ-૧૦૫

દિવ્ય નયન પૃષ્ઠ-૧૧૫






ચિદ્રસ પૃષ્ઠ-૧૨૩


ગુરુસ્પર્શ પૃષ્ઠ-૧૩૧






‘સૂરત શિલા પર ધોઈએ...’ પૃષ્ઠ-૧૩૭

ઉપનિષદ પૃષ્ઠ-૧૪૫





સહજને કિનારે પૃષ્ઠ-૧૫૧

# ૧

# 'સદ્‌ગુરુની પરમ કરુણા'



**अज्ञानभाजां विनिपातहेतुश्छन्नोऽस्ति यो मोहमहापदन्धुः ।**
**हस्ते गृहीत्वा विनिवार्य तस्माज्जनं नयत्यध्वनि धर्मबन्धुः ।।५३।।**

**- વૈરાગ્યકલ્પલતા**

*જો આ જગતમાં ધર્મગુરુ ન હોત તો કોણ વ્હાલી માઁ બનીને મોહરૂપી કૂવે પડતાં અજ્ઞાની બાળકને હાથ ઝાલીને બહાર લાવત અને સન્માર્ગે ચડાવત ?*

# 'સદ્‌ગુરુની પરમ કરુણા'

પૂજ્યપાદ આનંદઘનજી મહારાજ એક નિર્જન જગ્યાએ આવેલ દેરાસરે ગયેલ. ઋષભદેવ પરમાત્મા બિરાજમાન હતા ત્યાં. ભક્તના કંઠેથી પરા વાણી વહે છે : 'ઋષભ જિનેસર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત...'

સદ્‌ભાગ્ય આપણું કે પૂજ્ય જ્ઞાનવિમલસૂરિ મહારાજ તે વખતે ત્યાં આવી ગયા. આ પરા વાણી સાંભળતાં તેઓ તો સ્તબ્ધ, અવાક્ થઇ ગયા... શબ્દોનો આ ધારાબદ્ધ પ્રવાહ ! ભાવોની આ ભરતી ! કાગળ-પેન જોડે હતા. તેઓએ એ પરા વાણીને શબ્દોમાં ઉતારી...

બાવીસેક સ્તવનો થયાં. અને એમનો - આનંદઘનજી મહારાજનો - અવાજ ધીરો પડ્યો. જ્ઞાનવિમલસૂરિ મહારાજ નજીક આવ્યા. પૂજ્યશ્રીના ઑરા સર્કલમાં - આભામંડલમાં જ્યાં આચાર્યશ્રી પ્રવેશ્યા કે તરત પૂજ્યશ્રીને ખ્યાલ આવી ગયો કે પાછળ કો'ક આવ્યું છે.

સામાન્યતયા, પાછળથી કોઇ આવે ત્યારે, તેના નિઃશ્વાસની ગરમ હવાથી ખ્યાલ આવી શકે. યા તો પડછાયા આદિથી. પરંતુ સાધના ગહેરાઈમાં ગઇ હોય ત્યારે પોતાના ઑરા સર્કલમાં કો'ક પ્રવેશી જાય, એ સાથે સાધકને ખ્યાલ આવી જાય.

પૂ. આનંદઘનજી મહારાજની સાધના તો બહુ જ ગહેરી હતી. જોકે, પૂ. જ્ઞાનવિમલસૂરિ મહારાજની આભા પવિત્ર હતી, શુદ્ધ હતી; પણ પોતાની ઑરાથી વિભિન્ન હતી, એટલે તરત પૂ. આનંદઘનજી મહારાજને ખ્યાલ આવી ગયો.

પૂ. જ્ઞાનવિમલસૂરિ મહારાજ તો પહોંચેલા સદ્ગુરુ હતા. તેથી તેમના માટે અલગ નિયમ હતો; પરંતુ સામાન્ય સાધકને જો સદ્ગુરુના આભામંડલમાં પ્રવેશવું હોય તો તેના માટે નિયમો છે.

વંદન-સૂત્રમાં આ નિયમની વાત આ રીતે થઈ છે : 'અણુજાણહ મે મિઉગ્ગહં...' ગુરુદેવ ! આપ મને અનુમતિ આપો કે હું આપના મિત અવગ્રહમાં - ઑરાસર્કલમાં પ્રવેશી શકું.

● ● ●

ઑરાસર્કલમાં પ્રવેશવાની આ પ્રાથમિક વિધિ થઇ. ઑરાસર્કલમાં પ્રવેશવા માટે ખાસ જરૂરી છે સાધકનો તીવ્ર અહોભાવ. એ ન હોય તો, ગુરુચરણોનો સ્પર્શ કરનાર સાધક પણ તેમના શરીરમાંથી નીકળતાં દિવ્ય આન્દોલનોને સ્વીકારી ન શકે.

અરણિક મુનિના જીવનની ઘટના આ સન્દર્ભમાં બહુ જ સૂચક છે. વેશ્યાને ત્યાંથી અરણિક મુનિ સદ્ગુરુ પાસે આવ્યા. સદ્ગુરુનાં ચરણો પર તેમણે મસ્તક ટેકવ્યું. તે ચરણમાંથી નીકળતાં આન્દોલનોને તેમણે ઝીલ્યા. શક્તિપાત...

શક્તિપાત થવાથી ભીતર તો આમૂલચૂલ પરિવર્તન થયેલું છે. આપણે તો માત્ર બહારી પરિવર્તનની એક ઝલક જોઈ શકીએ કે વૈશાખ અને જેઠની બળબળતી બપોરે ખુલ્લા પગે શેરીઓમાં ન ચાલી શકનાર અરણિક મુનિ ધગધગતી શિલા પર સંથારો કરી બેસી ગયા.

સવાલ એ થાય કે સદ્ગુરુ એ જ હતા. અરણિક મુનિ એ જ હતા. સદ્ગુરુએ શક્તિપાત પહેલાં કેમ ન કર્યો ? કર્યો હોત તો વેશ્યાને ત્યાં જવાની નોબત ન આવત ને !

જવાબ એવો મળે કે અરણિક મુનિ પર શક્તિપાત કરવા સદ્ગુરુ તૈયાર જ હતા : દીક્ષાની પહેલી ક્ષણથી. અરણિક મુનિ એને ઝીલવા તૈયાર નહોતા.

આ ઘટનાના ઊંડાણમાં જવું એટલા માટે જરૂરી છે કે એ આપણા શક્તિપાત આડેના અવરોધને હટાવી શકે. અને તો, શક્તિપાતની ધારામાં આપણે આગળ જઈ શકીએ.

સદ્ગુરુના શક્તિપાતને - પવિત્ર આન્દોલનોને ઝીલવા માટે જોઈએ છે તીવ્ર અહોભાવ. સદ્ગુરુ બે રીતે કામ કરતા હતા. તેમને અરણિક મુનિમાં તીવ્ર અહોભાવ ઉભારવો હતો અને એ ઊભરે એટલે શક્તિપાત કરવો હતો.

તકલીફ ક્યાં આવી ? અરણિક મુનિ સાધના કરતા હતા. જ્ઞાન, ધ્યાનમાં રમણશીલ હતા. પણ તેઓ એમ માનતા હતા કે સાધના મારે કરવાની છે. ગુરુદેવ તો માત્ર સાક્ષીરૂપ છે.

જેને સાક્ષી તરીકે રહેવાનું હતું એ કર્તા બની ગયો ! જેના પર સાધનાનું પૂર્ણ કૃતિત્વ છે, એ ગુરુતત્ત્વને નિષ્ક્રિય માનવાની ભૂલ થઈ ગઈ. સાધના પ્રત્યેનો આ આત્મવિશ્વાસ... મોટી ચૂક થઈ ગઈ. સાધનાનું કૃતિત્વ પોતાના પર લેવાયું. ફળશ્રુતિઃ અહંકાર. આ ચૂક. શક્તિપાત કઈ રીતે ઝિલાય ?

અને એટલે જ, વેશ્યાને ત્યાં જવાની ઘટના અરણિક મુનિ માટે વરદાનરૂપ બની ગઈ. એમનો સાધના પ્રત્યેનો આત્મવિશ્વાસ તૂટી ગયો. થયું કે મારે કર્યે કશું જ થવાનું નથી. સદ્ગુરુ જ બધું કરાવશે. સદ્ગુરુનાં શ્રીચરણોને એક ક્ષણ માટે પણ છોડીશ તો આ સંસારના કીચડમાં ક્યાંય હું ફસાઈ જઈશ...

• • •

ગુરુદેવ વિના સંસારના કીચડમાંથી સાધકને કોણ કાઢે ?

યાદ આવે પૂજ્યપાદ વૃદ્ધવાદિસૂરિ મહારાજ. જ્યારે તેમણે સાંભળ્યું કે સિદ્ધસેન દિવાકરસૂરિ પાલખીમાં બેસી રાજસભામાં જાય છે, ચિન્તિત થયા તેઓ કે સ્વમાં જ મસ્ત હોય તેવો પોતાનો આ શિષ્ય પરની દુનિયામાં કેમ ચાલ્યો ગયો ?

ગુરુની કરુણા દ્રવિત થઈ ઊઠી. તેઓ પોતે પાલખી ઉપાડે છે. હલાવે છે. સિદ્ધસેનજી પૂછે છે : भूरिभारभराक्रान्त ! स्कन्धः किं तव बाधति ? ભારથી દબાયેલ હે વૃદ્ધજન ! તમારો ખભો દુઃખે છે ? ગુરુએ કહ્યું : न तथा बाधते स्कन्धः, यथा बाधति बाधते... ખભો એટલો નથી દુઃખતો, જેટલો તારા વાક્યમાં રહેલ ખોટો પ્રયોગ દુઃખે છે.

મારી ભૂલ કાઢનાર મારા ગુરુ જ હોય. પાલખીમાંથી નીચે ઊતર્યા. ગુરુદેવને જોયા. તેમનાં ચરણોમાં પડ્યા. આંખે આંસુધાર...

અહીં સદ્ગુરુની એક મઝાની જે લાક્ષણિકતા હોય છે, તે આપણને જોવા મળે છે. શિષ્ય પૂછે છે : આપ ? અહીં ? આ રીતે ? ગુરુ હસીને કહે છે : હા, ભાઈ ! તું તો રાજાનો ગુરુ થયો ને ! એટલે આવવું જ પડે ને !

ગુરુ એટલા માટે શિષ્યને ક્યારેક મીઠાં વચનોથી સંબોધે છે કે એ રીતે એને નજીક લાવી શકાય... ગાલ પર સમસમતી તમાચ ઠોકવી હોય તો શિષ્યને નજીક લાવવો જ રહ્યો ને ! અને શિષ્ય નજીક આવે એટલે ? સટાક્ કરતી શબ્દની તમાચ!

ગુરુ કહે છે : 'હિંડઈ કાંઉ વણાઉ વણુ ?' તને સંસારના કીચડમાંથી બહાર કાઢ્યો, તારે હવે પ્રશંસાના કીચડમાં જવું છે ? રાજા તને સારો કહે એ માટે રોજ રાજસભામાં જવાનું. કલાકો સુધી રહેવાનું; તારી અને તારા શિષ્યોની શી દશા થાય

એ વિચારવાનું ખરું તારે ? અરે, રાજાની ઈચ્છા હોય તો એ તારા ઉપાશ્રયે આવશે. તારે ત્યાં જવાની શી જરૂરિયાત ?

સિદ્ધસેનજી ચરણોમાં ઝૂકી ગયા.

સદ્ગુરુ વિના રાગ-દ્વેષના કીચડમાંથી બહાર કોણ કાઢે ?

• • •

અરણિક મુનિ પર શક્તિપાત કરવા સદ્ગુરુ તૈયાર જ હતા. કહો કે, 'કરેમિ ભંતે !' સૂત્રના રૂપમાં સદ્ગુરુએ શબ્દશક્તિપાત કર્યો જ હતો. પરંતુ અરણિક મુનિ, પ્રારંભમાં, તેને ઝીલી શક્યા નહોતા. પાછળથી સદ્ગુરુની પરમ કરુણાને ઝીલી શકાઈ.

અહંકારનું તિરોહિત થવું,

અહોભાવનું ઉદિત થવું

અને

ગુરુની કરુણાનો પરમ સ્વીકાર.

■ ■ ■

# ૨

# શક્તિપાત દ્વારા ભીતરી આનન્દ લોકમાં



**जे किर पएसिपमुहा, पाविट्ठा दुट्ठधिट्ठनिल्लज्जा ।**
**गुरुहत्थालंबेणं संपत्ता, ते वि परमपयं ॥६॥**
**- ગુરુતત્ત્વ વિનિશ્ચય**

*પ્રદેશી રાજા જેવા પાપિષ્ઠ, દુષ્ટ, ધૃષ્ટ, નિર્લજ્જ વ્યક્તિત્વો પણ સદ્ગુરુ કેશી ગણધરની કૃપા વડે પરમપદને પામ્યા.*

# શક્તિપાત
# દ્વારા ભીતરી
# આનન્દ
# લોકમાં

મહાજ્ઞાની ગુરુદેવ સંભૂતિવિજય મહારાજ પાસે યુવાન સ્થૂલભદ્ર આવે છે. દીક્ષા માટે પ્રાર્થના કરે છે.

સામાન્યતયા, સ્થૂલભદ્રજીના જીવનનો વૃત્તાન્ત જાણ્યા પછી એમને દીક્ષિત કરવાનો વિચાર પણ કેમ થાય ? પોતાના પિતાજી મૃત્યુશય્યા પર. સંદેશો મળ્યો. અને આ પુત્ર કહે છે કે 'આમાં જે કંઈ કરવાનું હોય તે વૈદ્યે કરવાનું હોય. હું આવીને શું કરું ?' કોશા નામની નર્તિકાના પ્રેમમાં ગળાડૂબ ડૂબેલો આ માણસ વિરાગી બની ગુરુ પાસે આવ્યો છે. અને ગુરુ એને દીક્ષા આપે છે.

સદ્‌ગુરુની દૃષ્ટિનો, visionનો ખ્યાલ અહીં આવે છે. ગુરુ આટલું જ જુએ છે : મારા શક્તિપાતને સામેની વ્યક્તિ ઝીલી શકે એમ છે કે કેમ. જો ઝીલી શકે તેમ છે તો બસ, કાર્ય પૂરું.

સ્થૂલભદ્રજીમાં જે તીવ્ર અહોભાવ હતો; એની પૃષ્ઠભૂ પર ગુરુદેવનો શક્તિપાત ઝિલાઈ ગયો.

• • •

ચાતુર્માસનો સમય નજીક આવે છે અને સ્થૂલભદ્ર મુનિ કોશાને ત્યાં ચાતુર્માસ ગાળવાની અનુમતિ માગે છે. જ્ઞાની ગુરુદેવ અનુમતિ આપે છે.

સ્થૂલભદ્ર મુનિ કોશાને ત્યાં હતા એમ સામાન્ય જન કહેશે; સાધક કહેશે કે તેઓ માત્ર ને માત્ર સદ્‌ગુરુદેવના ઑરાસર્કલમાં હતા.

સદ્ગુરુ પ્રભાવશાળી હોય અને શિષ્યની ગ્રાહકતા - રિસેપ્ટિવીટી તીક્ષ્ણ, સૂક્ષ્મ હોય તો દૂરીનો પ્રશ્ન ઊભો જ નથી થતો.

સ્થૂલભદ્ર મુનિને ક્યારેય લાગ્યું નથી કે તેઓ સદ્ગુરુથી દૂર છે.

• • •

સદ્ગુરુ સાધક પર, આમ પણ, પોતાની ઑરા વડે જ તો કાર્ય કરે છે ને !

પ્રબુદ્ધ સાધકોને આનો પૂરેપૂરો ખ્યાલ હોય છે. અને તેથી જ, જગદ્ગુરુ હીરવિજયસૂરિ મહારાજનું શરીર એકદમ અસ્વસ્થ બન્યું ત્યારે તેમના અન્તેવાસીઓ વિચારતા કે કોઈ પણ રીતે પોતાને સદ્ગુરુનું ઉપનિષદ વધુ ને વધુ મળે. અને એ માટે સદ્ગુરુનું માત્ર દૈહિક સામીપ્ય પોતાને મળ્યા કરે. ભલે સદ્ગુરુ બોલી ન શકે; ભલે તેઓશ્રી વાસક્ષેપ ઠવી ન શકે; તેમની પવિત્ર કાયામાંથી સતત નીકળતાં આન્દોલનો તો મળ્યાં જ કરે ને ! અને એ આન્દોલનો પોતાની સાધનાને ઊંચકી લે!

• • •

સદ્ગુરુની પવિત્ર કાયામાંથી નીકળતાં આન્દોલનો... ઑરા.

પૂજ્યપાદ, ધર્મનાયક હરિભદ્રસૂરિ મહારાજે સામાચારીમાં ગરબડ કરનાર એક મુનિને પ્રાયશ્ચિત્ત આપ્યું : તારે એક મહિના સુધી મારાં વસ્ત્રોનું પ્રતિલેખન નહિ કરવાનું.

શિષ્ય ધ્રૂજી ગયો. આંખોમાં આંસું. ને એ આંસું કહેતાં હતાં કે ગુરુદેવ ! બાર બાર કલાક સુધી આપના પાવન દેહને સ્પર્શેલ વસ્રોને મને સ્પર્શવાં દો ને ! એ વસ્રોનો સ્પર્શ - એ પવિત્ર આન્દોલનોનો સ્પર્શ મને પવિત્ર બનાવી દેશે. ગુરુદેવ ! કૃપા કરો !

• • •

સદ્ગુરુની પવિત્ર કાયામાંથી નીકળતાં આન્દોલનોને સ્થૂલભદ્ર મુનિ ઝીલી રહ્યા હતા. તેઓ સદ્ગુરુના ઑરાસર્કલમાં જ હતા. અને પછી ત્યાં વિભાવના પ્રવેશની શક્યતા પણ કેવી ?

ચાતુર્માસ ઊતર્યે સ્થૂલભદ્ર મુનિ સદ્ગુરુ પાસે આવ્યા. ત્યારે એમણે મુનિરાજને કહ્યું : તું દુષ્કર-દુષ્કર કારક છે...

પરંપરામાં એનો મોહક અર્થ મળે છે. બાહ્ય પ્રતિકૂલ પરિસ્થિતિમાં સાધના કરવી તે દુષ્કર છે. પરંતુ આવી અનુકૂલ પરિસ્થિતિમાં નિષ્પ્રકંપ રીતે સાધના કરનાર સાધક તો દુષ્કર-દુષ્કર કારક છે.

આ શબ્દનો બીજો પણ એક અર્થ સૂઝે છે. સદ્ગુરુની આભાને ઝીલવી એ દુષ્કર કાર્ય છે. પણ એ ઝીલ્યા પછી સદ્ગુરુથી ભૌગોલિક રીતે, કાયિક રીતે, દૂર હોવા છતાં એ આન્દોલનોની ધારામાં રહીને જ સાધના કરવી એ દુષ્કર-દુષ્કર કાર્ય છે.

• • •

આન્દોલનોને ઝીલવા માટેની પૃષ્ઠભૂ હતી સદ્ગુરુ પ્રત્યેનો તીવ્ર અહોભાવ. એ પૃષ્ઠભૂ પર સ્થૂલભદ્ર મુનિએ ગુરુની પવિત્ર કાયામાંથી નીકળતાં આન્દોલનોને ગ્રહણ કર્યાં.

એ અહોભાવની પૃષ્ઠભૂ પર, ગુરુના શક્તિપાતને કારણે સાધનાનો પરમ રસ ચાખવા મળ્યો. આ પરમ રસની એવી તો ગાઢ અનુભૂતિ ભીતર થઈ કે હવે એ અસ્તિત્વને બીજું કંઈ ગમી જ ન શકે.

પરમ રસનો આસ્વાદ... એની અનુભૂતિની દશા. અપરમ રસ કઈ રીતે આકર્ષી શકે સાધકને ?

એ પરમ રસના આસ્વાદની ક્ષણોનું વર્ણન કરતાં મહોપાધ્યાયશ્રી માનવિજયજી મહારાજ કહે છે : અનન્ત જન્મોમાં ક્યારે પણ ન અનુભવ્યો હોય એવો આ રસ છે...[૧] આ રસ... વાસ્તવિક સુખની પ્રતીતિ આ રસ દ્વારા થઈ. ભીતરી આનંદની દુનિયામાં પ્રવેશ થયો.[૨]

આ પરમ રસ... ચિદ્રસ...

શ્રી બાબુભાઈ કડીવાળા એમના એક પદમાં સદ્ગુરુ-ચેતનાને સ્તવે છે, પ્રાર્થે છે : 'ઐસા ચિદ્રસ દિઓ ગુરુમૈયા, પ્રભુ સે અભેદ હો જાઉં મૈં...'

સદ્ગુરુદેવ એવો ચિદ્રસ, પરમ રસ આપે, ચખાડે; જેથી પ્રભુની દુનિયામાં પ્રવેશ થઈ રહે અને પ્રભુચેતના સાથે સ્વચેતનાનું અભેદ મિલન થઈ રહે.

• • •

સદ્ગુરુચેતના તો શિષ્યો પર કાર્ય કરવા આતુર જ હોય છે, અને એ રીતે કરી જ રહી છે એ. સ્થૂલભદ્રજી જેવા સાધકો ગુરુના એ શક્તિપાતને ઝીલી શકે છે.

■ ■ ■

૧. કહીએ અણચાખ્યો પણ અનુભવ રસનો ટાણો મિલિયો. - શ્રી અજિત જિન સ્તવન

૨. પ્રભુની મહેરે તે રસ ચાખ્યો, અન્તરંગ સુખ પામ્યો... - શ્રી અજિત જિન સ્તવન



પરમગુરુઃ શરણં મમ

# ૩

# સમર્પણની ત્રિપદી



**आणानिद्देशयरे, गुरुणमुववायकारए ।**
**इंगियागारसंपण्णे, से विणीए त्ति वुच्चइ ॥**
**- ઉત્તરાધ્યયન સૂત્ર**

*જે ગુરુની આજ્ઞાનું પાલન કરે,*
*જે ગુરુની પાસે રહે,*
*જે ઈશારા તથા આકારથી ગુરુના*
*અભિપ્રાયોને જાણી લે*
*તે જ સાચો વિનયવાન શિષ્ય છે.*

# સમર્પણની
# ત્રિપદી

ગણધર ભગવાન ગૌતમસ્વામી વહોરવા ગયા છે. કોઈએ એક સાદો પ્રશ્ન પૂછ્યો. ગૌતમસ્વામીજી એને કહે છે : ભાઈ, આનો ઉત્તર પછી આપું તો ચાલશે ? પેલી વ્યક્તિએ હકારમાં માથું હલાવ્યું.

ગૌતમસ્વામીજી પ્રભુ પાસે આવે. તેમને પ્રદક્ષિણા આપી વન્દન કરે અને પછી પૂછે : ભગવન્ ! આ પ્રશ્નનો શો ઉત્તર ?

પ્રભુ પ્રેમથી 'હે ગૌતમ !' એમ કહીને જવાબ આપે. ગૌતમસ્વામી દ્વારા એ ઉત્તર પેલા મુમુક્ષુને મળી જાય...

• • •

ગૌતમસ્વામીના એ સમયના હૃદયવૈભવને - હૃદયના મધુરા ભાવોને જોઈને ભાવક અવાક્ બની ઊઠે.

ચાલો, આપણે એ ભાવોની યાત્રા કરીએ.

• • •

ગૌતમસ્વામીજીને થતું કે અનંતજ્ઞાની પ્રભુના સાન્નિધ્યમાં જ્યારે હું છું ત્યારે મારે મારા જ્ઞાનનો ઉપયોગ શા માટે કરવો જોઈએ ? પ્રભુને જ પૂછી લઉં. માટે તેઓ પોતે જવાબ ન આપતાં, પ્રભુને પૂછતા.

સાધક તરીકેની સજ્જતા આપણી પાસે શી હોવી જોઈએ તેનું નિદર્શન જાણે કે ભગવાન ગૌતમ કરી રહ્યા છે.

નવપદપૂજામાં પૂજ્ય પદ્મવિજયજી મહારાજ કહે છે :

*જિનગુણ અનંત અનંત છે, વાચ ક્રમ મિત દિહ;*
*બુદ્ધિરહિત શક્તિવિકલ, કિમ કહું એકણ જીહ...*

પ્રભુના ગુણો અનંતાનંત. એ ગુણસમૂહને વર્ણવવા માટે શબ્દો જે છે આપણી પાસે, તેમને ક્રમ છે. એક સાથે સેંકડો શબ્દો બોલાઈ કે લખાઈ શકાતા નથી... એ ગુણોને વર્ણવવા માટે સમય મર્યાદિત છે. એમાં પણ બુદ્ધિ વગરનો અને શક્તિ વગરનો હું, એક જીભે કઈ રીતે વર્ણન કરું ?

'બુદ્ધિરહિત' અને 'શક્તિવિકલ' આ બે વિશેષણો સાધકનાં છે. સાધનામાર્ગે આગળ વધવા માટે, કહો કે, એ માર્ગ પર ડગ મૂકવા માટે સાધક પાસે બે સજ્જતાઓ જોઈએ : પોતાની બુદ્ધિ પરની આસ્થા એને ન હોય અને પોતાની શક્તિ પર એને આસ્થા ન હોય.

સાધનામાર્ગે કદમ ભરતા સાધકને માટે સાધનામાર્ગ બિલકુલ અનભ્યસ્ત છે. એવા સાધકની બુદ્ધિ કદાચ સંસારમાર્ગની અભ્યસ્તા છે. સાધનામાર્ગનો અનુભવ એને છે જ નહિ; તો એ બુદ્ધિ દ્વારા સાધનામાર્ગે કઈ રીતે જઈ શકાય ?

ઝેન આશ્રમોમાં તકતી મારેલી હોય છે : 'No mind, please'. તમારી બુદ્ધિને લઈને અહીં ન આવતા.

બુદ્ધિ ભીંજાઈ પણ શકે નહિ. ડૂબવાની વાત તો ક્યાં રહી ? ધારો કે ત્રણ પ્રવચનકાર મહાત્માઓ પ્રવચન આપી રહ્યા છે. શ્રોતા માત્ર બુદ્ધિપૂર્વક એને સાંભળી રહ્યો છે. તો શું થશે ? શ્રોતાની બુદ્ધિ પ્રવચનકારોની તુલના કરશે : આ મહાત્મા સારું બોલ્યા... આ ઠીક, ઠીક...

શો મતલબ આનો ?

બુદ્ધિ અને અહંકારની જુગલબંધીને બદલે શ્રદ્ધા અને મેધાની જુગલબંધી આપણને જોઈશે.

• • •

સિકંદરના ગુરુ ડાયોજિનીસ દરિયાકિનારે બેઠેલા. હાથમાં ચમચી. દરિયાનું પાણી ચમચીમાં ભરી રેતમાં ઊંડેલે. સિકંદર ત્યાં આવી ગયો. તેણે જોયું. પૂછ્યું : આથી શું થાય ? ચમચીમાં દરિયો થોડો સમાય ? ચમચી વડે દરિયો ખાલી થાય ?

ગુરુ હસ્યા. એમણે કહ્યું : તું તારી બુદ્ધિની ચમચીમાં પરમચેતનાને ભરવાનો ઇરાદો રાખે છે ને ? જો તારી બુદ્ધિની ચમચીમાં પરમાત્મારૂપી સમુદ્ર સમાય તો મારી ચમચીમાં આ દરિયો કેમ ન સમાય ?

• • •

સાધક પાસે બે સજ્જતાઓ જોઈએ : પોતાની બુદ્ધિ પરની અનાસ્થા અને પોતાની શક્તિ પરની અનાસ્થા.

સાધક બધો જ ભાર પ્રભુ પર મૂકે છે. મહામુનિ નંદિષેણજીએ પરમપાવન શત્રુંજય ગિરિરાજ પર અજિતનાથ અને શાન્તિનાથ પ્રભુની દેરીઓને આમને-સામને જોઈ. એ બન્ને દેરીઓને આજુબાજુમાં લાવવાનો વિચાર થયો. પણ પોતાની શક્તિ ક્યાં છે આ માટે ? એમણે પ્રભુને પ્રાર્થના કરી : પ્રભુ ! તારી શક્તિનો કોઈ ઓર-છોર નથી. તારી આ દિવ્ય શક્તિ આમનેસામને રહેલ જિનમંદિરોને, આજુબાજુમાં લાવી દે.

પ્રાર્થના કરી તેમણે 'અજિત શાન્તિ' સ્તોત્રની રચના શરૂ કરી. સ્તોત્ર પૂરું થતાંમાં તો બેઉ દેરીઓ પાસે પાસે આવી ગઈ.

ભક્તની આ સમર્પિત દશાની વાત કરતાં સંત હરિદાસે કહ્યું : 'તિનકા બુયારી કે વશ.' તણખલું વાળનારીને અધીન હોય છે. એમ પ્રભુ ! હું પણ તારે અધીન છું. ભક્ત ગૌરાંગ એક ડગલું આગળ વધ્યા છે. તણખલું તો ક્યારેક હવાને પણ વશ થઈ જાય છે. પ્રભુ ! હું માત્ર તારે વશ જ રહેવા ઇચ્છું છું. 'तृणादपि सुनीचेन...' હું તણખલાથી પણ નીચે છું, ભગવાન !

• • •

ભગવાન ગૌતમની પાસે આ પૃષ્ઠભૂ હતી. અનંતજ્ઞાની પ્રભુના સાન્નિધ્યમાં હું છું, તો શા માટે મારી બુદ્ધિનો ઉપયોગ કરું. પ્રભુને જ પૂછી લઉં...

• • •

બીજી વાત પણ મઝાની હતી... પ્રશ્નના નિમિત્તે પ્રભુ પાસે જઇ શકાય ને ! વિના કારણે પ્રભુના અવગ્રહમાં ન જઈ શકાય. પરંતુ પ્રશ્ન તો મઝાનું નિમિત્ત હતું ને !

વાહ ! તો, તો પ્રશ્ન બની ગયો ઉપકારી. પરમાત્માના ઉપનિષદમાં જેના વડે રહી શકાય એ ઘટના તો મધુરતમ જ કહેવાય ને !

પ્રશ્નકર્તાએ પ્રશ્ન કર્યો હશે ત્યારે જ ગૌતમસ્વામીજી ખુશ થયા હશે. વાહ ! પ્રશ્નના બહાને પ્રભુની નિકટ જવાશે...

પ્રભુના ભાવ-ઉપનિષદમાં ગૌતમસ્વામીજી સતત છે જ. પ્રભુએ ક્યાંક કાર્યપ્રસંગે મોકલ્યા હોય તેમને, ત્યારે પ્રભુથી દૂર હોવા છતાં તેઓ પ્રભુના ભાવોપનિષદમાં જ હતા.

પરંતુ પ્રભુનું તો બધું જ મધુરું, મધુરું લાગે ને ! 'મધુરાધિપતેરખિલં મધુરમ્'... પ્રભુનું ભાવ-ઉપનિષદ તો મઝાનું છે જ. દ્રવ્ય-ઉપનિષદ પણ મીઠું, મીઠું જ હોય ને !

ગૌતમસ્વામીજીનું આ સમીકરણ હતું : પ્રશ્ન બરોબર પ્રભુનું ઉપનિષદ.

• • •

અને એક ત્રીજી વાત.

ગૌતમસ્વામીજીને ઘણીવાર લાગતું કે પ્રશ્નો સામાન્ય છે. પરંતુ તેઓ વિચારતા કે ઉત્તરદાતા અસામાન્ય જ્ઞાની છે. જેથી મારા સાદા પ્રશ્નને પણ તેઓ અતિરંજિત કરીને ઉત્તરિત કરશે. અને કદાચ ટૂંકો જવાબ હોય તો પણ 'ગૌતમ ! એમ જ છે' આવું પ્રભુ કહે તોય પ્રભુના શ્રીમુખેથી પોતાનું નામ સાંભળવા મળે એ કેટલી મોટી ઘટના કહેવાય...

પ્રભુ જ્યારે 'ગોયમા !' કહેતા હશે ત્યારે એ સાંભળતા ગૌતમસ્વામીની હાલત કેવી થતી હશે ! ચૈતન્યદેવ શિક્ષાષ્ટકમાં કહે છે તેમ જ થતું હશે ને ! 'नयनं गलदश्रूधारया, वदनं गद्गदरुद्धया गिरा । पुलकैर्निचितं वपुः...'

આંખોમાંથી વહેતી હશે આંસુધાર,

કંઠેથી પ્રગટતાં હશે ડૂસકાં,

શરીરે હોય રોમાંચ...

• • •

એક વ્યક્તિના નાનકડા પ્રશ્ને કેટલો મધુર ઝંકાર ભગવાન ગૌતમના હૃદયમાં રણઝણ્યો હશે.

ઘટના સામાન્ય હતી, પણ એ પ્રભુ જોડે સંબદ્ધ હતી ને !

પ્રભુ ગૌતમ ! તમારા આ ગુરુસમર્પણના નિરવધિ સમંદરમાંથી ચાંગળું પાણી અમોને આપોને !

■ ■ ■

# ૪

# સદ્ગુરુઃ શરણં મમ



सरणं भव्वजिआणं, संसाराडविमहाकडिल्लम्मि ।
मुत्तूण गुरुं अन्नो, णत्थि ण होही णवि य हुत्था ॥३॥
- ગુરુતત્ત્વ વિનિશ્ચય

*સંસાર રૂપી મહા અટવીમાં સદ્‌ગુરુને છોડીને ભવ્ય જીવો માટે કોઈ શરણ છે નહિ, હતું નહિ, હશે પણ નહિ.*

## સદ્‌ગુરુઃ
## શરણં
## મમ

સદ્‌ગુરુ કઈ રીતે કામ કરે છે એની મઝાની વાત જાણીએ : પડદો થોડોક ઊંચકીને.

સદ્‌ગુરુ સાધકને જોતાંવેંત એની હાલની સાધનાની ભૂમિકાને જાણી જાય. એને ક્યાં સુધી આગળ પહોંચાડી શકાય તેમ છે, તે પણ તેઓ જાણી લે. અને સાધકમાં તેવી સંભાવનાઓ ન હોય તો તેમને પેદા પણ ગુરુ કરી શકે.

એક વખત એક સંગોષ્ઠિમાં હું આ વિષય પર બોલી રહ્યો હતો ત્યારે એક ભાવકે પૂછ્યું : જો બધું જ સદ્‌ગુરુ કરી આપે તો અમારે શું કરવાનું ?

મેં હસતાં હસતાં કહેલું : તમારે વચ્ચે રોડાં નહિ ફેંકવાનાં !

એ જ તો કામ ભૂતકાળમાં આપણાથી થયું છે ને ! સદ્‌ગુરુની કરુણા વરસતી રહી અને આપણે બુદ્ધિ અને અહંકારસભર રેઈનકોટ - બરસાતી ઠઠાવીને બેસી રહ્યા.

• • •

સદ્‌ગુરુનાં ત્રણ કાર્યો : સાધકની સાધનાની વર્તમાનકાલીન ભૂમિકાની પરખ, એની સાધનાને કેટલી ઊંચકી શકાય એનો ખ્યાલ અને સાધના ઉચકાવાની સજ્જતા ઓછી હોય સાધકની, તો એને તીક્ષ્ણ બનાવવાની કુશળતા.

• • •

માઈકલ એન્જેલોનું વિખ્યાત શિલ્પ છે પિએટ્રા. વધસ્તંભેથી ઉતારાયેલ ઈસુના મૃતદેહને લઈને મા મેરી બેઠેલાં છે એ શિલ્પમાં. ભાવવિન્યાસની દૃષ્ટિએ જગતના અત્યુત્તમ શિલ્પોમાં એની ગણતરી થાય છે.

પૂછવામાં આવેલું માઈકલને : આવું સશક્ત શિલ્પ કઈ રીતે કોર્યું ? એ વિખ્યાત શિલ્પીનો વિનમ્ર ઉત્તર આવો હતો : શિલ્પ તો પથ્થરમાં હતું જ. મેં તો માત્ર બિનજરૂરી ભાગ કાઢી નાખ્યો.

બનેલું એવું કે એક આરસના વેપારીના ગોદામ પાસેથી માઈકલને ઘણીવાર પસાર થવાનું રહેતું. ગોદામની બહાર આરસનો મોટો ટુકડો. માઈકલના મનમાં આ શિલ્પ તૈયાર હતું. એને યોગ્ય આરસનો ટુકડો જોઈતો હતો. આ આરસના ટુકડાને જોતાં જ શિલ્પીને થયું કે આ પ્રસ્તરખંડમાં આ શિલ્પ કોરી શકાય. કહો કે આ શિલ્પ એમાં પડેલું જ છે.

શિલ્પીએ વેપારી પાસેથી તે પથ્થર લીધો. તેના પર કામ શરૂ થયું... ને શિલ્પ તૈયાર !

શિલ્પીની દૃષ્ટિ પથ્થરના ટુકડામાં નજાકતભર્યું શિલ્પ જોઈ શકે છે એ જ રીતે સદ્‌ગુરુની આંખો સાધકમાં રહેલી સજ્જતાને પારખે છે.

• • •

આઠ વરસનો એક દીકરો.

સદ્‌ગુરુ પાસે આવ્યો. વન્દના કરી. કહ્યું તેણે : ગુરુદેવ ! મને દીક્ષા આપો ! સદ્‌ગુરુએ તેના ચહેરા પર જોયું. જન્માન્તરીય વૈરાગ્યની ધારામાં વહી આવેલું વ્યક્તિત્વ. સદ્‌ગુરુ ફેઈસ રીડીંગના - ચહેરાને જોવાની કળાના - માસ્ટર હતા. બાળકના ચહેરા પર તેમણે જન્માન્તરીય વૈરાગ્યનું વહી આવેલું ઝરણું જોયું.

પરંતુ, આજુબાજુ ઘણા લોકો બેઠેલા હતા. સદ્‌ગુરુએ એ બધાને જ્ઞાન આપવા માટે બાળકને પૂછ્યું : બેટા ! એવું કયું નિમિત્ત મળ્યું, જેણે તને વૈરાગ્ય માટે પ્રોત્સાહિત કર્યો ?

બાળકે કહ્યું : ગુરુદેવ ! ગઈકાલની ઘટના છે. મા રસોઈ કરી રહી હતી. ચૂલામાં મારી નજર પડી. મેં જોયું કે નાનાં લાકડાં ફટાફટ બળી ગયાં. મોટાં લાકડાં ધીરે ધીરે બળતાં હતાં. આ જોઈ હું ધ્રૂજી ગયો. મને થયું કે મહાકાલની ભઠ્ઠીમાં હું પણ નાનકડું લાકડું જ છું. હું ક્યારે ખતમ થઈ જઈશ... ખ્યાલ નહિ આવે. ગુરુદેવ ! મને આ ભઠ્ઠીમાંથી ઉગારો !

સદ્‌ગુરુએ તેને દીક્ષા આપી.

• • •

ગુરુએ તેની વર્તમાનકાલીન વૈરાગ્યની ભૂમિકાને જોઈ. તેની સંભાવનાઓને પણ જોઈ. અને એ સંભાવનાઓને સાકાર બનાવવા માટે અનાયાસના સ્તરનો આયાસ કર્યો.

હા, ગુરુનો દેખાતો આયાસ અનાયાસના સ્તરનો જ હશે. કૃતિત્વ ખરી પડ્યું છે ને !

એક સંગોષ્ઠિમાં મને પૂછવામાં આવેલું કે એક સદ્‌ગુરુ વર્ષોથી બોલતા રહે, તેમને સાંભળનારાઓમાં બદલાવ ન પણ લાગે; ગુરુને થાક લાગે કે નહિ ?

મેં કહેલું : ગુરુ નહિ થાકે. જ્યાં કૃતિત્વ છે ત્યાં જ થાક છે. જ્યાં કૃતિત્વનો બોજ નથી, ત્યાં થાક કેવો ? પ્રભુની આજ્ઞાનુસાર કાર્ય થયા કરે છે.

• • •

દેખીતી રીતે સંભાવનાઓ ન લાગે; સુષુપ્ત શક્તિ તો આત્મામાં પડેલી છે જ; આવા સમયે સદ્‌ગુરુ શક્તિપાત કરે. સુષુપ્ત શક્તિને પ્રગટ કરે.

પરંપરામાં એક મઝાની ઘટના આવે છે. એક આચાર્ય ભગવંત એક નગરમાં પધાર્યા. લોકો બહુ જ ભાવક. ગુરુદેવને વિનંતી કરી : 'ગુરુદેવ ! થોડીક સ્થિરતાનો લાભ અમને આપો !'

ગુરુદેવે કહ્યું : 'જેવી ક્ષેત્ર-સ્પર્શના.' આચાર્ય ભગવંતે પોતાના એક શિષ્યને આચાર્ય પદવી આપવાનું નક્કી કર્યું. પદપ્રદાનનો દિવસ આવી ગયો. કોઈને ખ્યાલ નથી કે ગુરુદેવ કોને આચાર્યપદ આપશે. વિદ્વાન બે-ત્રણ મુનિવરોમાંથી એકાદ પર પસંદગી ઊતરશે એમ બધા ધારતા હતા.

પદપ્રદાનનો સમય નજીક આવ્યો ત્યારે એક બહુ ઓછું ભણેલા, સેવાભાવી શિષ્યને ગુરુદેવે કહ્યું : 'નવાં કપડાં પહેરી લો.' બધાની નવાઈ વચ્ચે એ શિષ્યને ગુરુએ આચાર્યપદ આપ્યું.

આચાર્યપદ અર્પિત થયા પછી ગુરુદેવે નૂતન આચાર્યને કહ્યું : 'દેશના આપો !' ગુજરાતી આદિ માતૃભાષામાં પણ જે ખચકાયા વિના બોલી ન શકે એ સૂરિવરે સંસ્કૃત ભાષામાં શ્લોકબદ્ધ પ્રવચન આપ્યું.

સદ્‌ગુરુદેવના શક્તિપાતે તેમની સંભાવનાઓને જાગૃત કરી.

• • •

તમારી વર્તમાનકાલીન સાધનાને સદ્‌ગુરુદેવ પિછાણે. તેને મઝાનો આકાર આપે. તમારી સંભાવનાઓ - સાધનાના વિકાસ માટેની - પ્રકટ ન હોય તો, તેમને પ્રકટ કરી આપે ગુરુદેવ.

સદ્‌ગુરુદેવ આટલું બધું કરશે.

આપણે શું કરશું ? આપણે કહીશું : 'સદ્‌ગુરુઃ શરણં મમ...'

■ ■ ■


તવ ચરણં શરણં મમ

# ૫

# ‘ગુરુ નિરન્તર ખેલા…’



**ગીતારથને મારગ પૂછી, છાંડે જે ઉન્માદો રે,**
**પાળે કિરિયા તે તુજ ભક્તિ, પામે જગ જસવાદો રે...**
**- ૩૫૦ ગાથાનું સ્તવન**

*ગીતાર્થને માર્ગ પૂછીને જે ઉન્માદને છોડવાપૂર્વક ક્રિયા કરે છે, તે પ્રભુની ભક્તિના માર્ગ પર છે અને તેનો યશ જગતમાં વધે છે.*

# 'ગુરુ
# નિરન્તર
# ખેલા...'

મહાભારતનું યુદ્ધ પૂરુ થયું.

શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું : 'રથથી નીચે ઊતર !' અર્જુને વિવેક કર્યો : 'આપ પહેલાં ઊતરો...' શ્રીકૃષ્ણે લાલ આંખો કરી કહ્યું : 'ઊતર !'

શ્રીકૃષ્ણની આજ્ઞા. અર્જુન નીચે ઊતર્યા. પછી શ્રીકૃષ્ણ નીચે ઊતર્યા.

અને આ શું ?

શ્રીકૃષ્ણનાં ચરણ ધરતીને સ્પર્શતાં જ રથ સળગી ગયો.

મઝાનું સૂચન આ ઘટના તરફથી મળે છે. કાર્ય પૂરું થયું, કૃતિત્વ નષ્ટ થાય...

• • •

શ્રીકૃષ્ણ ગુરુચેતનાનું પ્રતિક છે. અર્જુન છે શિષ્યચેતના.

કૃષ્ ધાતુ ખેંચવાના અર્થમાં છે. જે ભક્ત-હૃદયને પોતાના ભણી ખેંચે તે કૃષ્ણ. અથવા જે આપણા ગંદા મનને કાઢી લે તે કૃષ્ણ.

આમ પણ, ગુરુચેતનાનું કાર્ય આપણા મનને લઈ જ લેવાનું છે ને !

મનગમતાનો સ્વીકાર અને અણગમતાનો અસ્વીકાર; મનની આ પેટર્ન સમાજે આપેલી છે. મનની આ જરીપુરાણી સિસ્ટમને ગુરુ લઈ લેશે અને તેની જગ્યાએ સર્વસ્વીકારવાળી મનની પદ્ધતિ આપશે.

અર્જુન શબ્દ ઋજુ શબ્દ પરથી ઊતરી આવ્યો છે. જે ઋજુ છે, સરળ છે તે શિષ્ય. જેનું હૃદય સ્ફટિક જેવું સ્વચ્છ થઈ ગયું તે શિષ્ય.

• • •

શ્રીકૃષ્ણ રથથી નીચે ઊતર્યા. રથ સળગી ગયો. આ એક મઝાનું પ્રતિક છે.

સદ્‌ગુરુનાં કાર્યોની પછવાડે કૃતિત્વની ભાવના નથી હોતી. આ લયમાં કહેવાનું મન થાય છે કે પરમચેતના પરમ સક્રિય છે, ગુરુચેતના પરમ નિષ્ક્રિય છે; અને વચલી ચેતનાઓ સક્રિય હોય કે નિષ્ક્રિય; કશું મહત્ત્વ એનું નથી.

ગુરુચેતના પરમ નિષ્ક્રિય એ સન્દર્ભમાં કે ગુરુચેતનાને પોતાના તરફથી કશું કરવું નથી. પ્રભુની આજ્ઞા પ્રમાણે એણે કરવું છે.

પૂજ્ય આનંદઘનજી મહારાજે ઔપનિષદિક મન્ત્રની, આપણી ભાષામાં કરેલી આવૃત્તિ યાદ આવે :

*તરુવર એક પંખી દોઉ બૈઠે, એક ગુરુ એક ચેલા;*

*ચેલેને જુગ ચુન ચુન ખાયા, ગુરુ નિરન્તર ખેલા...*

શિષ્યની પ્રારંભિક સાધના કર્તૃત્વમાં અથડાતી હોય છે; પણ ગુરુ તો નિરન્તર ખેલમાં છે. ઘટનાઓ જોઈ લેવાની હોય છે; એમાં ભળવાનું હોતું નથી.

સાક્ષીભાવનું ઝરણું જે પાંચમી દૃષ્ટિમાં પ્રગટેલું હતું, તે અહીં વિસ્તૃતિને પામ્યું છે. પાંચમી દૃષ્ટિના સાક્ષીભાવને સમજાવતાં પૂજ્ય મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ 'આઠ દૃષ્ટિની સજ્ઝાય'માં કહે છે :

*બાલ્ય ધૂલિઘર લીલા સરખી, ભવ-ચેષ્ટા ઈહાં ભાસે રે...*

નાનાં બાળકો ભીની રેતમાં ઘર બનાવે. મમ્મી હાંક મારે : 'ચાલ, બેટા ! જમવા...' એ ઘરને પાટું મારી, તોડી રવાના !

ખેલ...

'ગુરુ નિરન્તર ખેલા...' કર્તૃત્વની ભૂમિકા નથી... દ્રષ્ટાભાવ જ છે માત્ર. માટે ખેલ.

• • •

'ગુરુ નિરન્તર ખેલા' પંક્તિનું સટીક શબ્દચિત્ર પં. પદ્મવિજય મહારાજે નવપદ પૂજામાં આપ્યું છે :

*'સારણાદિક ગચ્છમાંહિ કરતાં, પણ રમતા નિજ ઘર હો...'*

ગુરુ શિષ્યની સારણા(સ્મારણા), વારણા, ચોયણા, પડિચોયણા કરતી વખતે પણ પોતાના ઘરમાં રમવાનું તો ચાલુ જ રાખશે.

સ્મારણામાં ગુરુનું પ્રીતિપૂર્ણ રૂપ દૃષ્ટિગોચર થાય છે. પૂછે છે ગુરુ શિષ્યને : 'બેટા ! તારો સ્વાધ્યાય થઈ ગયો ? પાત્ર-પ્રતિલેખન આદિ થઈ ગયું ?'

વારણામાં ગુરુના ચહેરા પરના ભાવો સહેજ બદલાય છે : 'ના, આવું નથી જ કરવાનું.'

ચોયણામાં ગુરુદેવના ચહેરા પર પુણ્યપ્રકોપની આછી સી લહર ઊપસે છે : 'કેમ આ કર્યું ? ના નહોતી પાડી ? કેમ તું સમજતો નથી ?'

પડિચોયણામાં ચહેરા પરની રેખાઓમાં પુણ્યપ્રકોપની વધારે માત્રા છલકે છે. શિષ્યના સ્તર પર એનો અનુવાદ કરીએ તો શિષ્યને પોતાના ગાલ પર ગુરુદેવની મીઠી પ્રસાદી મળે છે. ગુરુદેવનો પુનિત સ્પર્શ !

તો, સ્મારણા કે પડિચોયણા ગુરુદેવ કરતાં હોય છે ત્યારે તેમની યાત્રા દ્વિઆયામી ચાલે છે. એક આયામ તો બહાર દેખાય છે : ફરજ-પાલનનો. શિષ્યને સ્વીકારેલ છે ત્યારે એના યોગ-ક્ષેમ માટે કંઈક સઘનરૂપે કરવું જ રહ્યું. બીજો આયામ ભીતર છે. શિષ્યે ગુરુની વાત સ્વીકારી તો રતિભાવ નથી. કદાચ શિષ્ય પોતાની વાત નહિ સ્વીકારે તોય ગુરુના મનમાં કોઈ પીડા નથી. આ આવી નિયતિ છે એમ કહીને તેઓ એ વાતને સ્વીકારી લેશે.

કેવી મઝા !

• • •

પૂરા સાધનામાર્ગ પર આ વાત પડઘાતી ચાલી આવી છે : સાધનામાર્ગ પર ચાલો, દોડો, ખૂબ દોડો; પણ ચલાવનાર, દોડાવનાર 'એ' છે, એને ક્યારેય ભૂલો નહિ... મહોપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ કહે છે : 'તું ગતિ...' પ્રભુ ! સાધનામાર્ગમાં તું જ અમારી ગતિ છે. તારી કૃપા વિના એક ડગલું પણ સાધનામાર્ગ પર ભરી ન શકાય.

યાદ આવે કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિ મહારાજ : 'भवत्प्रसादेनैवाहमियतीं प्रापितो भुवम्'. પ્રભુ ! તારી કૃપાથી જ સાધનાના આ પડાવ સુધી હું આવ્યો છું.

આવા સદ્ગુરુઓ પાસે સાધનાનું કર્તૃત્વ ક્યાંથી રહે ? 'ગુરુ નિરન્તર ખેલા.'

• • •

સાધનાનું કર્તૃત્વ પોતાના હાથમાં લીધું કે સાધનાની ગાડી ઠપ. કહે છે મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ : 'તપ જપ મોહ મહાતોફાને, નાવ ન ચાલે માને રે...' પ્રભુ ! સંસારમાં રહેવાયું ત્યારે તો કર્તૃત્વનું ભૂત સદાય મસ્તક પર સવાર હતું જ. સાધનાને માર્ગે આવ્યા પછી, તપ અને જપ મેં કર્યો એવું કર્તૃત્વ મન પર સવાર થયું. પ્રભુ ! હવે સાધનાની નાવ શી રીતે આગળ ચાલે ?

હા, કર્તૃત્વને તારાં ચરણોમાં મૂકી દઈએ તો તરત જ પેલે પાર !

સદ્‌ગુરુઓ પાસે આ મન્ત્ર હતો : કાર્યો મારાં હોય તો પણ કર્તૃત્વ તો પ્રભુ ! તારું જ છે... 'ગુરુ નિરન્તર ખેલા...'

■ ■ ■

૬

# મોક્ષ તમારી હથેળીમાં !



**गुरुपारतन्त्र्यमेव च तद्बहुमानात्सदाशयानुगतम् ।**
**परमगुरुप्राप्तेरिह बीजं तस्माच्च मोक्ष इति ॥**
**- ષોડશક પ્રકરણ**

*ગુરુ બહુમાનપૂર્વકનું, પવિત્ર વિચારયુક્ત ગુરુપારતન્ત્ર્ય જ પરમાત્માની પ્રાપ્તિનું બીજ છે અને તેથી મોક્ષ મળે છે.*

# મોક્ષ
# તમારી
# હથેળીમાં !

સો વર્ષ પહેલાંની આ ઘટના.

પૂજ્ય મૂળચંદજી મહારાજ (પૂજ્ય મુક્તિવિજયજી મહારાજ) છાણીમાં ચાતુર્માસ. તેમના શિષ્ય મુનિશ્રી દર્શનવિજયજીનું ચાતુર્માસ વડોદરામાં.

એકવાર છાણીમાં પ્રવચન પૂરું થયું. એક ભક્તે પૂછ્યું : 'સાહેબજી, વડોદરા જાઉં છું. કંઇ કાર્યસેવા ?' પૂજ્યશ્રીએ કહ્યું : 'ત્યાં મારા શિષ્યને કહેજો કે ગુરુદેવ તમને યાદ કરે છે.'

અગિયાર-સાડા અગિયાર વાગ્યે વડોદરા પહોંચેલા એ ભાઈ ઉપાશ્રયે ગયા. મહારાજ સાહેબને સમાચાર આપ્યા.

ગુરુદેવની આજ્ઞા. મુનિરાજ પોતાના શિષ્યને લઈને છાણી ગયા. સાડાબાર - એક વાગ્યે પહોંચ્યા. દર્શન કર્યા. ગુરુદેવને વન્દના કરી. પચ્ચક્ખાણ માગ્યું. ગુરુદેવે એકાસણાનું પચ્ચક્ખાણ આપ્યું. પચ્ચક્ખાણ પારી પાણી વાપર્યું. ગોચરી વપરાઈ. પ્રતિલેખન. ગુરુદેવની વાચના. ચાર વાગ્યે ગુરુદેવે કહ્યું : 'હવે તું જા !'

મુનિરાજ વડોદરા તરફ ચાલ્યા. ખરા બપોરે ગુરુદેવે બોલાવ્યા. સાડા અગિયારે પચ્ચક્ખાણ પારેલું નહિ; પારવાની તૈયારી હતી. અને ગુરુદેવનો સંદેશો આવ્યો. તરત જ નીકળી જવાયું. ગુરુદેવનાં શ્રીચરણોમાં પહોંચી પણ જવાયું. અને હવે ગુરુદેવ કોઈ જ કામની વાત ન કરતાં કહે છે : 'તું જા !' અને છતાં શિષ્યના મનમાં કોઈ વિચારો ઊઠતા નથી કે, ગુરુદેવે કેમ બોલાવ્યો હશે મને. બોલાવ્યા પછી, જે કાર્યના સન્દર્ભમાં મને બોલાવ્યો, તેની વાત કેમ ન કરી ? કોઈ જ વિચાર નહિ.

• • •

અહીં શિષ્યકૃત્ય શું હોવું જોઈએ તેનો મઝાનો ઈશારો મહોપાધ્યાય શ્રી યશોવિજય મહારાજે ભક્તકૃત્યના સન્દર્ભે પરમતારક શ્રી શાન્તિનાથ પ્રભુની સ્તવનામાં આપેલ છે.

સ્તવનાની કડી આ રીતે ખૂલે છે : 'દેખી રે અદ્‌ભુત તાહરું રૂપ, અચરિજ ભવિક અરૂપી પદ વરે જી; તાહરી ગત તું જાણે હો દેવ ! સમરણ ભજન તે વાચક જશ કરે જી...' પ્રભુ ! તારું અદ્‌ભુત રૂપ જોઈને ભાવકો અરૂપી પદને વરે છે એ આશ્ચર્ય છે. પણ પ્રભુ ! તારી વાત તું જાણે, હું તો માત્ર સ્મરણ અને ભજન કર્યા કરીશ.

શિષ્યકૃત્ય પણ આવું જ હોય; ભક્તકૃત્ય જેવું... ગુરુદેવ ! તમારી આજ્ઞા અને મારા તરફથી એનો સ્વીકાર. મારે બીજું કંઈ જ વિચારવાનું નથી રહેતું.

• • •

આઠ-દશ દિવસ પછી ગુરુદેવે ફરી એવા જ સમયે વડોદરાસ્થિત શિષ્યને સમાચાર મોકલાવ્યા. મુનિરાજ ગુરુદેવની સેવામાં હાજર થયા. એ જ રીતે વંદન, ગોચરી, પ્રતિલેખન, વાચના બાદ ગુરુએ કહ્યું : 'હવે તું જા !' શા માટે પોતે બોલાવેલ, તેની કોઈ વાત નહિ !

મુનિરાજ ગયા.

ફરી ત્રીજીવાર એ જ રીતે ગુરુ શિષ્યને બોલાવે છે. ચાર વાગ્યા સુધીનો ક્રમ એ જ. શિષ્યને છે કે ગુરુ હવે પોતાને કાર્ય બતાવશે. પણ ગુરુએ તો કહ્યું : 'હવે તું જા !'

એ વખતે મુનિવરે કહ્યું : 'સાહેબજી, આપ બોલાવો છો... કંઈક કારણ તો હશે જ. હું યોગ્ય હોઉં તો મારે યોગ્ય કાર્ય-સેવા આપ બતાવો ને !'

ગુરુએ કહ્યું : 'આજે તું નાપાસ થયો ! મેં વિચારેલું કે ત્રણવાર તને આ રીતે બોલાવવો. અને એક પણ વાર કામ ચીંધવું નહિ. હું બોલાવું, તું આવે - હું વિદાય આપું, તું જાય. તારા મનમાં કોઈ વિકલ્પો ન ઊઠે તો તને પંન્યાસ પદવી આપવી.

મુનિરાજે વડોદરા ભણી પ્રયાણ કર્યું. મનમાં ગ્લાનિ એ વાતે થઈ કે ગુરુદેવની પરીક્ષામાં પોતે નાપાસ થયા. અને જ્યારે, સદ્‌ગુરુની આજ્ઞા નિર્વિકલ્પ રીતે સ્વીકારવાની છે; ત્યારે પોતાને વિકલ્પ કેમ થયો ?

• • •

સદ્‌ગુરુની આજ્ઞાને શિષ્ય સ્વીકારે અહોભાવની ચાદર પર. તીવ્ર અહોભાવના સ્તર પર ઝિલાયેલું ગુરુવચન બની રહે છે શબ્દ શક્તિપાત.

શિષ્યની બાજુ કોઈ વિકલ્પ હોતો જ નથી.

એક ઘટના યાદ આવે : શિષ્ય ગુરુ પાસે આવ્યો. ગુરુએ કહ્યું : 'પેલી જગ્યાએ સાધના માટે એક કુટિર બનાવવાની છે.'

શિષ્ય માટે ગુરુની આજ્ઞા એટલે ઓચ્છવ ! વાહ ! સદ્ગુરુ મારા પર પ્રસન્ન થયા. ભર-બપોરે, તડકામાં, એ પથ્થરો લાવી ગોઠવતો ગયો. આજ્ઞાપાલનનો આનંદ ભીતર એટલા ઘુઘવાટા મારતો હતો કે તડકાનો અનુભવ જ એને નહોતો !

ઠંડી, ગરમી કે શરીરમાં થતી પીડા તમને દુઃખદ ક્યારે લાગે ? જ્યારે તમારો ઉપયોગ એમાં ગયો હોય ત્યારે. પણ ઉપયોગ ત્યાં કેન્દ્રિત ન થાય તો ...?

ચાર ડીગ્રી તાવ શરીરમાં હોય. અને એક કરોડની લૉટરી લાગ્યાના સમાચાર મળે... અને એ સમાચારમાં પેલા ભાઈનો ઉપયોગ જાય તો તાવની પીડા છૂ નથી થતી; પણ તાવની પીડાની અનુભૂતિ તો નથી જ થતી.

પેલા શિષ્યના હૃદયમાં ગુરુઆજ્ઞાપાલનનો આનંદ એવો તો તીવ્ર હતો કે એને ગરમીનો અનુભવ નથી થતો. ઉપયોગ ગુરુઆજ્ઞાપાલનમાં ગયો હતો ને !

સાંજે શિષ્ય ગુરુ પાસે આવ્યો અને વન્દન કરી કહ્યું : 'ગુરુદેવ ! આટલી ભીંત ચણાઈ ગઈ છે.' ગુરુદેવે સ્મિત કર્યું. એક બીજો શિષ્ય ગુરુ પાસે બેઠો હતો, એણે કાર્યસેવાનું પૂછ્યું. ગુરુ કહે : 'પેલી ભીંત તોડી નાખ !' એ શિષ્ય ભીંત તોડવા ગયો અને ત્યારે આ શિષ્ય આનંદપૂર્વક બેઠો હતો...

શું હતું આ ?

શિષ્યે જ્યારે સાંજે ગુરુદેવને કહ્યું કે, 'ગુરુદેવ ! આટલી ભીંત ચણાઈ રહી છે...' ત્યારે એણે માત્ર નિવેદન નહોતું કર્યું; એણે પોતાના કાર્યનું સમર્પણ સદ્ગુરુનાં ચરણોમાં કર્યું હતું.

હવે કાર્ય પર પોતાનો અધિકાર જ ક્યાં હતો ? એ કાર્ય અંગે હવે પોતે કોઈ જ નિર્ણય કરવાનો નહોતો. ગુરુદેવને ઠીક લાગે તે કરી શકે.

બીજી સવારે એ શિષ્ય ફરી આવ્યો. પૂછે છે કાર્યસેવા અંગે. ગુરુએ કહ્યું : 'પેલી કુટિર ચણવાની છે.' શિષ્યે એ આજ્ઞાનો સ્વીકાર કર્યો.

ગુરુ કોઈ કારણ નથી આપતા. ગુરુ કહેતા નથી કે, 'સાંજે મને એમ લાગ્યું કે આ કુટિર ચોકની વચ્ચે ડખલરૂપ બનશે, એટલે મેં તોડાવી નાખી ભીંત. પણ પછી લાગ્યું કે જગ્યા તો એ જ બરોબર છે. એથી હવે તું ફરીથી ત્યાં...'

ના, આવું કશું જ ગુરુ કહેતા નથી. ગુરુ એટલું જ કહે છે : 'પેલી કુટિર ચણવાની છે...'

કોઈ કારણ ગુરુ કહેતા નથી. કારણ કહેવાની જરૂરત શિષ્ય માટે હોય નહિ. અને જો ગુરુએ કારણ આપવા માટે નીચે ઊતરવું પડે તો શિષ્યનું શિષ્યત્વ તળિયે પહોંચ્યું કહેવાય.

ભીંતો ચણાઈ. ફરી તૂટી.

અને છતાં, ગુરુઆજ્ઞાના સ્વીકાર માટેનો શિષ્યનો એ જ ઉત્સાહ.

● ● ●

માત્ર ને માત્ર અહોભાવની ચાદર પર જ સદ્ગુરુની આજ્ઞાને ઝીલી શકાય... સ્વાર્થીય લાગણીઓની પૃષ્ઠભૂ પર ગુરુઆજ્ઞાને ઝીલી ન શકાય.

સાધકને પંચસૂત્રકનું સૂત્ર યાદ આવે :

'आयओ गुरुबहुमाणो...' ગુરુબહુમાન તે જ મોક્ષ છે.

ગુરુદેવ પ્રત્યેનું બહુમાન છે શિષ્યના હૃદયમાં. અને એટલે મોક્ષ શિષ્યની/ સાધકની પાસે જ છે !

વાહ ! મોક્ષ તમારા હાથમાં !

■ ■ ■

૭

# નિશ્ચય-વ્યવહાર : સાધનાની ધરી



**जह दीवो अप्पाणं, परं च दीवेइ दित्तिगुणजोगा ।**
**तह रयणत्तयजोगा, गुरु वि मोहंधयारहरो ॥५॥**
**- ગુરુતત્ત્વ વિનિશ્ચય**

*જેવી રીતે દીવો પ્રકાશ શક્તિ વડે પોતાને અને બીજાને ઉજાળે છે. તેમ રત્નત્રયી વડે ગુરુ પણ મોહના અંધારાને હરે છે.*

# નિશ્ચય-વ્યવહાર : સાધનાની ધરી

નિશ્ચય સાધના અને વ્યવહાર સાધનાને દર્શાવતું મઝાનું સૂત્ર છે : 'નિશ્ચય દૃષ્ટિ હૃદયે ધરીજી, પાળે જે વ્યવહાર; પુણ્યવંત તે પામશેજી, ભવસમુદ્રનો પાર...'

હૃદયમાં છે નિશ્ચય દૃષ્ટિ. એક લક્ષ્યાંક. રાગ-દ્વેષનો સંપૂર્ણ લય એ છે આખરી સાધ્ય. રાગ-દ્વેષની શિથિલતા એ છે હમણાંનું લક્ષ્ય.

અને એ લક્ષ્યને અનુસારે માર્ગ પર ચાલવાનું થાય.

બની શકે કે સાધકને એમ પણ લાગે કે પોતે બરોબર જઈ રહ્યો છે. પણ સાધનામાર્ગમાં એનું પોતાની સાધના પરત્વે ઓવર એસ્ટિમેસન - અધિમૂલ્યાંકન હોઈ શકે. સાધનાને એ હોય એ કરતાં એ વધુ સારી માનતો હોય. અને એથી એણે સદ્‌ગુરુ પાસે જઈને પોતાની સાધનાને દર્શાવવી જોઈએ અને પૂછવું જોઈએ કે હું બરોબર છું, ગુરુદેવ ? મારી સાધના સમ્યક્ રીતે જઈ રહી છે ?

એમ કહી શકાય કે 'ઇચ્છકાર' સૂત્ર દ્વારા ગુરુની સંયમયાત્રાની સુખાકારિતાને પૂછતો સાધક પોતાની સાધનાયાત્રા કેમ ચાલે છે તે વિષે પૂછી રહ્યો હોય છે.[૧] 'ગુરુદેવ ! મારી સાધનાયાત્રા કેમ લાગે છે આપને ?'

સદ્‌ગુરુદેવ સાધકની સાધનાને ચકાસે, એને યોગ્ય દિશા આપે અને વેગ પણ.

• • •

૧ સુખ સંયમયાત્રા નિર્વહો છો જી ?

સાધનામાર્ગની ચકાસણી, સાધનાને યોગ્ય દિશામાં અપાતો વળાંક અને સાધનાને મળતો વેગ; આ ત્રણ કાર્યો સદ્‌ગુરુ તરફથી થતાં હોય છે.

• • •

પહેલી વાત : લક્ષ્યાનુસન્ધાન પૂર્વક સાધનામાર્ગ પર ચલાવું જોઈએ.

પાલનપુરથી મુંબઈ જવા માટે કોઈ યાત્રી ટ્રેનમાં સવાર થાય. ટ્રેન રવાના થયા પછી પહેલા કલાકે મુંબઈ નથી આવતું. પણ પાલનપુર હતો ત્યારે યાત્રીનું મુંબઈ સાથેનું જે અંતર હતું, એ તો ઘટે જ છે.

સંપૂર્ણ ક્લેશક્ષય એ આખરી સાધ્ય છે; તો ક્લેશહ્રાસ એ અત્યારનું સાધ્ય છે. સાધકે જોવું જોઈએ કે પોતે સાધનારૂપ સાધન દ્વારા સાધ્ય તરફ આગળ જઈ શક્યો છે કે કેમ.

• • •

સાધ્ય છે મુક્તિ. એની બે વ્યાખ્યાઓ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે આપી.

એક વ્યાખ્યા આવી પરમતારક શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવાનની સ્તવનામાં : 'ક્લેશે વાસિત મન સંસાર, ક્લેશરહિત મન તે ભવપાર...' મનમાં રાગ-દ્વેષ આદિનું હોવું તે સંસાર. રાગ-દ્વેષાદિ ક્લેશો વગરની ચિત્તની અવસ્થા તે મુક્તિ.

બીજી વ્યાખ્યા : 'અધ્યાત્મોપનિષદ્'માં મહોપાધ્યાય શ્રી યશોવિજય મહારાજે આપી છે : द्रष्टुर्दृगात्मता मुक्ति - दृश्यैकात्म्यं भवभ्रमः ।' દ્રષ્ટા માત્ર જોવાની ક્ષણોમાં રહે તો તે મુક્તિ છે. અને દૃશ્યોની સાથે પોતાની ચેતનાને ભેળવે તો એ સંસાર છે.

બન્ને વ્યાખ્યાઓને પાસે પાસે રાખીએ તો આવું તારણ મળે : ક્લેશક્ષય તે મુક્તિ. અને એના સાધનરૂપે દ્રષ્ટાભાવ.

• • •

સાધક સાધનામાર્ગે ચાલે ત્યારે સતત એ જોતો રહે કે પોતાની સાધના સાધ્ય ભણી સરી રહી છે ને ! રાગ, દ્વેષાદિ ક્લેશોની શિથિલતા અનુભવાય તો એ નિશ્ચિત કરી શકે કે પોતાની સાધના બરોબર જઈ રહી છે.

જોકે, અહીં પોતાની સાધનાનું પોતે કરેલ નિરીક્ષણ સમ્યક્ ન પણ હોઈ શકે. અને એથી જ સાધકે સદ્‌ગુરુને પોતાની સાધના દર્શાવી પૂછવું જોઈએ કે તે બરોબર છે કે કેમ.

• • •

રેલવે સ્ટેશન તરફ એક યાત્રી પેદલ ચાલી રહ્યો છે. પોતાના ગામથી સ્ટેશન દૂર છે. સવારની નવની ગાડી તેણે પકડવી છે. વચ્ચે એક ખેતર આવ્યું. ખેતરમાં હળ

હાંકતાં ખેડૂતને તેણે પૂછ્યું : 'હું વીસ મિનિટમાં સ્ટેશને પહોંચી જઈશ ?' ખેડૂતે કહ્યું : 'જરા, ચાલો તો !'

હવે, પોતાના પ્રશ્ન જોડે આ વિધાનને કોઈ મેળ ખાતો નહોતો. પણ પરાણે ઉત્તર થોડો મેળવી શકાય છે ?

ચાલો ભાઈ, ત્યારે. એ ચાલે છે. થોડા ડગ એ ચાલ્યો અને ખેડૂતે કહ્યું : 'તમે પંદર મિનિટમાં પહોંચી જશો સ્ટેશને.' યાત્રીને નવાઈ લાગી. એણે કહ્યું : 'મેં પૂછ્યું ત્યારે તમે ન કહ્યું અને હવે કહ્યું; એમ કેમ ?'

ખેડૂતનો જવાબ યોગ્ય જ હતો. એણે કહ્યું : 'તમે અહીંથી સ્ટેશન સુધીનું અંતર પૂછ્યું હોત તો હું કહી દેત કે એ દોઢ કિલોમીટર છે. પણ તમે પૂછ્યું કે તમે કેટલી મિનિટમાં પહોંચશો. આ માટે મારે તમારી ગતિ જોવી જરૂરી હતી.'

યાત્રીને લાગ્યું કે વાત બરોબર હતી.

આપણે આપણી સાધના સદ્‌ગુરુને બતાવી પૂછી શકીએ : 'ગુરુદેવ ! કેટલા જન્મે હું મંજિલે પહોંચીશ ?'

● ● ●

સાધકની સાધનાની વર્તમાનકાલીન ભૂમિકાને ગુરુ નક્કી કરે. એ સાથે જ, એને આ જન્મના અન્ત સુધીમાં ક્યાં પહોંચાડી શકાય તેમ છે તે પણ તેઓ નક્કી કરી લે છે.

ઓસ્પેન્સ્કી ગુર્જિએફ પાસે આવ્યા ત્યારે ગુર્જિએફને ખ્યાલ આવી ગયો કે તેમને ક્યાં સુધી પહોંચાડી શકાય તેમ છે. ઓસ્પેન્સ્કીએ કહ્યું : 'મને સાધનાદીક્ષા આપશો ?'

ઓસ્પેન્સ્કી બહુ મોટા વિદ્વાન. બહુ સારા પ્રવચનકાર. નામાંકિત લેખક. ગુર્જિએફને લાગ્યું કે આ વિદ્વત્તાનો અહંકાર નીકળે તો આ માણસ અનુભૂતિની દિશામાં ડગ માંડી શકે. તેમણે કહ્યું : 'તું કેટલી વિદ્યાશાખાઓને જાણે છે, અત્યન્ત વિશિષ્ટ કહેવાય એવા ગ્રન્થોનું જ્ઞાન તને કેવું છે એ બધું તું લખી આપ.'

ઓસ્પેન્સ્કી એક ખંડમાં ગયા, લખવા માટે. એક પાનું ભરાઈ ગયું. બીજું પાનું ભરાયું... ત્રીજું પાનું લખાઈ રહ્યું અને અચાનક ઓસ્પેન્સ્કી ચોંક્યા : ગુરુ જેને 'જ્ઞાન' કહે તે આ ખરું ? જવાબ નકારમાં મળ્યો. તેઓએ પાનાં ફાડી નાખ્યાં. ગુરુ પાસે તેઓ ગયા અને કહ્યું : 'ગુરુદેવ ! ખરેખર, જ્ઞાન જેવું મારી પાસે કંઈ જ નથી. હું કોરી સ્લેટ જેવો છું...'

ગુર્જિએફ પ્રસન્ન થયા.

તેમણે જ્ઞાન આપ્યું.

સાધનાને યોગ્ય દિશા અહીં આપવામાં આવી. માહિતી જ્ઞાનને અજ્ઞાનની કોટિમાં મૂકી ગુરુએ 'ગાંઠોને વિદારે તે જ્ઞાન'[૧] આ વાત સાધકના હૃદયમાં પ્રસ્થાપિત કરી.

• • •

સાધનામાર્ગની ચકાસણી, સાધનાને યોગ્ય દિશામાં અપાતો વળાંક અને સાધનાને મળતો વેગ; આ ત્રણ કાર્યો સદ્‌ગુરુ તરફથી થઈ રહ્યા છે.

મંજિલ સાથે સાધનાને સાંકળીને સદ્‌ગુરુ સાધકની સાધનાને ઊંચકશે. સદ્‌ગુરુ વિનય, વેયાવચ્ચ, સ્વાધ્યાય આદિ સાધનાને એ રીતે નિશ્ચિત કરીને સાધકને આપશે કે સાધક સાધનામાર્ગમાં વેગથી ચાલશે.

મંજિલ નજીક દેખાવા લાગે તેમ ઉત્સાહ વધતો જાય. આ ઉત્સાહ તે જ વેગ. force.

બંદૂકની ગોળી હાથમાં લઈ કોઈ માણસ ભીંતને અડે તો બની શકે કે ભીંતનું પ્લાસ્ટર પણ ન ખરે. પરંતુ એ જ ગોળીને બંદૂકમાં ભરીને છોડવામાં આવે તો એ ભીંતની આરપાર નીકળી જાય. ગોળી એ જ હતી. વેગ અહીં ઉમેરાયો.

સાધનામાર્ગમાં સદ્‌ગુરુ આ રીતે વેગ ઉમેરે છે. તમે ચાલો છો. સદ્‌ગુરુ તમારી એ ગતિ જોઈ કહે છે : 'વાહ, સરસ ! એકદમ સરસ !' તમારો ઉત્સાહ વધી જાય છે. સાધનામાર્ગ પરની તમારી પિપીલિકા ગતિ વિહંગમ ગતિમાં ફેરવાય છે.

પિપીલિકા એટલે કીડી. કીડી જેવો ધીમો સાધનાનો વેગ જ્યારે વિહંગમ - પક્ષીના જેવા તીવ્ર વેગમાં ફેરવાય છે ત્યારે સાધક માટે હોય છે ઓચ્છવ જ ઓચ્છવ.

શુભ, શુભનો વેગ અને શુદ્ધ; આ આપણો સાધનાક્રમ છે. શુભમાં છે અહોભાવની મઝાની ધારા. શુભના વેગમાં છે અહોભાવની તીવ્રતા. અને શુદ્ધમાં છે સ્વગુણોની આંશિક અનુભૂતિ : આનન્દની અનુભૂતિ અને ક્ષમાભાવની અનુભૂતિ. દ્રષ્ટાભાવની અનુભૂતિ અને વીતરાગ દશાની આંશિક ઝલક.

• • •

શુદ્ધ તે નિશ્ચય.

શુભ તે વ્યવહાર.

શુદ્ધ એટલે સ્વગુણાનુભૂતિ કે સ્વરૂપાનુભૂતિ. લક્ષ્ય. શુભ એટલે જેના દ્વારા એ મંજિલે પહોંચાય તે માર્ગ.

---

૧. अस्ति चेद् ग्रन्थिभिज्ज्ञानम् । - ज्ञानसार

શુદ્ધ તે કાર્ય. સાધ્ય.

શુભ તે કારણ. સાધન.

પૂજ્ય પદ્મવિજય મહારાજે વ્યવહાર સાધના અને નિશ્ચય સાધનાની કાર્ય-કારણ ભાવની શૃંખલાને જોડી આપતાં કહ્યું : 'પરિષહ-સહનાદિક પરકારા, એ સબ હૈ વ્યવહારા હો; નિશ્ચય નિજગુણ ઠરણ ઉદારા, લહત ઉત્તમ ભવપારા...'[૨]

પરિષહ-સહન તે વ્યવહાર ચારિત્ર. નિજગુણ-સ્થિરતા તે નિશ્ચય ચારિત્ર.

પરિષહ-સહન સાધકના દેહાધ્યાસને શિથિલ કરી આપે છે. આ પૃષ્ઠભૂ પર નિજગુણસ્થિરતામાં જવું સરળ બને છે.

ધ્યાન આદિ દ્વારા સ્વગુણસ્પર્શ કરવો છે સાધકે. પણ વધુ પડતી ઠંડી કે ગરમી હશે તો....? મચ્છર વગેરે બહુ હશે તો...? આવાં ઘણાં પરિબળો તેની ભીતર જવાની સાધનાને અવરોધશે. પણ એ સામે, જો ઠંડી, ગરમી, મચ્છર આદિથી સાધક ટેવાયેલો હશે તો...? તો ગરમી એનું કામ કરશે. સાધક પોતાનું કામ - ભીતર જવાનું - આસાનીથી કરશે.

તત્ત્વાર્થ સૂત્રનું આ સૂત્ર, આ સન્દર્ભે આપણું ધ્યાન ખેંચે છે : 'मार्गाच्यवननिर्जरार्थं परिषोढव्याः परिषहाः'.... પરિષહોને માત્ર નિર્જરાર્થક ત્યાં નથી કહ્યા; માર્ગ પરથી - પ્રભુના સાધનામાર્ગથી સાધક બીજે ક્યાંય ફંટાઈ ન જાય એ માટે પણ પરિષહ-સહનને જરૂરી માનેલ છે.

તો, પરિષહ-સહન સાધન.

સાધનામાર્ગ પર સડસડાટ ચાલવું, શુદ્ધ ભણી વેગથી પ્રયાણ કરી શુદ્ધને પામવું તે સાધ્ય.

એટલે કે સાધન જો સાધ્યની પ્રાપ્તિ ન કરાવી આપે તો એ સાધનાભાસ થઈ જશે. આની ચર્ચા કરતાં મહોપાધ્યાય શ્રી યશોવિજય મહારાજે કહ્યું : 'જો કષ્ટે મુનિ-મારગ પાવે, બળદ થાય તો સારો...' જો માત્ર કષ્ટ સહન કરવાથી, પરિષહો સહન કરવાથી - શુદ્ધના લક્ષ્ય વિના - મુનિત્વ મળતું હોય તો, બળદ કેટલું કષ્ટ સહન કરે છે ?

• • •

નિશ્ચય સાધના અને વ્યવહાર સાધનાનું સામંજસ્ય, સમતુલન, balancing એ જ જિનશાસનનું હાર્દ છે.

---

૨. નવપદ પૂજા

સાધક પાસે નિશ્ચયનું ઊંડું જ્ઞાન નહિ હોય તો પણ ચાલશે. પરંતુ સાધનાદાતા ગીતાર્થ ગુરુ તો નિશ્ચયના પારદશ્વા જોઈએ જ. ને તો જ તેઓ સાધકની સાધનાને સપ્રાણ, સાર્થક બનાવી શકે.

આ વાત પર ભાર મૂકતાં ઉપદેશમાલા ગ્રન્થે જે વાત કરી તેને આપણી ભાષામાં મૂકતાં મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કહે છે :

*જિમ જિમ બહુશ્રુત બહુજન સમ્મત,*
*બહુ શિષ્યે પરિવરિયો;*
*તિમ તિમ જિનશાસનનો વૈરી,*
*જો નવિ નિશ્ચય દરિયો રે...*

બહુશ્રુત, ઘણા લોકો દ્વારા પૂજાયેલ અને ઘણા શિષ્યોના પરિવારવાળા ગુરુ પણ જો નિશ્ચયના પારદશ્વા નથી, તો તે જિનશાસનનું અહિત કરનાર છે. ડૉક્ટર જ અજ્ઞાની હોય તો કેટલાને ખોટી દવા આપી દેશે ! એમ, ગુરુ પાસે નિશ્ચયની ઊંડી સમજ નહિ હોય તો એ સાધકની સાધનાને લક્ષ્યાંક સાથે શી રીતે ગોઠવી આપશે ?

• • •

નિશ્ચય વિનાનો વ્યવહાર કે વ્યવહાર વિનાનો નિશ્ચય કઈ રીતે હોઈ શકે ?

જો યાત્રી પાસે લક્ષ્યાંક જ નથી, ક્યાંક જવાનું એનું ધ્યેય જ નથી, તો વ્યવહાર કયો ? માર્ગ કયો ?

મંજિલ તરફ લઈ જાય તે માર્ગ. જો મંજિલ જ ન હોય, તો માર્ગ ક્યાં રહે છે ?

સામી બાજુ, માર્ગ જ નહિ હોય, તો મંજિલ મળવાની શી રીતે ? મંજિલ જોઈએ છે, તો માર્ગ જોઈશે જ. નિશ્ચય માટે વ્યવહાર જોઈશે જ.

• • •

મઝાની વાત એ છે કે આપણી કોઈ પણ વ્યવહાર-સાધના એવી નથી, જે નિશ્ચય-સાધનામાં પર્યવસિત ન થતી હોય.

એક ભક્ત પ્રભુની પૂજા કરી રહ્યો છે. ભાવ પૂજા વખતે એ પ્રભુની વીતરાગ દશા આદિ ગુણોનું દર્શન, સ્પર્શન કરશે. અને એ વીતરાગતા આદિ ગુણો પોતાની ભીતર દબાયેલા પડ્યા છે તેમ અનુભવશે.

પૂજ્ય દેવચન્દ્રજી મહારાજે પરમતારક શ્રી સુવિધિનાથ પ્રભુની સ્તવનામાં પ્રભુની મુખમુદ્રાને નિહાળતો ભક્ત કઈ રીતે પ્રભુના એ ગુણને પોતાની ભીતર અનુભવે છે તેનું મઝાનું વર્ણન આપ્યું છે :

*પ્રભુમુદ્રાને યોગ પ્રભુ-પ્રભુતા લખે હો લાલ,*
*દ્રવ્ય તણે સાધર્મ્ય સ્વ-સંપત્તિ ઓળખે હો લાલ;*

*ઓળખતાં બહુમાન સહિત રુચિ પણ વધે હો લાલ,*
*રુચિ અનુયાયી વીર્ય ચરણ ધારા સધે હો લાલ...*

પ્રભુની મુખમુદ્રાને નિહાળતાં પ્રભુની પ્રભુતાનો - ગુણસંપત્તિનો ખ્યાલ આવે છે. અને એવું જ આત્મદ્રવ્ય પોતાની પાસે છે એટલે પોતાની ગુણસંપત્તિ - ભલે ઢંકાયેલી રહી - પણ આવી જ છે એ ખ્યાલ આવે છે. એ ગુણસંપત્તિ પર બહુમાન પ્રગટે છે, જે બહુમાન એને પામવાની ઇચ્છામાં પરિણમે છે. ઇચ્છા પ્રમાણે આત્મશક્તિનું ઝરણું ચાલે છે. અને એ સ્વસંપત્તિ ભક્તને મળે છે.

• • •

સ્વાધ્યાયમાં પણ આવો જ ક્રમ મળશે. એક સાધક 'જ્ઞાનસાર'ના મૌનાષ્ટકનો સ્વાધ્યાય કરતો હશે : 'मन्यते यो जगत्तत्त्वम् स मुनिः परिकीर्तितः'.... અહોભાવના લય પર એ એના અર્થવિસ્તારમાં જશે. જે જગતના તત્ત્વને - ઉત્પત્તિ, સ્થિતિ, ધ્રૌવ્યને - જાણી લે તે મુનિ. એવો સાધક ઘટનાના જગતમાં તરે નહિ, સરે નહિ, વહે નહિ, ડૂબે નહિ.

અહોભાવના ઊંડાણમાં, શુભના વેગમાં, પંક્તિના ઊંડાણમાં જવાશે. એક ઘમ્મરવલોણું ચાલશે : આવો સાધક હું ક્યારે બનીશ ? જેને બહિર્ભાવ જોડે સંબંધ જ નહિ હોય. 'बहिर्भावेषु शेरते' પંક્તિ વડે 'પંચવિંશતિકા'એ નિદર્શિત કરેલ સાધક હું ક્યારે બનીશ ? ક્યારે...? ક્યા...રે ?

આ ઘમ્મરવલોણું શુદ્ધમાં પરિણમે છે. બહિર્ભાવનો ત્યાગ. અન્તરંગ દશાનો સ્પર્શ...

• • •

કેટલું મઝાનું છે આ નિશ્ચય સાધના અને વ્યવહાર સાધનાનું સમતુલન !

આવું સમતુલન આપનાર ગુરુદેવને નમન. तस्मै सद्गुरवे नमः...

■ ■ ■


તવ આજ્ઞા શરણં મમ

# ૮

# ‘ગુરુના પ્રેમની નદીને કિનારા નથી હોતા !’



**धन्यस्योपरि निपतत्यहितसमाचरणघर्मनिर्वापी ।**
**गुरुवदनमलयनिसृतो, वचनसरसचन्दनस्पर्श ॥**
**- પ્રશમરતિ પ્રકરણ**

*ગુરુનું મુખ મલયાચલ પર્વત છે.*
*ગુરુનાં વચન ચંદન છે,*
*આ ચંદનનો સ્પર્શ પામનારા શિષ્યો ધન્ય છે.*
*શિષ્યનું અયોગ્ય આચરણ આત્મામાં ઉત્પન્ન થયેલી ગરમી છે. તેને શાંત કરવા ઠંડક આપનાર ઘસેલાં ચંદનનું વિલેપન જરૂરી છે. તે ચંદન મલયાચલ પર્વતમાંથી જ મળે છે.*

**'ગુરુના પ્રેમની**
**નદીને**
**કિનારા**
**નથી હોતા !'**

'An autobiography of a yogi'ના વિશ્રુત લેખક શ્રી યોગાનન્દજીના પ્રારંભિક સાધનાજીવનની એક ઘટના યાદ આવે છે.

ગુરુ શ્રી યુક્તેશ્વરગિરિ પાસે તેઓ સાધનાજીવનની પ્રારંભિક શિક્ષા લઈ રહ્યા છે. સાધનાજીવનનો પ્રારંભ હોવાને કારણે, ભારતીય ગુરુપરંપરા દ્વારા અપાતી સાધનાની રીતોનો ખ્યાલ ન જ હોય તે સ્વાભાવિક છે. ભારતીય ગુરુપરંપરામાં ગુરુ જ સર્વશ્રેષ્ઠ હોય છે. સાધકની કક્ષા જોઈને તેઓ તેને સાધનાજીવનમાં દીક્ષિત અને શિક્ષિત કરતા હોય છે.

આ પરંપરાથી અણજાણ યોગાનન્દજીને લાગ્યું કે ગુરુજી બહુ જ ધીમે ધીમે શીખવી રહ્યા છે. પોતાને તો ઝડપથી સાધનાના શિખરે પહોંચી જવું હતું. આ ગતિએ ત્યાં ક્યારે પહોંચાય ?

એક રાત્રે, ગુપચુપ, તેઓ આશ્રમને છોડીને બીજા ગુરુના આશ્રમે ગયા. ત્યાં પણ થોડા દિવસમાં સંતોષ ન થયો. તો ત્રીજે ક્યાંક ગયા. ચાર-પાંચ સ્થાનો બદલ્યા પછી થયું કે આના કરતાં તો ગુરુજી જોડે જ બરોબર હતું.

એક રાત્રે જેવા ગુપચુપ સરકી ગયેલા આશ્રમમાંથી, એવા જ ગુપચુપ આવી ગયા. બીજા દિવસથી ગુરુજી પાસે શિક્ષા શરૂ થઈ ગઈ. ગુરુજી એ જ વહાલથી ભણાવવા લાગ્યા. ન કાંઈ પૃચ્છા, ન કાંઈ ઠપકો.

યોગાનન્દજીએ બે-ત્રણ દિવસ પછી કહ્યું : 'ગુરુજી, તમને પૂછ્યા વિના હું અહીંથી જતો રહ્યો... ફરી આવી ગયો... આપ મને ઠપકો કેમ નથી આપતા ? આપ મારા પર ગુસ્સો કેમ નથી કરતા ?'

ગુરુએ કહ્યું : 'યોગાનન્દ ! ગુરુના પ્રેમની નદીને કિનારા નથી હોતા. અસીમ છે એ. એ વહ્યા જ કરશે, વહ્યા જ કરશે...'

• • •

ગુરુના પ્રેમની, કરુણાની આ નદીનો બહાવ. જેમાં શિષ્યના મનનો, અન્તસ્તરનો બધો જ કચરો દૂર, દૂર ફેંકાઈ જાય...

ગુરુના પ્રેમનો આ ફેલાવ... બડભાગી શિષ્ય જ એને માણી શકે.

યાદ આવે મહાસાધ્વી મૃગાવતીજી.

પ્રભુના સમવસરણમાંથી ઉપાશ્રયે આવતાં મોડું થયું. તે દિવસે ચન્દ્ર-સૂર્ય મૂળ વિમાન સાથે ત્યાં આવેલા. એટલે પ્રકાશ ઝળાંહળાં હતો. અને પ્રભુની દિવ્ય વાણી... સમયનો ખ્યાલ ન રહ્યો.

ઉપાશ્રયે આવતાં જ ગુરુણીજી ચન્દનાજીએ તેમને આડે હાથ લીધાં. 'આવું કેમ ચાલી શકે ? આટલા મોડાં તમે આવો તે કેમ ચાલે ? તમને આ શોભે છે ?'

મૃગાવતીજી ગુરુણીજીની આ કરુણાને ઝીલી રહ્યાં. આંખો ભીંજાઈ. 'કેવાં સદ્ગુરુણીજી મને મળ્યાં છે ! કેવું યોગ-ક્ષેમ મારું કરે છે. કેવી બડભાગિની છું હું !' ગુરુણી પ્રત્યેનું બહુમાન... ગુરુણીજીના ગુણો પ્રત્યેનું બહુમાન... 'आयओ गुरुबहुमाणो' સૂત્ર અહીં ક્રિયાન્વિત બન્યું. ગુરુગુણબહુમાન દ્વારા એ ગુણોને પામવાની તીવ્ર રુચિ જાગી, જે રુચિ ગુણપ્રાપ્તિમાં પરિણમી. મૃગાવતીજી કેવળજ્ઞાની બન્યાં.

• • •

અતીતની યાત્રામાં, અને કદાચ વર્તમાનમાં પણ, સદ્ગુરુના પ્રેમના અસીમ ફેલાવમાંય આપણે ભીંજાયા નહિ. શું કારણ ? બુદ્ધિ અને અહંકારનો રેઈનકોટ એના માટે જવાબદાર ઠરી શકે.

એક મિનિટ ધારીએ કે મૃગાવતીજીની જગ્યાએ આપણે હોત - બુદ્ધિ અને અહંકાર સાથે - તો શું થાત ? પહેલાં બુદ્ધિ દોષોને ઢાંકવા મેદાને પડત. 'મોડું થયું એમાં મારો શો અપરાધ ? પ્રકાશ ઝળાંહળાં અને પ્રભુના પ્યારા શબ્દોનું પરમ સમ્મોહન... આમાં સમયનો ખ્યાલ ન રહે તો એમાં મારો કયો અપરાધ ?'

કદાચ, આવા કોઈ સ્થળે 'રંગેલા' હાથે પકડાઈ જઈએ અને બુદ્ધિ મદદે આવી શકે તેમ ન હોય ત્યારે અહંકાર મેદાનમાં ઊતરશે. 'ચાલો, મારી ભૂલ થઈ.

કબૂલી લઉં. પણ મને કહેવું હોય તો ખાનગીમાં કહો ! જાહેરમાં શા માટે મને ઝાડો છો ?'

લાગે છે કે કદાચ આ બુદ્ધિ અને અહંકારના રેઈનકોટને કારણે જ આપણે સદ્‌ગુરુની કરુણાને સ્પર્શી ન શક્યા.

• • •

સામી બાજુ, શિષ્યને એના દોષો દેખાડતી વખતે ગુરુના હૈયામાં કેવી ઊથલપાથલ મચતી હોય છે તેનો આપણને ખ્યાલ ખરો ?

ચિત્રકાર નંદલાલ બોઝના ગુરુ હતા અવનીન્દ્રનાથ ટાગોર. નંદલાલ અવનીન્દ્રનાથના હોનહાર વિદ્યાર્થી. એકવાર નંદલાલ એક સ્કેચ - રેખાચિત્ર દોરીને પોતાના ગુરુ પાસે આવ્યા. ગુરુને તે હાથમાં આપ્યું. અવનીન્દ્રનાથે એ ચિત્રને નીચે પછાડ્યું અને કહ્યું : 'તને શરમ નથી આવતી ? આવું રેખાચિત્ર દોરીને તું મને આપે છે ? રેલવેસ્ટેશનના પ્લૅટફૉર્મ પર રહેતો કોઈ સ્કેચિસ્ટ પણ આના કરતાં વધુ સારું ચીતરીને લાવે ! જા, મને મોઢું ન બતાવતો !'

નંદલાલ જાય છે. કવિવર રવીન્દ્રનાથ ટાગોર ત્યાં બેઠેલા. તેમણે અવનીન્દ્રનાથને કહ્યું : 'તમે નંદલાલને કેવો તિરસ્કૃત કરી નાખ્યો ! આ હદે એને કહેવું તે શું ઉચિત હતું ?'

અવનીન્દ્રનાથની આંખોમાં આંસું. તેમણે કહ્યું : 'ભાઈ, મારા સેંકડો શિષ્યોમાં હોનહાર વિદ્યાર્થી આ એક જ છે. જો એની કળાને મેં પ્રશંસી હોત તો એ આગળ શી રીતે વધત ?' અને પછી ઉમેર્યું : 'હું એને ઓળખું છું. એ દસ-પંદર દિવસ ક્યાંક ખોવાઈ જશે, પણ બહાર આવશે ત્યારે કંઈક અણમોલ તત્ત્વ લઈને આવશે.'

એવું જ બન્યું. અજન્ટાની ગુફાઓમાં નંદલાલ પહોંચી ગયા. પંદર દિવસ સુધી અજન્ટાની એ ગુફાઓના અનુપમ ચિત્રોની એમણે અનુકૃતિ કરી. સીધા ગુરુ પાસે આવ્યા. આંખોમાં ચમક હતી. ગુરુને ચિત્રોની અનુકૃતિઓ આપી. ગુરુએ નંદલાલને બાંહોમાં સમાવ્યા.

• • •

આપણા - સાધકોના દોષોને નીરખવા એ સદ્‌ગુરુ માટે કેટલું અઘરું છે !

પરમાત્માના ગુણોનો સતત અનુભવ કરતાં ગુરુદેવને, ફરજના એક ભાગ રૂપે, આપણા દોષોમાં ડોકિયું કરવું પડે... આ વિચાર પણ આપણને દોષમુક્તિ ભણી ન લઈ જાય ? મારામાં રહેલા દોષોને જોઈને ગુરુદેવને કેવી ગ્લાનિ થતી હશે ! ચાલો, હું દોષમુક્તિ ભણી ચાલું... ગુરુદેવની કરુણાનો આ મઝાનો સ્પર્શ !

અચ્છા, આ તો સાધકની બાજુથી થયું ગુરુના હૃદયનું દર્શન... પણ, કિનારા વગરની એ પ્રેમની નદીમાં વહેવાનું થાય ત્યારે ગુરુદેવના નિર્મળ હૃદયનું દર્શન કેવું થાય છે ?

ત્યાં છે માત્ર વાત્સલ્ય.

તિરસ્કારનું નામોનિશાન ત્યાં નથી.

સદ્‌ગુરુદેવ પ્રેમથી કહેશે : 'બેટા ! ક્રોધ નહિ કરવાનો હો !' નિમિત્ત મળતાં આપણે ગુસ્સે થઈ પણ જશું. ગુરુદેવ ફરીથી કહેશે : 'ના, બેટા ! આવું નહિ કરવાનું હો !'

એક ઘટના વાંચેલી તે અત્યારે યાદ આવે છે.

પાંચ વર્ષની બેબી.

મમ્મી પાસે આવી. 'મમ્મી ! શરદી થઈ ગઈ છે.' મમ્મીએ પ્યારથી વિક્સ વેપોરબ ઘસી આપ્યું. સારિડોનની ટીકડી આપી અને કહ્યું : 'બેટા ! આઈસકેન્ડી નહિ ખાવાની હો !' 'હા, મમ્મી ! નહિ ખાઉં.' કલાકમાં તો બેબી સાજી થઈ ગઈ. ટીકડીના પ્રભાવે શરદી છૂ થઈ ગઈ. ને ત્યાં આઈસકેન્ડીવાળાની ઘંટડી વાગી. બેબી ત્યાં પહોંચી ગઈ. આઈસકેન્ડી ખાધી. થોડીવારમાં ફરી શરદી. 'મમ્મી ! મને માથું દુખે છે...' મમ્મીએ પૂછ્યું : 'બેટા ! આઈસકેન્ડી ખાધેલી ને ?' 'હા, મમ્મી !' 'જો, હવે નહિ ખાવાની હો !' મમ્મીએ વિક્સ ઘસી આપ્યું. બીજા દિવસે આઈસકેન્ડીવાળો આવ્યો, ને બેબી હાજર ! ફરી એ જ શરદીની તકલીફ.

આવું પાંચ-દસવાર થાય તો કદાચ કો'ક મમ્મી ગુસ્સે થઈ જાય... પણ ગુરુમાની વાત કરીએ ત્યારે લાગે કે ખરેખર એના વહાલની નદીને કિનારા નથી.

વર્ષોથી નહિ, જન્મોથી નિમિત્તોની આઈસકેન્ડી ખાઈ ખાઈને પરેશાન થઈએ આપણે. ગુરુમા પાસે આવીએ. એ જ વહાલથી તેઓ કહેશે : 'બેટા ! નિમિત્તોમાં નહિ જવાનું હો !'

ક્યારેક લાગે કે શું આટલા બધા વહાલ માટે આપણે અધિકારી છીએ ? ગુરુદેવને પૂછશું તો તેઓ માત્ર સ્મિત વેરશે. આંખોમાંથી અમૃત વહેતું હશે. જવાબ આપણને એ મળે કે આ વહાલ એ જ તો આપણું જીવન છે. એ ન હોત તો...?

• • •

ગુરુદેવનું અમાપ વહાલ.

સંત નામદેવની કેફિયત યાદ આવે છે. તેમણે કહેલું : 'ગુરુદેવ પાસે હું ગયો. તેમનાં ચરણોમાં ઝૂક્યો. અને ઊભો થયો ત્યારે હું ભરાયેલો હતો.' આ વાતનું મર્મગ્રાહી સ્પષ્ટીકરણ કરતાં આગળ કહે છે તેઓ : 'ખાલી ઘડાને નદીના પ્રવાહમાં મૂકીએ અને તે ભરાઈ જાય. તેમ હું ભરાઈ ગયેલો.'

તેમના કથયિતવ્યનો સાર એ થયો કે માત્ર ને માત્ર સદ્‌ગુરુએ જ, એમની કૃપાના જળપ્રવાહે જ એમના હૃદયને પરિપૂર્ણ બનાવ્યું.

કિનારા વગરની પ્રેમની આ નદીએ કેટલા ઘડા છલકાવી દીધા હશે !

આપણા હૃદય-ઘટને પણ એ જ ભરી દેશે.

હા, નામદેવ પોતાના હૃદયના ઘડાને ખાલી - વિભાવશૂન્ય બનાવીને ગયેલા. આપણે તો સદ્‌ગુરુદેવને કહીશું : 'ખાલી પણ તમે કરો ! ભરી પણ તમે આપો !'

વિભાવશૂન્ય મને બનાવવો એ પણ તમારું કાર્ય. સ્વભાવપૂર્ણ મને બનાવવો એ પણ તમારું કામ.

● ● ●

ગુરુ આ કાર્ય કઈ રીતે કરે છે એની મઝાની વાત : શિષ્ય ગુરુ પાસે આવ્યો. ગુરુએ કહ્યું : 'આત્મતત્ત્વનું ઊંડાણ કેટલું પકડાયું ?'

શિષ્ય વિદ્વાન હતો. એણે ધારાબદ્ધ પ્રવાહે, સંખ્યાબંધ ગ્રન્થોનાં ઉદ્ધરણો સાથે, આત્મતત્ત્વની વાતો કરી. ગુરુ એના ચહેરાને નીરખી રહ્યા. આત્મતત્ત્વની અનુભૂતિનો તો ત્યાં છાંટો પણ નહોતો. ગુરુ મારા વક્તવ્યથી કેટલા પ્રભાવિત થાય છે/થઈ રહ્યા છે, એને જોતો અહંકાર એના મુખ પર તરવરી રહ્યો હતો.

ગુરુએ એક જ વાક્ય એવું તો ચોટદાર રીતે કહ્યું કે એનો અહંકાર ક્યાંય ઊડી ગયો ! ગુરુએ કહ્યું : ભાખરીનાં ચિત્રોથી પેટ ન ભરાય. આ તેં વાતો કરી એ તો ભાખરીનાં ચિત્રો જેવી હતી. આત્મતત્ત્વની અનુભૂતિ તારી પાસે ક્યાં છે ?

અહંશૂન્ય બન્યો શિષ્ય.

આત્મોપલબ્ધિથી યુક્ત બન્યો શિષ્ય.

■ ■ ■


તવ ધ્યાનં શરણં મમ

# ૯

# 'પ્રીતમ છબિ નૈનન બસી...'



**પ્રવચન અંજન જો સદ્‌ગુરુ કરે, પેખે પરમ નિધાન;**
**હૃદય નયન નિહાળે જગધણી, મહિમા મેરુ સમાન...**
**- આનંદઘનીય ધર્મનાથ જિન સ્તવના**

*સદ્‌ગુરુ ભક્તના હૃદયમાં પ્રવચન અંજન આંજે છે ત્યારે ભક્ત હૃદય રૂપી આંખ વડે પરમનિધાન સ્વરૂપ, મેરુ જેવા મહિમાવંત પ્રભુને જુએ છે.*

# 'પ્રીતમ
# છબિ
# નૈનન
# બસી...'

ત્રણસો વરસ પહેલાંની એક વહેલી સવારે મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે ગુજરાતથી રાજસ્થાન બાજુ વિહારયાત્રા લંબાવી. ઈચ્છા હતી પૂજ્યપાદ આનંદઘનજી મહારાજને મળવાની. ભગવદ્ભક્તિમાં ડૂબેલ એ મહાપુરુષનાં ચરણોમાં બેસવાની. પ્રભુને પામવાની.

તે વખતે, પૂજ્યપાદ આનંદઘનજી મહારાજ મેડતા શહેરની આજુ-બાજુ વિચરતા હતા. મહોપાધ્યાયજી મેડતા પહોંચ્યા. એક ઉપાશ્રયમાં સ્થિરતા કરી. ફલવર્ધિ પાર્શ્વનાથ પ્રભુના દર્શને રોમાંચ અનુભવ્યો.

એક શ્રાવકજી ઉપાશ્રયમાં વન્દનાર્થે આવ્યા. મહોપાધ્યાયજીએ તેમને પૂછ્યું : 'આનંદઘનજી મહારાજ ક્યાં બિરાજમાન છે ? કયા ઉપાશ્રયમાં ? કયે સ્થળે ?'

શ્રાવકશ્રેષ્ઠે કહ્યું : 'ગુરુદેવ ! આનંદઘનજી મહારાજ સાહેબ તો એકાન્તમાં, કો'ક ગુફામાં, જંગલમાં બિરાજતા હશે...'

'હા, પણ તેમનું ચોક્કસ સ્થળ મને આપો ને ! મારે તેમને જલદી મળવું છે.' મહોપાધ્યાયજીના શબ્દોમાં સદ્ગુરુમિલનની તડપન અનુભવાતી હતી. આ તડપનની પાછળ હતી તડપન પ્રભુમિલનની. સદ્ગુરુ જ તો પ્રભુમિલન કરાવે ને !

• • •

તડપન...

મને એક ઘટના યાદ આવે છે.

એક મુમુક્ષુએ એક સદ્‌ગુરુને પૂછ્યું : 'મને મારા સદ્‌ગુરુ ક્યાં મળશે ?' સંતે કહ્યું : 'જંગલમાં આવી જાતનું એક વૃક્ષ છે. એને આવી ડાળીઓ છે અને આવા ફૂલો, ફળો છે. એ વૃક્ષ નીચે તને તારા સદ્‌ગુરુ મળશે.'

પેલાને તો એવી તડપન કે એ તો સાંભળતાં જ ભાગ્યો. જંગલના વૃક્ષે વૃક્ષે ફર્યો, પણ નીચે કોઈ સંત બેઠેલ હોય તો ઉપર એવું વૃક્ષ ન હોય. અને વૃક્ષ હોય તો નીચે કોઈ હોય નહિ.

પાંચ વર્ષ થયાં.

સદ્‌ગુરુ ન મળ્યા.

મુમુક્ષુને થયું કે પોતાની સમજવામાં તો કંઈ ભૂલ થઈ નથી ? પણ હવે પૂછે તોય કોને પૂછે ? જેમને પૂછેલું એ સંત તો વૃક્ષ નીચે બેઠેલા. અને વૃક્ષ નીચે કોઈ પાંચ વર્ષ થોડું રહે ? છતાં એને થયું કે એણે એક પ્રયત્ન કરવો જોઈએ. યાત્રા શરૂ કરી હતી - સદ્‌ગુરુ શોધની જ્યાંથી - ત્યાં તે ગયો. તેની નવાઈ વચ્ચે, તે સંત ત્યાં જ બેઠેલા. અને એથી પણ વધુ નવાઈની વાત એ હતી કે તેઓએ કહેલ તેવા વૃક્ષ નીચે જ તેઓ બેઠેલ હતા. 'ઓહ ! આ જ તો મારા સદ્‌ગુરુ !'

ગુરુનાં ચરણોમાં વન્દના કરી. કહે : 'ગુરુદેવ ! હું તો અજ્ઞાની હતો. મને ખબર નહોતી કે આપ જ મારા સદ્‌ગુરુ છો. પણ આપને તો ખ્યાલ હતો જ. આપે કેમ કહ્યું નહિ, ગુરુદેવ ? પાંચ વર્ષ રખડવામાં થાકીને લોથ થઈ ગયો !'

ગુરુ હસતાં હસતાં કહે : 'તું તારી કથા માંડે છે. મારી સામે તેં જોયું ? તારા માટે પાંચ વર્ષ મારે અહીં ચોટી રહેવું પડ્યું !'

પછી ગુરુએ પોતાના કૃત્યના રહસ્યનો પડદો ખોલતાં કહ્યું : તે વખતે તું પાક્યો નહોતો. આ પાંચ વર્ષ તને પકવવા માટે જરૂરી હતા. તડપન તીવ્ર કક્ષાએ પહોંચી અને મિલન થઈ ગયું.

• • •

મહોપાધ્યાયજીની તડપન ઘેરી બની હતી. ક્યારે સદ્‌ગુરુ મળે અને ક્યારે પ્રભુમિલન કરાવે ? તેમણે શ્રાવકજીને પૂછ્યું : 'જંગલમાં પણ કઈ જગ્યાએ આનંદઘનજી મહારાજ મળશે, તે કહો ને ! મારે તેમને જલદી મળવું છે.'

શ્રાવક કહે : 'ગુરુદેવ ! હવાનો પત્તો લાગે તો આનંદઘનજીનો પત્તો લાગે. આજે અહીં હોય, કાલે ક્યાંય હોય; કઈ રીતે તેમને મળી શકાય ? પણ હા, એક

સરસ માર્ગ છે. અમે લોકોએ જોયું છે કે દર સાત-આઠ દિવસે તેઓશ્રી અહીંના બાજુના ફલવર્ધિ પાર્શ્વનાથ પ્રભુનાં દર્શન માટે આવે છે. તો, આપશ્રી અહીં જ સ્થિરતા કરો. અહીં જ તેઓશ્રી સાથે આપનું મિલન થશે.' બીજો ઉપાય ન હોઈ ઉપાધ્યાયજીએ તે વાત સ્વીકારી.

• • •

સાતેક દિવસ પછીની એક સવારે ઉપાધ્યાયજીનું પ્રવચન ચાલતું હતું અને પૂ. આનંદઘનજી મહારાજ દેરાસરે પધાર્યા. દર્શન કરીને બહાર નીકળ્યા. ઉપાશ્રયમાં પ્રવચન ચાલુ હતું. આનંદઘનજી મહારાજ પ્રભુની વાણી સાંભળવા ઉપાશ્રયે આવે છે.

કેવી હશે તેમની આન્તર દશા ?

તે યુગના શિર્ષસ્થ સાધનાપુરુષ હતા તેઓ. તેઓ 'પ્રભુને' સાંભળવા આવે છે.

યાદ આવે પૂજ્યપાદ રામવિજય મહારાજની સ્તવનાના શબ્દો : 'સુણતાં જનમુખ પ્રભુની વાત, હરખે મારા સાતે ધાત...' પ્રભુની વાત કોઈ પણ વ્યક્તિ કરી રહી હોય અને એ સાંભળતાં લોહી, હાડ, માંસ અને ચરબી સુધી સુખાનુભૂતિ ઊપજે. પહેલીવાર આ પંક્તિ વાંચી ત્યારે તો હું પણ સ્તબ્ધ થઈ ગયેલો ! આવી પણ અનુભૂતિ હોઈ શકે ?

પૂ. આનંદઘનજી મહારાજની અનુભૂતિ આથી પણ વધુ આગળની હશે એમ લાગે...

તેઓ મહોપાધ્યાયજીને નહિ, મહોપાધ્યાયજીને કંઠેથી પ્રગટતા પ્રભુને સાંભળવા આવ્યા હશે. આખો પ્રવચનખંડ ચિકાર. એક ખૂણામાં સહેજ જગ્યા હતી ત્યાં પૂ. આનંદઘનજી બેસી ગયા.

શિયાળાનો સમય હતો. બધા શ્રોતાઓ સફેદ શાલ ઓઢીને આવેલા. આનંદઘનજી મહારાજે પોતાની દાઢી પણ શાલમાં છુપાવેલી. માત્ર બે આંખો દેખાય.

શાન્ત ચિત્તે તેઓ પ્રભુની વાણીને પી રહ્યા હતા.

મહોપાધ્યાયજી પ્રવચન આપી રહ્યા છે. અને અચાનક તેમની નજર પેલી બે આંખો પર પડી. આંખો પર દૃષ્ટિ પડતાં જ તેઓ ચમક્યા : 'અરે, આનંદઘનજી તો અહીં આવી ગયા છે !' તેઓ ઊભા થયા. આનંદઘનજી હતા ત્યાં ગયા. તેમને પ્રણમ્યા અને કહ્યું : 'પધારો ! હું આપને મળવા માટે તો અહીં આવ્યો છું; ગુરુદેવ!'

આનંદઘનજી મહારાજ ઊઠ્યા. પાટ પર બિરાજિત થયા. ઉપાધ્યાયજી નીચે બેઠા. જે પંક્તિ પર ઉપાધ્યાયજી બોલતા હતા, તે પર જ એમણે બોલવાનું શરૂ કર્યું. પણ શી અનુભૂતિની મીઠાશ !

ઉપાધ્યાયજીની સામે સેંકડો આંખોનો દરિયો હતો. તેમણે આનંદઘનજીની આંખોને કઈ રીતે ભિન્ન તારવી ?

સદ્ગુરુની આંખોમાં હોય છે તરલિત થયેલ પરમાત્મા. આ પરમાત્માનું દર્શન મહોપાધ્યાયજીને થયું…

પ્રવચન પછી ઉપાધ્યાયજીએ કહ્યું : 'ગુરુદેવ ! આપની પાસે પ્રભુમિલન માટે હું આવ્યો છું.'

પૂ. આનંદઘનજી મહારાજે કહ્યું હશે : 'દરિસન દુર્લભ, સુલભ કૃપા થકી…' યશોવિજય ! 'એ'ની કૃપાથી જ દર્શન થઈ શકે.

ઉપાધ્યાયજીની આંખોની ભીનાશ તે વખતે કહેતી હશે : 'ગુરુદેવ ! પ્રભુની કૃપાધારાનું અનુસંધાન પણ આપ જેવા સમર્થ વ્યક્તિત્વ દ્વારા જ થઈ શકે ને !'

પૂ. આનંદઘનજી મહારાજ દ્વારા મહોપાધ્યાયજીને ભગવદ્દર્શનનો જે આનંદ મળ્યો હશે તેની અભિવ્યક્તિ પરમતારક શ્રી ઋષભદેવ પ્રભુના સ્તવનમાં મળે છે. મહોપાધ્યાયજી કહે છે : 'મુખ દીઠે સુખ ઊપજે, દરિસન અતિ હિ આનંદ લાલ રે…'

એ પરમપ્રિયની અલપ-ઝલપ ઝલક મળે અને સુખાનુભૂતિ થાય. પરંતુ જ્યારે તેમની વીતરાગ દશાના પ્રવાહમાં વહેવાનું થાય ત્યારે…? ત્યારે નિરવધિ આનંદ…

• • •

મને એક ભાવકે એકવાર પૂછેલું : 'દરિસન અતિ હિ આનંદ…' પંક્તિમાં મહોપાધ્યાયજીએ એક જ વાર અતિ શબ્દ કેમ વાપર્યો છે ? આપણે પણ કહીએ, દર્શન કરતાં ખૂબ ખૂબ ખૂબ આનંદ થયો.

મેં કહેલું : 'સો વાર અતિ શબ્દ વપરાય તો પણ ભીતરના આનંદને વ્યાખ્યાયિત કરી શકાય તેમ નહોતું; તેથી, મહોપાધ્યાયજીએ, શબ્દોની અસમર્થતા દર્શાવવા માટે એકવાર અતિ શબ્દ વાપર્યો છે…'

• • •

મહોપાધ્યાયજીએ આનંદઘનજીની આંખોમાં શું જોયું ? પ્રભુ જોયા.

રહીમની એક ચોટડૂક પંક્તિ યાદ આવે :

*'પ્રીતમ છબિ નૈનન બસી, પર છબિ કહાં સમાય;*
*ભરી સરાય 'રહીમ' લખી, પથિક આય ફિર જાય…'*

પ્રિયતમની છબી, એ પરમપ્યારાની છબી આંખોમાં ઝલકી રહે, પછી બીજાની છબી એ આંખોમાં ઊપસે જ શી રીતે ?

સદ્ગુરુની આંખોમાં છે માત્ર 'એ'. પરમપ્રિય.

• • •

પરમાત્માને સીધા નિહાળવા, આપણી આંખોથી, એ એક મઝાની ઘટના. આપણી ભીની, ભીની આંખોથી પરમાત્માનું દર્શન કરવું એ વિરલ ઘટના...

ક્યારેક એવું થાય : આપણી આંખો કોરી છે. અને ભીનું ભીનું પ્રભુરૂપનું દર્શન કરવું છે. શું કરવું ? એ વખતે ભક્ત સદ્ગુરુની આંખોમાં નિહાળે છે અને ત્યાં, તેમની આંખોની ભીનાશના સમુદ્ર પર પ્રભુને નિહાળી શકે છે તે.

• • •

ઉદ્ધવજી વૃન્દાવન ગયા. રથ પર રાજ્યધ્વજ જોઈ ગોપીઓએ માન્યું કે શ્રીકૃષ્ણ આવ્યા છે. પણ શ્રીકૃષ્ણને બદલે ઉદ્ધવજી રથમાંથી નીકળ્યા.

ગોપીઓએ કહ્યું : 'તમે શ્રીકૃષ્ણને હમણાં જ જોઈને આવી રહ્યા છો. અમે તમારી આંખોમાં તેમના સ્વરૂપને જોઈશું...'

• • •

સદ્ગુરુની આંખોમાં પ્રભુને નિહાળી ધન્ય બની ગયેલા મહોપાધ્યાયજી. વીનવીએ આપણે એમને : 'અમારા જીવનમાં પણ આવી સૌભાગ્યની ક્ષણોનું અવતરણ થાય : આપની કૃપાથી, ગુરુદેવ !'

• • •

'નિરંજન નાથ મોહિ કૈસે મિલેંગે ?' આ સ્તવના આ સમયે રચાયેલી કહેવાય છે. તેની છેલ્લી કડી આવી છે :

'આનંદઘન કહે જસ સુનો બાતાં, એહિ મિલે તો મેરી ફેરી ટળે...'

યશોવિજય ! 'એ' મળે તો જ ભવભ્રમણા ટળે. 'એ' ન મળે ત્યાં સુધી ચક્કર કાપ્યા જ કરવાના છે સંસારના...

ઉપાધ્યાયજીના હૃદયમાં રહેલી પ્રભુવિરહની વેદના અહીં પૂજ્ય આનંદઘનજી મહારાજના શબ્દોમાં અભિવ્યક્ત થઈ છે. 'નિરંજન નાથ મોહિ કૈસે મિલેંગે ?' ભાર 'કૈસે' શબ્દ પર છે. કઈ વિધિ, કઈ રીત, કઈ સાધના; પ્રભુ મને મળે.

અને પૂ. આનંદઘનજી મહારાજે કહ્યું : 'એ'ની કૃપાથી દર્શન મળે. 'એ'ની કૃપાથી જ એ મળે.

આ અનુભવ ઉપાધ્યાયજીને થયો. એમણે 'આનંદ કી ઘડી આઈ...' પદથી શરૂ થતી સ્તવનામાં એ અનુભૂતિને શબ્દોમાં ઢાળી છે : 'કર કે કૃપા પ્રભુ દરિસન દીનો...' પ્રભુએ કૃપા કરીને મને દર્શન આપ્યું.

• • •

'દરિસન દુર્લભ, સુલભ કૃપા થકી...' એ પંક્તિને આપણે શબ્દ-શક્તિપાત કહી શકીએ. પૂજ્યપાદ આનંદઘનજી મહારાજે શબ્દશક્તિપાત કર્યો. ઉપાધ્યાયજીએ એને ઝીલ્યો... પ્રભુનું દર્શન થઈ ગયું.

સદ્ગુરુ જ પ્રભુમિલન કરાવે ને !

■ ■ ■

૧૦

# સદ્‌ગુરુયોગ



गुरुभक्तिप्रभावेन, तीर्थकृद्दर्शनं मतम् ।
समापत्त्यादिभेदेन, निर्वाणैकनिबन्धनम् ॥
- યોગદૃષ્ટિ સમુચ્ચય-૬૪

*સદ્‌ગુરુની ભક્તિના પ્રભાવ વડે તીર્થંકર પ્રભુનું દર્શન થાય છે. જે સમાપત્તિ આદિ પ્રકાર વડે મોક્ષનું કારણરૂપ બને છે.*

# સદ્‌ગુરુયોગ

પૂજ્યપાદ આનંદઘનજી મહારાજની મધુરી કેફિયત યાદ આવે : 'સગરા હોય સો ભરભર પીવે, નગરા જાયે પ્યાસા...'

પરમ રસ કોને મળે ? એ પ્રશ્નનો ઉત્તર તેમણે ઉપરોક્ત વિધાન દ્વારા આપ્યો છે.

સગરાને પરમ રસના - ભાગવતી સાધનાના રસના - પ્યાલાના પ્યાલા પીવા મળે; નગરો બિલકુલ પ્યાસો રહે છે.

ભારતીય પરંપરાના આ બે મઝાના શબ્દો છે : સગરો અને નગરો. નગરો શબ્દનો અર્થ કદાચ ખ્યાલમાં પણ આવી જાય : જેને માથે સદ્‌ગુરુ નથી, તેવું વ્યક્તિત્વ.

સગરો એટલે શું ? સગરો શબ્દના અર્થનું ઊંડાણ સદ્‌ગુરુયોગ શબ્દને સમજવાથી મળી શકે. સદ્‌ગુરુનું નામ જેણે ધરાવ્યું છે તેવો સાધક સગરો આ વાત અહીં નથી. અમુક સદ્‌ગુરુ મારા સદ્‌ગુરુ છે એવું કહેવા માત્રથી સગરા બની શકાતું નથી.

સગરો એટલે સદ્‌ગુરુનાં ચરણોમાં સમર્પિત થયેલું અસ્તિત્વ. વ્યક્તિત્વનું અસ્તિત્વમાં થયેલું રૂપાન્તરણ...

• • •

'જયવીયરાય' સૂત્રમાં ભક્ત પ્રભુ પાસે 'સુહગુરુજોગો' માગે છે. અહીં પ્રાર્થનાનું ઊંડાણ ખૂલે છે. ભક્ત કહે છે કે પ્રભુ ! તું મને માત્ર સદ્‌ગુરુ આપીને તારું કાર્ય પૂર્ણ કરી શકતો નથી; તારે સદ્‌ગુરુયોગ પણ મને કરાવવાનો છે.

સદ્‌ગુરુયોગ. સૂત્રાત્મક રીતે સદ્‌ગુરુયોગને સમજાવીએ તો : એક વત્તા એક બરોબર એક. સાધક/શિષ્ય ન રહે; રહે માત્ર સદ્‌ગુરુ.

• • •

પરમચેતના આ કામ શી રીતે કરે છે ? પહેલાં, પ્રભુની કરુણા સદ્‌ગુરુ સાથે આપણું મિલન કરાવશે.

પ્રભુનું દર્શન થયું. પ્રભુ ગમ્યા એ હદે કે એમના વિના એક ક્ષણ રહેવાનું અઘરું લાગે છે. પ્રભુમિલન કરવું શી રીતે ? સદ્‌ગુરુ દ્વારા જ પ્રભુમિલન થાય આ પ્રભુની વાત - શાસ્ત્રની વાત સદ્‌ગુરુચરણોમાં જવા સાધકને લાલાયિત કરે.

સદ્‌ગુરુ મળ્યા. હવે સદ્‌ગુરુ સાધક પર કામ શરૂ કરશે. યોગ - સમર્પણ માટે અહંકારની શિથિલતા જરૂરી છે માટે સદ્‌ગુરુ તમારા અહંકાર પર હથોડા લગાવશે...

• • •

મિલારેપા મોટા ગજાના વિદ્વાન. સાધનાની અદમ્ય ભૂખ જાગી. ગયા ગુરુ નારોપા પાસે. જઈને વિનતિ કરી : ‘મને શિષ્ય તરીકે આપ સ્વીકારો ! મને સાધના-દીક્ષા આપો !’

ગુરુએ એનો ચહેરો જોયો. ચહેરા પર હતો વિદ્વત્તાનો અહંકાર. અહંકારની પૃષ્ઠભૂ પર સાધના કેમ આપી શકાય ?

સાધનાનો પરમ રસ પાવા માટે પહેલાં સાધકની ભૂમિકા - મનની - સ્વચ્છ બનાવવી પડશે. આ દોહરું કૃત્ય, બેવડું કામ ગુરુએ કરવાનું છે.

પહેલાં એને પરમ રસ પીવા માટે યોગ્ય બનાવવાનો. અને યોગ્યતા પરિપક્વ થાય, ત્યારે પરમ રસ પાવાનો.

• • •

હકીકતમાં, પરમ રસ પીવડાવતાં તો સેકન્ડો જ લાગે. પણ એને માટે સાધકને તૈયાર કરવામાં... જન્મોના જન્મો ગુરુને લાગી જાય છે.

કેમ આમ થાય છે ?

આપણા જીવનમાં ઘટેલી હોઈ શકે એવી એક ઘટના પ્રત્યે ઈશારો કરું. સો-દોઢસો જન્મ પહેલાં આપણે કોરી સ્લેટ જેવા હતા. કોઈ મહાન ગુરુદેવ પાસે જવાનું થયું. એમણે પ્રભુના માહાત્મ્યની વાત કરી. આપણને થયું : ‘જો આવા પરમાત્મા હોય તો મને ન મળે ?’ આપણી એકાદ ક્ષણની પ્રાર્થના પર પ્રભુએ આપણને પસંદ કર્યો.

એ પછી પ્રભુચેતનાએ ગુરુચેતનાને સંદેશ આપ્યો : ‘આના પર કામ શરૂ કરો !’ ગુરુચેતનાને ખ્યાલ હતો કે પોતે શું કરવાનું છે. આપણા હૃદયના પાત્રને એમણે સ્વચ્છ કરવાનું શરૂ કર્યું. જેથી એ નિર્મળ હૃદય પર પ્રભુની કૃપાનું અવતરણ થઈ રહે.

સદ્‌ગુરુએ આપણને સમજાવ્યું કે ભાઈ ! તું નિમિત્તોની દુનિયાને આટલી તીવ્રતાથી કેમ પકડે છે ? તારા અશુદ્ધ ઉપાદાનને તો તું જો ! કો’કે તને કંઈક કહ્યું

માટે તને ક્રોધ આવે છે કે તારા અહંકારને ઠેસ લાગી આવી માન્યતા - કહો કે ભ્રમણા - થી તને ક્રોધ આવે છે ?

સદ્‌ગુરુએ એક પ્યારું સૂત્ર ત્યારે સમજાવેલું : ભક્તના શબ્દકોષમાં પાને પાને નિમિત્ત શબ્દ છે... પ્રભુએ નિમિત્ત બનાવ્યો અને આ સુકૃત્ય થઈ ગયું. પરંતુ સાધકના શબ્દકોષમાં નિમિત્ત શબ્દનું અસ્તિત્વ નથી...

સદ્‌ગુરુએ આપેલ જ્ઞાન વડે આપણું હૃદય નિર્મળ બન્યું. પણ નિમિત્તોની દુનિયામાં જતાં જ રાગ, દ્વેષ, અહંકારથી મન ભરાઈ ગયું.

સો-દોઢસો જન્મથી ગુરુચેતના બહુ જ પ્રેમથી આપણને આપણા કચરાથી મુક્ત કરવાની કોશિશ કરી રહી છે. આપણે રાગ, દ્વેષના કચરાને આપણા અસ્તિત્વમાં ભરી રહ્યા છીએ.

આ જન્મે નક્કી થવું જોઈએ કે સદ્‌ગુરુચેતના પોતાને વિભાવશૂન્ય બનાવશે... પોતે એ વિભાવોને આમંત્રશે નહિ જ.

• • •

નારોપા ગુરુએ મિલારેપા પર કામ શરૂ કર્યું. તેમણે મિલારેપાને કહ્યું : સાધના માટે એક કુટિર બનાવવી છે. એ માટે પથ્થર બાજુના પહાડમાંથી લઈ આવ.

સાધના ગુરુની શરતે જ મળે છે આ વાતનો મિલારેપાને ખ્યાલ હતો. તે ગાડું લઈને પથ્થર તોડવા જાય છે. ત્રિકમ, કોદાળી વડે તોડીને પથ્થરો ભરીને ગાડામાં, તે આશ્રમે સાંજે આવ્યો. ગુરુને મળ્યો. ગુરુએ એના ચહેરા સામે જોયું. અહંકાર નીતરેલો નહોતો. ગુરુએ કહ્યું : 'કાલે સવારે મને મળજે.'

બીજી સવારે ગુરુએ વધુ પથ્થરો લાવવા કહ્યું. સાત દિવસ સુધી આ સિલસિલો ચાલુ રહ્યો. સાતમી સાંજે મિલારેપા પથ્થરો તોડી ગાડામાં ભરી આશ્રમ તરફ આવી રહ્યો છે ત્યારે એના મનમાં પ્રશ્ન થયો : 'ગુરુ શું કરી રહ્યા છે ?' અચાનક એને ખ્યાલ આવ્યો કે ગુરુ પથ્થરોને નહિ, પોતાને - પોતાના અહમ્‌ને તોડી રહ્યા હતા. એ સાંજે એની વિદ્વત્તાનો અહંકાર નીતરેલો હતો. એ ગુરુ પાસે આવ્યો. ગુરુએ જોયું : 'વાહ ! આ તો તૈયાર થઈ ગયો છે !' ગુરુએ એને દીક્ષા આપી.

પરમ રસ પાવા માટેની સજ્જતા ગુરુએ પહેલાં નિખારી. અને એ સજ્જતા પ્રગટતાં જ પરમ રસ પાવાનું શરૂ !

• • •

સદ્‌ગુરુયોગ.

પ્રભુની કૃપાથી સદ્‌ગુરુ મળ્યા.

અને સદ્‌ગુરુએ જ સમર્પણની ભૂમિકા ખીલવી. એ રીતે, સદ્‌ગુરુયોગ સાધકને મળ્યો.

ગુરુએ કરેલું કાર્ય પણ પ્રભુનું જ કહેવાય છે. કારણ કે ગુરુદેવ પ્રભુની આજ્ઞા પ્રમાણે જ કાર્ય કરે છે. હકીકતમાં, ગુરુદેવ ઘણાં કાર્યો કરવા છતાં નિર્ભાર એટલા માટે જ રહે છે કે તેઓ કૃતિત્વનો ભાર પોતાના પર રાખતા નથી.

તો, પ્રભુ પાસે સદ્‌ગુરુયોગ માંગો અને તે મળી જાય...

આ સદ્‌ગુરુયોગની વાત કરતાં સંત કબીરજીએ કહ્યું :

*પહલે હમ થે, ગુરુ નહિ, અબ ગુરુ હૈ હમ નાંહિ;*
*પ્રેમ ગલી અતિ સાંકરી, તામેં દો ન સમાંહિ...*

પહેલાં મારા હૃદયના કેન્દ્રમાં હું હતો. ગુરુ ક્યાંથી આવે ? પણ હવે ગુરુ જ કેન્દ્રમાં છે, હું ક્યાંક પરિઘમાં, ખૂણેખાંચરે બેઠો છું... પ્રેમની, ભક્તિની ગલી જ સાંકડી છે. તેમાં બેનો સમાવેશ શક્ય નથી. યા તો તમે રહો, યા તો સદ્‌ગુરુ રહે...

આપણે તો કેન્દ્રમાં ઘણાં જન્મોથી રહ્યા. હવે, for a chance પણ, સદ્‌ગુરુને કેન્દ્રમાં મૂકીએ... પ્રભુને પ્રાર્થનામાં ભીનાશ ભેળવીને કહીએ : પ્રભુ ! તારી કૃપાથી સદ્‌ગુરુયોગ (સુહગુરુજોગો) મને મળો !

■ ■ ■

# ૧૧

# સદ્‌ગુરુ ઊર્જાતીર્થો



**''जो मं पडिमन्नति से गुरुंति' तदाणा ॥''**

*જે મને ભાવથી સ્વીકારે છે, તે ગુરુને પણ ભાવથી સ્વીકારે છે, સન્માને છે એવી પ્રભુની આજ્ઞા છે.*

**''आयओ गुरुबहुमाणो....।''**

*ગુરુબહુમાન તે જ મોક્ષ.*

**''अओ परमगुरुसंजोगो ।''**

- ***ચતુર્થ પંચસૂત્રમ્***

ગુરુબહુમાન વડે પરમ ગુરુ - તીર્થંકર પ્રભુનો સંયોગ થાય છે.

## સદ્ગુરુ
## ઊર્જાતીર્થો

શ્રી અજાહરા તીર્થની યાત્રાએ ગયેલ ત્યારે ઉના શહેરમાં જવાનું થયેલું. ઉના શહેરના એક અગ્રણી શ્રાવકે મને કહ્યું : સાહેબ ! આપનો કાર્યક્રમ વ્યસ્ત જરૂર હશે જ. પણ એ વ્યસ્તતામાંથી થોડો સમય કાઢીને આપ બે કાર્યો અચૂક કરજો.

મેં કહ્યું : બોલો !

એમણે કહ્યું : અત્યારે આપ નૂતન ઉપાશ્રયમાં છો. બાજુમાં એ ઉપાશ્રય છે, જ્યાં જગદ્ગુરુ પૂજ્ય હીરવિજયસૂરિ મહારાજાએ અન્તિમ ચાતુર્માસ કરેલું. ત્યાં એક રાત્રિ આપ રોકાજો. અને એક રાત્રિ પૂજ્યપાદશ્રીજીના અન્તિમ સંસ્કાર જ્યાં થયેલ ત્યાં શાહબાગમાં રોકાજો. આપને વિશિષ્ટ અનુભવો થશે.

મેં બન્ને વાતો સ્વીકારી.

હું પરંપરાવાદી છું જ. જૂની પરંપરાઓમાંથી ઘણું બધું મળે છે એ મને ખ્યાલ હતો. અને આ બન્ને સ્થળોએ રોકાવું એટલે એક વિશિષ્ટ સદ્ગુરુના સાંનિધ્યમાં રોકાવાની વાત હતી. મને એ બહુ જ ગમી.

• • •

આપણાં પ્રાચીન સ્થાનોની એક વિશેષતા છે ઊર્જાને પોતામાં સંગૃહિત કરવાની. પછી એ ઊર્જા સદીઓ સુધી સાધકને મળ્યા કરે.

પ્રાચીન ઉપાશ્રયોની સંરચનામાં ઊર્જાના સંગ્રહનો ખાસ ખ્યાલ રખાતો. જાડી દીવાલો, બારીઓ બહુ જ ઓછી. વચ્ચે ચોકમાંથી હવા આવવાની ગોઠવણ. આના કારણે મહાપુરુષોની કાયામાંથી નીકળેલ ઊર્જા ભીતર જ રહ્યા કરે. સાધક ત્યાં જાય, શાન્ત બને. ધ્યાનાવસ્થામાં જોડાય અને પેલી ઊર્જા જોડે એનો સંપર્ક થઈ રહે.

• • •

જર્મનીનાં એક મહિલા પ્રોફેસરે કરેલ આવા ઊર્જાના સંપર્કની ઘટના વાંચેલી. એ પ્રોફેસર બૌદ્ધ ગ્રન્થોનાં વિદુષી હતાં. એક ગ્રન્થ વાંચતાં તો તેઓ હલી ગયાં. અદ્‌ભુત વાતો. એમને થયું કે પોતે ચારસો વર્ષ મોડાં જન્મ્યાં. નહિતર, આવા મહાપુરુષની ઑરામાં રહી શકત પોતે.

જોકે, તેઓ તન્ત્રનાં પણ નિષ્ણાત હતાં. અને એથી એમને થયું કે એ મહાપુરુષ જ્યાં રહેતા હતા તે મઠમાં જો થોડા દિવસ રહી શકાય તો તેમની ઊર્જા મળી શકે.

પ્રોફેસરે મઠના સત્તાવાળાઓની પરવાનગી માગી. મળી ગઈ. પ્રોફેસર તિબેટમાં આવેલ એ ગુરુના મઠમાં ગયાં. ત્યાં થોડા દિવસ ધ્યાનમાં રહ્યાં પણ એમને જોઈતી હતી એવી ઊર્જા પકડાઈ નહિ.

મઠમાં છેવાડે એક બંધ રૂમ હતી. પ્રોફેસરને લાગ્યું કે કદાચ એ ઓરડીમાં જ ગુરુ રહેતા હોવા જોઈએ. તેમણે ફરી પરવાનગી મેળવી એ બંધ ઓરડો ખોલાવરાવ્યો. તેમાં તેઓ ધ્યાનમાં બેઠાં. અને ત્યાં તેઓ એ ગુરુની ઊર્જા મેળવી શક્યાં.

આવી જ બીજી એક ઘટનામાં તો પ્રોફેસર ગુરુનો સાક્ષાત્કાર કરી શક્યાં છે. પાટ પર ગુરુ આવીને બેઠાં હોય તેવું તેમણે અનુભવ્યું. એમને લાગ્યું કે કદાચ આ એમનું ઑટોસજેસન - આત્મસ્ફુરણ - હોઈ શકે. પરંતુ એમનો રસોઈયો એમને જમવા બોલાવવા આવેલો, તેણે પાછળથી કહેલું : 'મેડમ, એ ઓરડીમાં કોણ બેઠેલું હતું ? લાલ કપડાં, ભવ્ય લાગતો ચહેરો... એ કોણ હતું ?' ત્યારે પ્રોફેસરને થયું કે પોતે ખરેખર ગુરુનાં દર્શન કરી શક્યાં હતાં.

• • •

ઉના શહેરમાં એક રાત હું રહ્યો જગદ્‌ગુરુ જેમાં રહેલા એ ઉપાશ્રયમાં. ત્યાં તેમની મૂર્તિ પણ પ્રસ્થાપિત થયેલી છે. રાતની નીરવ શાન્તિમાં ચાર સદીઓ પહેલાંના વાતાવરણને મેં માણ્યું. પાટ પર જગદ્‌ગુરુ બિરાજમાન થઈને જપ કરી રહ્યા હોય તેવો ભાસ થયો.

બીજી રાત શાહબાગમાં ગાળી. સાંજે શાહબાગ પહોંચ્યા. મોટું ઉદ્યાન. એમાં વચ્ચે દેવકુલિકામાં જગદ્‌ગુરુની ચરણપાદુકા... અમે લોકો ત્યાં ધ્યાનમાં બેઠા.... ઊર્જા બહુ જ સરસ રીતે પકડાતી હતી. જગદ્‌ગુરુનો અન્તિમસંસ્કાર અહીં થયેલો. મઝાની વાત એ હતી કે આજુબાજુ પવિત્ર વાતાવરણ હોઈ ઊર્જા સરસ રીતે જળવાઈ હતી...

રાત્રે પણ ધ્યાનમાં બેસવાનું થયું. મઝાના સંકેતો મળ્યા. એક સંકેત એવો મળ્યો કે જગદ્‌ગુરુ જે સાધના પોતાના અનુગામી આચાર્ય સેનસૂરિ મહારાજને આપવા

માગતા હતા, પણ આપી નહોતા શક્યા; એ સાધનાધારાનું અનુસન્ધાન આ સ્થળેથી થઈ શકે. લાગ્યું કે ૧૦-૧૫ સાધકો આ સ્થળે થોડો સમય ધ્યાનમાં રહે તો પેલી સાધનાધારાનું અનુસન્ધાન થઈ શકે.

પરંપરામાં કથા એવી છે કે ઉનાના એ ચાતુર્માસમાં જગદ્‌ગુરુને લાગ્યું કે પોતાનું આયુષ્ય વધુ નથી. અને પોતે અમુક સાધના પોતાના અનુગામીને આપવા માગે છે. તેથી એમણે ચાતુર્માસમાં જ આચાર્ય વિજય સેનસૂરિજીને કહેવડાવ્યું કે 'તમે આવી જાવ !' શિષ્ય માટે સદ્‌ગુરુની આજ્ઞાનો સ્વીકાર જ હોય છે. નિર્વિકલ્પ સ્વીકાર. સેનસૂરિજી મહારાજ ચાતુર્માસમાં વિહાર કરી ઉના શહેર ભણી આવી રહ્યા છે. પાટણ પહોંચ્યા ત્યારે સંઘ ભેગો થઈ સવારે દેવવંદન કરતો'તો. શું થયું ? જગદ્‌ગુરુ કાળધર્મ પામ્યા. હવે જવાનો અર્થ નથી તેમ માની શેષ ચાતુર્માસ તેમણે પાટણ પૂરું કર્યું.

જગદ્‌ગુરુ જે સાધના આપવા માગતા હતા, તે તેઓ ન આપી શક્યા...

તે રાત્રે લાગ્યું કે જગદ્‌ગુરુના આ સમાધિસ્થળે થોડાક સાધકો બેસે, તો એ વિશૃંખલિત મનાતી સાધના અનુસન્ધિત થઈ શકે.

• • •

આવો અનુભવ અમદાવાદ, ડોશીવાડાની પોળ, વિદ્યાશાળામાં થયેલો. આપણા યુગના મહાન સાધનાચાર્ય, યોગાચાર્ય પૂજ્યપાદ આચાર્ય ભગવન્ત શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજા ત્યાં ઘણો સમય રહેલા.

જૈફ વયને કારણે તેઓશ્રીને ચાલીસેક વર્ષ ત્યાં રહેવાનું થયું. આ મહાયોગી પુરુષની સાધનાપૂત કાયામાંથી નીકળતાં આન્દોલનો ત્યાં સઘન બન્યાં. એમાં પણ તેઓશ્રી જે ભોંયરામાં સાધના કરતા હતા, તેની ઊર્જા તો... અદ્‌ભુત.

વિદ્યાશાળાએ અને પૂજ્યશ્રીના સમાધિસ્થાન, જમાલપુર (અમદાવાદ)ના ચરણપાદુકા મન્દિરે બેસવાનું થયું છે ત્યારે પ્રગાઢ અનુભૂતિ અનુભવી છે.

કેટલાક સાધકોએ મને કહેલું કે એ સ્થળે દાદાએ એમની (સાધકોની) આગામી સાધનાનો પૂરો ગ્રાફ આપી દીધેલો...

• • •

આવાં ઊર્જાસ્થળોમાં સાધનાની ધારા અખંડરૂપે વહ્યા કરતી હોય છે. સદ્‌ગુરુનું કાર્ય સતત ચાલુ જ છે એમ ત્યાં લાગ્યા કરે.

આમ પણ, ગુરુ વિદ્યમાન હતા ત્યારે પણ તેમના ઉપનિષદથી - તેમની પ્રભાવશાળી આભા/ઑરા વડે જ સાધકની સાધના વેગવતી બનતી હતી. સદ્‌ગુરુની વિદાય દૈહિક રૂપે થઈ; આભામંડળ તો અહીં જ છે. એ ઊર્જા દ્વારા સાધનાનો વેગ સરસ ચાલશે.

• • •

વણોદ (શંખેશ્વર તીર્થ પાસે) જવાનું થયેલું. બીજા ઉપાશ્રયમાં ઊતરેલા. પ્રાચીન દેરાસર. ભગવાન બહુ જ નયનાકર્ષક. દર્શન કર્યાં.

મને ખ્યાલ હતો કે વનરાજ ચાવડાના ગુરુ શીલગુણસૂરિજીની પોષાળ અહીં હતી. દેરાસરની બાજુમાં આવેલ એ સ્થાનમાં હું કલાકો સુધી બેઠો. સરસ ઊર્જા પકડાઈ.

બીજી વખત ફરી વણોદ જવાનું થયું. ઉમળકો હતો પ્રાચીન આન્દોલનોને આત્મસાત્ કરવાનો. જો કે, આ વખતે મઝા ન આવી. એ સ્થાન રિનોવેટ - જીર્ણોદ્ધારિત થઈ ગયેલું... મકાન નવું બને પણ પ્રાચીન આન્દોલનો વિખેરાઈ જાય એનું શું ?

બૌદ્ધ મઠોની પરંપરા, આ સન્દર્ભમાં, જોવાલાયક છે. ચારસો વર્ષ જૂના મઠનું સમારકામ કરવું પણ પડે. પરંતુ એના માટેની એમની પદ્ધતિ સારી છે. એ જૂનો મઠ જીર્ણોદ્ધારિત થયો છે, પણ એ જૂના જેવો જ લાગશે. એવી જ બાંધકામની પરંપરિત પદ્ધતિ, એ જ રીતે લાકડા વગેરેનો વપરાશ. અરે, રંગ પણ એવા જ. પુસ્તકો મૂકવા માટેના સાપડા પણ પરંપરિત...

● ● ●

આવાં પ્રાચીન સ્થળો તો આપણા ઊર્જાતીર્થો છે. એ સ્થાનોની ઊર્જા સચવાઈ રહે એ રીતે સમારકામ થવું જોઈએ. એની પ્રાચીનતા જળવાઈ રહેવી જોઈએ.

સદ્‌ભાગ્યે, દેરાસરોની બાબતમાં આપણો કળાત્મક વારસો જળવાઈ રહ્યો છે. પણ એમાંય, પ્રાચીન દેરાસરોને, કાળની એવી અસર ન નડી હોય તો, જેમ ને તેમ સાચવી રાખવા જોઈએ. ઊર્જાતીર્થોને એ રૂપે જ રાખવાં છે. જેથી આગામી સદીઓ સુધી ઊર્જાની એ ધારા બહુસંખ્યક સાધકોને સાધના અને ભક્તિ માટેનું જરૂરી બળ આપ્યા કરે.

■ ■ ■

# ૧૨
# મોહિ લાગી લગન
# ગુરુ ચરનન કી



**માહરે તો ગુરુચરણ પસાયે, અનુભવ દિલમાંહિ પેઠો રે;**
**ઋદ્ધિ વૃદ્ધિ પ્રગટી ઘટમાંહિ, આતમ રતિ હુઈ બેઠો રે...**
**- શ્રીપાળરાસ**

*સદ્‌ગુરુચરણને પ્રભાવે મારા હૃદયમાં અનુભવનો પ્રકાશ ઝગી ઉઠ્યો છે. ભીતરી ઋદ્ધિ વધી રહી છે. હું આત્માનન્દમાં મશગૂલ છું.*

# મોહિ
# લાગી લગન
# ગુરુ ચરનન કી

'Living with the Himalayan Masters'માં એક સરસ પ્રસંગ આવે છે. સ્વામી રામને તેમના ગુરુ પૂછે છે : સદ્ગુરુનાં ચરણોનો જ આપણે સ્પર્શ કરીએ છીએ... ચરણસ્પર્શ જ શા માટે ?

સ્વામી રામ ગુરુના ચહેરા તરફ જોઈ રહ્યા. પોતાને ઉત્તરનો ખ્યાલ નથી. ને ગુરુજી મઝાનો ઉત્તર આપશે. આમ પણ, શિષ્ય ગુરુમુખપ્રેક્ષી જ હોય ને ! પરમપાવન શ્રી આચારાંગ સૂત્રના લયમાં એ હોય 'तद्दिट्ठीए.' તદ્દૃષ્ટિક-ગુરુદૃષ્ટિક.

હિન્દુ સંતપરંપરામાં શિષ્ય માટે બે વિશેષણો આવે છે : ગુરુમુખી, મનમુખી. ગુરુ તરફ જ જેનું મુખ હોય તે ગુરુમુખી. મનની ઈચ્છા પ્રમાણે કરનાર તે મનમુખી. હકીકતમાં, મનમુખી હોવું એ શિષ્ય માટે બહુ મોટું અપરાધચિહ્ન લેખાય છે.

સ્વામી રામ ગુરુમુખપ્રેક્ષી બન્યા. ગુરુએ કહ્યું : સદ્ગુરુનો ચહેરો પ્રભુ તરફ જ કેન્દ્રિત થયેલો હોય છે. આપણે તેમની પાછળ હોઈએ છીએ ત્યારે આપણી તરફ માત્ર તેમનાં ચરણો લંબાતાં હોય છે; માટે ચરણસ્પર્શ !

• • •

બીજા લયમાં કહીએ તો, સદ્ગુરુનું પૂરું શરીર પ્રભુમાં ઓગળી ગયું છે. માત્ર ચરણો આપણા માટે દૃશ્ય રહ્યાં છે.

પૂજ્યપાદ અધ્યાત્મયોગી આચાર્ય ભગવન્ત કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજાને કે પૂજ્યપાદ વિદ્વદ્વર્ય મુનિરાજશ્રી જમ્બૂવિજયજી મહારાજને પરમતારક શ્રી શંખેશ્વર પ્રભુના દરબારમાં કલ્પીએ. વજાસને તેઓ બેઠેલા હોય. આપણે પાછળ બેઠેલા

હોઈએ ત્યારે આપણા તરફ એમનાં ચરણ જ લંબાયેલાં હોય ને !

• • •

આમ પણ, દેરાસરમાં ન હોય ત્યારે પણ, સદ્‌ગુરુ પ્રભુમાં ડૂબેલા જ હોય. અને છતાં, કરુણાને વશ, પ્રભુની આજ્ઞાને વશ, તેઓ આપણને વાત્સલ્યપરિપૂર્ણ નજરથી જુએ.

ક્યારેક જુએ,

પણ

ક્યારે જુએ તે નક્કી નહિ.

તો, શિષ્યનું કર્તવ્ય શું રહેશે ?

એ બનશે ગુરુદૃષ્ટિક. માત્ર સદ્‌ગુરુશ્રીની તરફ આંખો ઢાળીને એ રહેલ હશે. જેથી સદ્‌ગુરુ જ્યારે તેમને જુએ ત્યારે એ સુવર્ણ અવસરને એ ચૂકી ન જાય.

અમદાવાદના એક ભાઈ થોડે દૂરને ગામડે રહેતા એક સંબંધીને મળવા બસમાં પહોંચ્યા. વાતચીત કરી. હળ્યા, મળ્યા. બધું કામ પતી ગયું. હવે અમદાવાદ જવું છે. એમણે સંબંધીને પૂછ્યું : કાલે સવારે અમદાવાદ જવા માટે કયું સાધન મળશે ?

સંબંધીએ કહ્યું કે આ એવું નાનું ગામ છે કે અહીં ટેક્સી, રિક્ષા, છકડો કશું જ મળતું નથી. માત્ર એક બસ છે. જેના દ્વારા જઈ શકાય.

'બસનો સમય શું ?'

સંબંધીએ કહ્યું : આમ તો છ વાગ્યે અહીં આવવાનો તેનો સમય છે. પણ એ તો ડ્રાઈવર સમયસર આગળના ગામે ઊઠેલ હોય તો. ક્યારેક ગાડી દશ વાગ્યે પણ આવી છે. છ થી દશમાં ગમે ત્યારે બસ આવે. બસ આવે જ છે. પણ ક્યારે આવે છે તે નક્કી નથી.

પેલા ભાઈ શું કરશે ?

એ સાડા પાંચે બસસ્ટેન્ડે જઈને બેસી જશે. જ્યારે પણ બસ આવે. બેસી જવાય...

શિષ્ય માટે પણ આ જ વાત છે. સદ્‌ગુરુ ક્યારે પોતાને જોશે તે નક્કી નથી. પણ જોશે એ નક્કી છે. તો શું કરવું ? 'તદ્દિટ્ઠીએ' બની જવું. સદ્‌ગુરુની આંખો/ચહેરા સામે જોઈ રહેવું. જ્યારે પણ સદ્‌ગુરુ પોતાના તરફ જુએ ત્યારે એ અવસરને ચૂકી ન જવાય.

• • •

પરમપાવન આચારાંગ સૂત્રે શિષ્યની સાધનાને વ્યાખ્યાયિત કરતાં મઝાની વાત કરી છે : શિષ્ય તદ્દૃષ્ટિક, તન્મુક્તિક, તત્પુરસ્કૃત, તત્સંજ્ઞી, તન્નિવેશન, યતના વિહારી, ચિત્તનિપાતી, પથનિર્ધ્યાયી, પર્યબાહ્ય હોય. મઝાની આ સાધનાની નવપદી ![1]

१. तद्दिट्ठीए तम्मुत्तीए तप्पुरक्कारे तस्सण्णी तण्णिवेसणे जयं विहारी चित्तणिवाई पंथणिज्झाई पलिबाहिरे पासिय पाणे गच्छेज्जा ॥ आचारांग सूत्र, १ । ५ । ४ । १६२

એક એક સાધના-ચરણને જોઈએ.

• • •

તદ્દષ્ટિકતા. સાધક હોય તદ્દષ્ટિક. ગુરુની સામે જ એની દૃષ્ટિ હોય. સદ્ગુરુનો એક નાનકડો ઈશારો પણ નજર બહાર ન જતો રહે એવી સાવધાની.

સદ્ગુરુ તો પ્રભુને ઈશારામાં જ આપશે ને ! શબ્દોમાં તો 'એ' સમાશે નહિ. કો'ક મુમુક્ષુ પૂછશે સદ્ગુરુને : 'ગુરુદેવ ! પ્રભુ ક્યાં છે ?' ગુરુદેવ પોતાનો કોમળ હાથ લંબાવી, ઝુલાવી કહેશે : 'આ રહ્યા પ્રભુ !' મુમુક્ષુને તે વખતે સદ્ગુરુની આંખોમાં પ્રભુ દેખાશે. એક ક્ષણ. આંખોમાં ઝબકારો. આંખોનું વિશિષ્ટ લયમાં ખૂલવું. તદ્દષ્ટિક શિષ્ય એ ક્ષણને પકડી લેશે. તેને પ્રભુ દેખાઈ જશે.

• • •

તન્મુક્તિકતા. સદ્ગુરુએ કહેલ મુક્તિથી યુક્ત હોય શિષ્ય. સર્વસંગોથી મુક્ત હોય સાધક.

સૂત્ર આ રીતે ખૂલશે : સર્વનો અસંગ બરોબર પરમનો સંગ. પૂજ્ય દેવચન્દ્રજી મહારાજને પૂછવામાં આવ્યું કે પ્રભુ સાથે પ્રીતિની ધારા પર કઈ રીતે ચાલવું ? અસંગીનો સંગ શી રીતે કરવો ? તેમણે મઝાનો માર્ગ બતાવ્યો : *'પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ.'* પરની પ્રીતિ જે તોડી શકે, તે પ્રભુ સાથેની પ્રીતમાં જોડાઈ જાય.

ભગવદ્ગીતા યાદ આવે : 'रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्तते ।' પરમરસને અનુભવતાં જ અપરમ રસ છૂટી જાય છે.

તો, બે માર્ગો થયા : તોડ-જોડ, જોડ-તોડ. સાધક પરના સંગથી મુક્ત બની પ્રભુની પ્રીતિની ધારામાં વહે છે. ભક્ત પ્રભુપ્રેમને અનુભવતાં બધાં જ પરતત્ત્વોથી મુક્ત બને છે.

• • •

તત્પુરસ્કૃતતા. સદ્ગુરુને જ, તેમનાં વચનને જ આગળ કરીને ચાલનાર હોય શિષ્ય.

પરંપરામાં એક મઝાની કથા આવે છે. બપોરના ત્રણ વાગ્યા છે. શિષ્ય ગુરુદેવ પાસે આવેલ છે. અને ગુરુ કહે છે : 'કેવું અંધારું છે !' બપોરના ત્રણ. ઉપાશ્રયમાં પ્રકાશ જ પ્રકાશ છે. અને ગુરુ અંધકારની વાત કરે છે. શિષ્ય કહે છે : 'જી, ગુરુદેવ !' ત્યારે ગુરુ કહે છે : 'અજ્ઞાનનું અંધારું ભીતર કેવું તો ઘર કરીને બેસી ગયું છે.' શિષ્યને હવે ખ્યાલ આવ્યો કે ગુરુજી શું કહેવા માગતા હતા.

• • •

તત્સંજ્ઞિતા. શિષ્ય ગુરુના જ્ઞાન વડે જ ચાલનારો હોય. એને પોતાની બુદ્ધિ પર ભરોસો ન હોય. ન પોતાની ઈન્દ્રિયો પર.

યાદ આવે સ્થૂલભદ્રજીની સાત બહેન સાધ્વીજીઓ. તેઓ ગુરુદેવ પાસે આવ્યાં. અને ગુરુદેવને પૂછ્યું : ભાઈ મહારાજ ક્યાં છે ? ગુરુદેવે કહ્યું : બાજુની ગુફામાં તે સ્વાધ્યાય કરે છે.

સાધ્વીજીઓ ત્યાં ગયાં.

સ્થૂલભદ્રજીને પોતાના જ્ઞાન વડે ખ્યાલ આવ્યો કે બહેન સાધ્વીજીઓ આવી રહી છે. પોતાની વિદ્યાનો પ્રભાવ દેખાડવા માટે તેમણે પોતે સિંહનું રૂપ ધારણ કર્યું. બહેન મહારાજ આવ્યાં. જોયું તો, સિંહ ! ભાઈ મહારાજનો અત્તો-પત્તો નહિ. ગુફા નાનકડી હતી. કોઈ ખૂણો-ખાંચરો હતો નહિ. શું થયું ? સિંહ ભાઈ મહારાજને...

સાધ્વીજીઓ ગુરુદેવ પાસે આવી. 'ગુરુદેવ ! ત્યાં તો ભાઈ મહારાજ નથી. શું થયું ? ત્યાં તો સિંહ છે.'

ગુરુદેવે પોતાના જ્ઞાન વડે જોયું. ખ્યાલ આવ્યો કે સ્થૂલભદ્ર જ સિંહ બનેલ. અને હવે એ મૂળ રૂપમાં આવી ગયેલ છે. ગુરુદેવે કહ્યું : તમે જાવ. તમને ત્યાં જ સ્થૂલભદ્ર મળશે.

સાતે બહેનો ભાઈ મહારાજને મળવા ચાલી નીકળી. પગમાં સહેજ પણ કંપન નથી. 'નજરે જોયેલું ખોટું હોઈ શકે. ગુરુદેવ કહે તે ખોટું ન જ હોય...'

આ લયમાં જ સંત કબીરજી કહે છે : 'કાનોં સૂની સો ઝુઠિ સબ...'

તત્સંજ્ઞિતા. ગુરુદેવના જ્ઞાન વડે જ સાધનામાર્ગ પર એક એક ડગલું ભરવાનું છે. પોતાના પર આધાર બિલકુલ અહીં રાખવાનો નથી. આધાર રાખ્યો તો ડૂબ્યા. 'નિરાધાર ભયે પાર...' પોતાની જાત પરનો આધાર નહોતો, આધાર માત્ર સદ્‌ગુરુદેવ પર છે; બેડો પાર !

• • •

તન્નિવેશન. ગુરુદેવની નજદીક રહેનારો હોય શિષ્ય. સદ્‌ગુરુની આજ્ઞાદેહની એકદમ નજીક.

ગુરુદેવની નજીક રહે શિષ્ય. જ્યારે જ્યારે ગુરુદેવ આજ્ઞા આપે, એનું પાલન કરવા તે પૂરી શક્તિથી યત્ન કરે.

શાસનસમ્રાટ પૂજ્યપાદ આચાર્ય ભગવંત નેમિસૂરીશ્વરજી મહારાજા. એક રાત્રે પ્રતિક્રમણ પછી, ગુરુદેવે બૂમ મારી : 'ઉદય !' વિનીત શિષ્ય ઉદયવિજય મહારાજે (ઉદયસૂરિ મહારાજે) ગુરુદેવનો અવાજ સાંભળ્યો. તરત જ હાથમાં દંડાસણ લઈ પૂંજતાં, પૂંજતાં તેઓ ગુરુદેવ પાસે આવ્યા.

બન્યું એવું કે ગુરુદેવ આખા દિવસના શ્રમિત. કોઈ કામ યાદ આવ્યું. ઉદયવિજય મહારાજને બોલાવ્યા. ને તરત જ યોગનિદ્રામાં સરી પડ્યા. ઉદયવિજય મહારાજ આવ્યા. ગુરુદેવ આરામમાં છે.

ગુરુદેવે બોલાવ્યા. પોતે આવ્યા. હવે ગુરુદેવ રજા ન આપે ત્યાં સુધી પોતે જઈ શકે નહિ. અને ગુરુદેવ સામે નતમસ્તકે જ ઊભું રહેવાય. તેઓશ્રીની આજ્ઞા વિના બેસી પણ શકાય નહિ.

રાતના લગભગ નવથી પરોઢિયાના સાડા ત્રણ વાગ્યા સુધી ઉદયવિજય મહારાજ ઊભા રહ્યા. સાડા ત્રણે ગુરુદેવની આંખો ખૂલી. ઉદયવિજયને જોયા. યાદ આવ્યું. 'અરે, ઉદય ! ત્યારનો તું ઊભો છે ?' 'જી, ગુરુદેવ !'

ગુરુદેવ આ વિનીત શિષ્ય પર કેવા તો પ્રસન્ન થયા હશે !

• • •

યતના-વિહારિતા. ગુરુદેવે ક્યારેક આજ્ઞા કરી હોય, ક્યાંક જવાની; તો યતનાપૂર્વક ચાલનાર શિષ્ય હોય.

• • •

ચિત્તનિપાતિતા. ગુરુદેવના મનના અભિપ્રાયને જાણીને, તે પ્રમાણેની ક્રિયા કરનાર હોય શિષ્ય.

ગુરુદેવના ચહેરાના ભાવોને જોઈને, ગુરુદેવના એક નાનકડા ઈશારાને સમજીને શિષ્ય તે પ્રમાણે કાર્ય કરે. સતત ગુરુદેવની નજીક રહેવાથી શિષ્ય ગુરુના ઈશારાને, મનોભાવોને સમજી જાય છે.

પરંપરામાં એક કથા આવે છે. રાતના બારનો સુમારો. ગુરુદેવ ઊઠ્યા. તેમણે પૂર્ણિમાની એ ચાંદનીના પ્રકાશમાં ભીતરના ઉજાશને અનુભવ્યો. મઝાનો એ અનુભવ હતો. એ અનુભવનો સહભાગી પોતાનો શિષ્ય બને તો કેવું સારું ! એ આશયથી એમણે શિષ્યને જગાડ્યો. શિષ્ય જાગ્યો. ગુરુએ ચન્દ્ર તરફ પોતાની આંગળી લંબાવી. શિષ્ય કહે છે : 'વાહ ! ગુરુદેવ ! આપની આંગળી કેવી તો ચમકે છે !' ગુરુદેવ કહે છે : 'રાત્રે બાર વાગ્યે મેં તને મારી આંગળી બતાવવા જગાડ્યો છે ? એ આંગળી જે તરફ તકાઈ છે એ ચન્દ્રને, એના પ્રકાશને તું અનુભવ...'

• • •

પંથપ્રેક્ષિત્વ. ક્યારેક ગુરુદેવ બહાર ગયા છે અને જે શિષ્યને જોડે નથી લઈ ગયા; એ શિષ્ય ઉપાશ્રયમાં રહીને શું કરે ? એ પંથનિધ્યાતા બને. ગુરુદેવ જે માર્ગેથી આવવાના છે, એ માર્ગને એ જોતો રહે. જેથી, ગુરુદેવ ઉપાશ્રયમાં પ્રવેશવાના હોય એ ક્ષણને પોતે ચૂકી ન જાય. ગુરુનો વિનય તે કરી શકે.

• • •

પર્યબાહ્યતા. ગુરુદેવના અવગ્રહમાં જ સતત રહેનાર હોય શિષ્ય. કોઈ કાર્યવિશેષે ગુરુદેવ બહાર તેને મોકલે એ સિવાય તે સતત ગુરુદેવના સાન્નિધ્યમાં જ રહેનારો હોય.

ઉપનિષદ આપણી પરંપરાનો અતિમૂલ્યવાન શબ્દ છે. શિષ્યનું અવતારકૃત્ય એક જ છે : ઉપનિષદ. માત્ર સદ્‌ગુરુના આભામંડલમાં, ઑરા સર્કલમાં અહોભાવપૂર્વક એ બેસી રહે તો આગળનું બધું જ કાર્ય સદ્‌ગુરુ કરી લેવાના છે.

ઝેન ગુરુઓ કહે છે તેમ,

Just sitting

and

nothing to do.

(માત્ર બેસવાનું અને કશું કરવાનું નહિ)

એ જ એનો જીવનમન્ત્ર રહેશે.

● ● ●

કેટલી મઝાની આ સાધનાની નવપદી !

■ ■ ■

# ૧૩

# 'સદ્‌ગુરુ દિયો બતાય...'



ઘર મેં ઘર દિખલાઈ દે,
વો સદ્‌ગુરુ હમાર...
- સંત રવિદાસ

*દેહરૂપી ઘરમાં ચૈતન્ય રૂપી ઘરને*
*જે બતાવી આપે તે સદ્‌ગુરુ.*

# 'સદ્‌ગુરુ<br>દિયો<br>બતાય...'

ભક્તિમતી મીરાંની દર્દીલી કેફિયત છે : પ્રભુ ! તારે દ્વારે મારે શી રીતે આવવું ? કહે છે મીરાં :

*ઊંચા ઊંચા મહલ પિયા કા,*
*માસું ચઢા ન જાય;*
*પિયા દૂર, પંથ મારો ઝીણો,*
*સૂરત ઝકોરા ખાય...*

પરમાત્માના મહેલ પર ચઢવાની પોતાની અશક્તિને મીરાં અહીં પ્રદર્શિત કરે છે : *'પિયા દૂર, પંથ મારો ઝીણો, સૂરત ઝકોરા ખાય...'*

ત્રણ મુશ્કેલીઓ છે માર્ગમાં : પ્રભુ દૂર છે, માર્ગ અઘરો છે અને સ્મૃતિનો દીપ લબૂક-ઝબૂક થાય છે. શું કરવું ?

• • •

પહેલો અવરોધ : 'પિયા દૂર.' પ્રભુ દૂર છે. કેટલા બધા દૂર ? સાત રાજલોક દૂર. શી રીતે મળવું એમને ? ભક્ત વિહરમાન પ્રભુને કહે છે : 'પાંખ નહિ આવું ઊડી, લબ્ધિ નહિ કોઈ રૂડી...'

• • •

બીજો અવરોધ : પ્રભુને મળવા માટે જવાનો માર્ગ અઘરો છે. કેવો અઘરો ? પૂજ્યપાદ આનંદઘનજી મહારાજની પ્રસ્તુતિ યાદ આવે : *'ધાર તલવારની સોહિલી, દોહિલી ચૌદમા જિન તણી ચરણ સેવા...'*

તલવારની ધાર પર તમે ચાલો તો બને કે પગમાંથી લોહીની ધાર છૂટે. કદાચ પગ ક્ષત-વિક્ષત થઈ જાય. પણ પ્રભુના માર્ગ પર તો ત્યારે જ ચાલી શકાય, જ્યારે પૂરું વ્યક્તિત્વ સાધકનું વિનષ્ટ થયું હોય. તમે ન હો, તમારું વૈભાવિક રૂપનું હું ન હોય તો જ પ્રભુના માર્ગ પર તમે ચાલી શકો.

અને આ કેટલું તો અઘરું છે !

• • •

ત્રીજો અવરોધ : 'સૂરત ઝકોરા ખાય...' સ્મૃતિનો દીપ લબૂક-ઝબૂક થાય છે. પ્રભુનું સ્મરણ એકાદ ઘડી આવ્યું ન આવ્યું; ને મન વિભાવની દુનિયામાં સરી પડે છે.

એક સંતના જીવનની એક ઘટના મને યાદ આવે છે : એક સમ્રાટ તેમનો ભક્ત હતો. વર્ષો પછી સમ્રાટના નગરમાં સંતની પધરામણી થઈ. સમ્રાટે સ્વાગત કર્યું. પ્રવચન પછી, બધા વિખેરાયા ત્યારે, સમ્રાટે પૂછ્યું : ગુરુદેવ ! મને ક્યારેય યાદ કરતા'તા.

સંતે કહ્યું : કો'ક નબળી પળે મને તારી યાદ આવતી. ઘડપણ આવશે ત્યારે બીજે ક્યાંય આશ્રય ન મળે તોય તારે ત્યાં તો મને આશ્રય મળશે જ; આ વિચારે તારી યાદ આવી જતી. પણ એ પછી હું પ્રભુની આગળ પોશ પોશ આંસુંએ રડતો ને કહેતો કે પ્રભુ ! બીજાની યાદ મને આવી એનો મતલબ તો એ જ થયો કે એ ક્ષણોમાં હું તારી યાદમાં નહોતો. પ્રભુ ! તારી સ્મૃતિ વિનાની આ પળો... કેમ ચાલી શકે, પ્રભુ ?

• • •

આ ત્રણે અવરોધોને પાર જવા માટે શું કરી શકાય ?

મીરાંએ મઝાની આપવીતી કહી છે :

*મીરાં કે પ્રભુ ગિરિધર નાગર,*
*સદ્‌ગુરુ દિયો બતાય;*
*જુગન જુગન સે બિછુરી મીરાં કો,*
*લીની ઘર મેં આય...*

પ્રભુએ સદ્‌ગુરુ આપ્યા. અને એ રીતે, સદ્‌ગુરુ-યોગ દ્વારા પ્રભુએ મીરાંને પોતાના માર્ગ પર લીધી.

સદ્‌ગુરુયોગ પ્રભુ જ આપે ને ! 'જયવીયરાય' સૂત્રમાં, એટલે જ, ભક્ત પ્રભુ પાસે 'સુહગુરુજોગો' માગે છે.

• • •

સદ્‌ગુરુ કઈ રીતે આ ત્રણે અવરોધોને હટાવે છે ?

પહેલો અવરોધ : 'પિયા દૂર.' પ્રભુ દૂર છે. સદ્‌ગુરુ કહેશે કે બેટા ! તારી ભક્તિમાં એવી તાકાત છે કે પ્રભુને તું તારા હૃદયમાં લાવી શકે. મહોપાધ્યાય યશોવિજય મહારાજની કેફિયત મઝાની છે : 'સાત રાજ અળગા જઈ બેઠા, પણ ભગતે અમ મનમાંહિ પેઠા...'

પ્રભુ માટે એક સરસ વિશેષણ છે : અન્તર્યામી. અન્તર્યામી શબ્દનો એક અર્થ થશે : અન્તઃપ્રવિષ્ટ. ભાગવતની પંક્તિ હૃદયને રણઝણાવે તેવી છે : 'त्वया हृषीकेश ! हृदि स्थितेन, यथा नियुक्तोस्मि तथा करोमि ॥' પ્રભુ ! હૃદયમાં રહેલ તમારા વડે જેવો આદેશ અપાય છે, તે રીતે હું કાર્ય કરું છું.

પ્રભુ અન્તઃપ્રવિષ્ટ. હૃદયના કેન્દ્રમાં રહેલ. ભક્ત ક્યાં ? ભક્ત છે પરિઘમાં. ખૂણે-ખાંચરે.

અનન્ત જન્મોથી પરિસ્થિતિ એવી હતી કે રાગ, દ્વેષના કચરા દ્વારા હૃદયને ભરી દેવાતું. અને પ્રભુને માટે પાટિયું લગાવાતું : તમારા માટે જગ્યા નથી. No Vacancy for You.

હવે એવું કરવું છે કે પ્રભુ વડે જ પૂરા હૃદયને, અસ્તિત્વને ભરી દેવું છે અને પાટિયું લગાડવું છે : કોઈના માટે હવે જગ્યા નથી.

• • •

પ્રભુ અન્તર્યામી. આપણા પૂરા અસ્તિત્વમાંથી એ જ પ્રગટે. તમે કોઈની સરસ, અનુમોદનીય વાત જોઈ. હર્ષનાં બે આંસું તમારી આંખોમાં છલકાયાં. હું કહીશ : 'પ્રભુ તમારી આંખોમાં પ્રગટ્યા.' કો'કના માટે અનુમોદનાના લયમાં બે શબ્દો તમે બોલશો ત્યારે અનુભવાશે કે પ્રભુ તમારે કંઠેથી પ્રગટ્યા.

આપણી ભીતરથી આપણે બહુ જ પ્રગટી લીધું. હવે 'એ'ને - અન્તર્યામીને પ્રગટવા દઈએ.

પ્રભુ દૂર ક્યાં છે ? એક તત્ત્વજ્ઞે કહેલું : He is closer to me than myself. આપણા ભજનિક અખાજી આ જ વાત કહે છે : હરિને હિંડતાં લાગે હાથ.

• • •

'પંચવિંશતિકા'માં મહોપાધ્યાય શ્રી યશોવિજય મહારાજે કહ્યું છે : 'व्यक्त्या शिवपदस्थोसौ शक्त्या जयति सर्वगः'. વ્યક્તિરૂપે સિદ્ધશિલા પર છે (અને વિહરમાન ભગવાન મહાવિદેહમાં છે), પરંતુ શક્તિરૂપે પરમાત્મા પૂરા બ્રહ્માંડમાં વ્યાપક છે. બ્રહ્માંડના નાનામાં નાના અણુ પર 'તે'ના હસ્તાક્ષર છે !

આપણે ઓક્સિજનના મહાસાગરમાં છીએ, એ આપણે વિજ્ઞાન દ્વારા જાણીએ છીએ. હવે એ અનુભવવું છે કે આપણે પરમચેતનાના સાગરની એક નાનકડી લહેર શી રીતે છીએ.

આ અનુભવ ન થાય ત્યાં સુધી...?

મેક્લૂહાને લખેલી એક રૂપક કથા યાદ આવે : દરિયામાં રહેતી એક નાનકડી માછલી મોટી માછલીને પૂછે છે : દરિયો કેવો હોય ? લોકો દરિયાની વાત ઘણી કરે છે. દરિયો આવો હોય, આવો હોય... ખરેખર એ કેવો છે ?

મોટી માછલીએ કહ્યું : દરિયો ? આપણે જેમાં રહીએ છીએ એ જ તો દરિયો ! દરિયો વળી બીજું શું છે ?

નાની માછલીની ટિપ્પણી આવી હતી : અચ્છા, આ દરિયો છે ? આ તો પાણી છે !

આપણે પરમચેતનાના મહાસાગરમાં કે ઓક્સિજનના પાણીમાં ?

• • •

બીજો અવરોધ : 'પંથ મારો ઝીણો.' પ્રભુના માર્ગે ચાલવું બહુ જ દુષ્કર છે.

પરમપાવન દશવૈકાલિક સૂત્રનું ગાથાસૂત્ર યાદ આવે : 'नन्नत्थ एरिसं वुत्तं, जं लोए परम दुच्चरं...' આવી સાધનાની વાતો - પ્રભુશાસનમાં છે તેવી - બીજે ક્યાંય કહેવાઈ નથી, કારણ કે આ સાધના અત્યંત દુષ્કર છે.

સાધના દુષ્કર છે.

પણ સદ્‌ગુરુનાં શ્રીચરણોને સ્વીકારતાં એ અતિસરળ થઈ જશે.

સાધના દુષ્કર છે; જ્યાં સુધી અહંકાર શિથિલ નથી બન્યો.... અહંકાર મોટામાં મોટો અવરોધ બની જશે.

પંચસૂત્રક ગ્રન્થના પહેલા સૂત્રમાં, આથી જ, શરણ સ્વીકાર, દુષ્કૃત ગર્હા અને સુકૃત અનુમોદનાની ત્રિપદી આપી. આ ત્રિપદી અહંકારનો છેદ ઉડાડે.

શરણ સ્વીકાર તમે ક્યારે કરો ? તમારી જાતને તમે અસહાય માનો ત્યારે જ ને ? બીજી વાત : અત્યાર સુધી મેં નાનામાં નાનું પણ સુકૃત્ય કર્યું તેને મોટું કરીને જોવાની, બતાવવાની વૃત્તિ હતી. હવે પોતે કરેલ દુષ્કૃત્યોની ગુરુસમક્ષ નિન્દના શરૂ થશે. અને ત્રીજી વાત : અત્યાર સુધી બીજાનાં સુકૃત્યોને ક્યારેય સારાં તરીકે સ્વીકારેલ નહિ. હવે બીજાઓનાં બધાં જ સુકૃત્યોની અનુમોદના કરવી છે.

અહંકારનાં ફુરચાં જ ઊડી જશે ને !

• • •

એક માર્ગ આ દર્શાવ્યો સદ્‌ગુરુએ જેનાથી માર્ગની દુર્ગમતા સુગમતામાં ફેરવાય છે.

બીજી પણ એક પદ્ધતિ છે. આપણે સાધના કરવા જઈએ તો એ અઘરી જ લાગવાની. પણ પ્રભુની કૃપા એ કરાવે તો...?

તો એ સરળ, સરળ થઈ જાય.

પૂજ્ય આનંદઘનજી મહારાજ પરમતારક શ્રી અભિનન્દન પ્રભુની સ્તવનામાં કહે છે : 'દરિસન દુર્લભ, સુલભ કૃપા થકી... આનંદઘન મહારાજ...' દર્શન આદિ કોઈ પણ સાધના તમે કરવા જાઓ તો દુર્લભ જ છે; પણ પ્રભુની કૃપા વરસી પડે ત્યારે કેવી તો એ સરળ છે !

અનન્તા જન્મોની વિભાવ ભણીની યાત્રાનો, એક જન્મમાં સાધકને મળેલ પ્રભુની કૃપા, સાધકે સ્વીકારેલ પ્રભુની કૃપા અન્ત આણી દે.

• • •

પ્રભુની કૃપા સાધનાને કઈ રીતે ઊંચકે છે એની મઝાની વાત મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે એમની એક પ્રસિદ્ધ સ્તવનામાં આ રીતે આલેખી છે :

*'આનંદ કી ઘડી આઈ, સખી રી...*
*કર કે કૃપા પ્રભુ દરિસન દીનો, ભવ કી પીડ મિટાઈ...'*

પ્રભુએ કૃપા કરીને દર્શન આપ્યું; અને સંસારની પીડા છૂ !

બધું જ પ્રભુની કૃપા આપે છે એ વાતને ભારપૂર્વક રજૂ કરતાં એમણે કહ્યું :

*'અપૂર્વકરણ ગુણસ્થાનક સુખકર, શ્રેણિક્ષપક મંડવાઈ;*
*વેદ તીનોંકા છેદ કરાકર, ક્ષીણમોહી બનવાઈ;*
*જીવનમુક્તિ દિલાઈ...'*

અપૂર્વકરણ (દ્વિતીય) આપી ક્ષપક-શ્રેણિ પ્રભુએ મંડાવી. ત્રણ વેદોનો છેદ કરાવીને ક્ષીણ-મોહી પણ મને પ્રભુએ બનાવ્યો. જીવન્મુક્તિ પદ પણ પ્રભુએ અપાવરાવ્યું.

• • •

સાધનામાર્ગ પર ચાલવાનો ત્રીજો અવરોધ : 'સૂરત ઝકોરા ખાય.' પ્રભુની સ્મૃતિનો દીપ લબૂક-ઝબૂક થાય છે. સ્મૃતિનું સાતત્ય રહેતું નથી. માર્ગ દુર્ગમ હોય, અંધારઘેરો હોય અને દીવો ગુલ થઈ જાય તો...?

સદ્‌ગુરુ સ્મૃતિના દીવાને એવો સતેજ કરી આપે છે કે એ ક્યારેય બુઝાય નહિ.

*'સૂરત નીરત કો દીવલો જોયો,*
*મનસા પૂરન બાતી;*
*અગમ ઘાણી કો તેલ સિંચાયો,*
*બાલ રહી દિનરાતી...'*

સદ્‌ગુરુ એ દીપકમાં પૂર્ણ મનની વાટ મૂકશે અને અગમ્યની ઘાણીનું તેલ પૂરશે. પછી એ દીવો દિવસ-રાત જળ્યા જ કરશે.

સૂરત એટલે સ્મૃતિ. નિરત એટલે ગાઢ. ગાઢ સ્મૃતિના દીપક માટે વાટ અને તેલ સદ્‌ગુરુએ આપેલ જોઈશે.

'મનસા પૂરન બાતી'. પૂર્ણ મન. મન પૂર્ણ ક્યારે બને ? જ્યારે ચારેબાજુ પૂર્ણતા અનુભવાય ત્યારે... ગુરુ કહેશે :

ॐ पूर्णमदः पूर्णमिदम्, पूर्णात्पूर्णमुदच्यते ।

पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥

આ પણ પૂર્ણ, પેલું પણ પૂર્ણ. પૂર્ણથી પૂર્ણ વધે. પૂર્ણમાંથી પૂર્ણ લ્યો, તો પણ પૂર્ણ જ વધે...

આવી પૂર્ણતાનો આંશિક અનુભવ કરાવી ગુરુદેવ સાધકના મનને પૂર્ણ બનાવી દે. 'મનસા પૂરન બાતી.'

અને, તેલ ક્યાંનું લાવવાનું ? પ્રભુની કૃપારૂપી તેલ... અગમ્યની ઘાણીનું તેલ... બસ, હવે સ્મૃતિનો દીપ શાશ્વતીના લયમાં ઝળહળ્યા જ કરશે.

• • •

પ્રભુએ કરેલ ઉપકારોની વાત છેડતાં સદ્‌ગુરુ કહેશે : બેટા ! નરક અને નિગોદમાંથી તને અહીં, સાધનાની પગથાર પર લાવનાર પ્રભુની કૃપા જ છે.[૧] [૨]શું તું એ કૃપાને એક ક્ષણ માટે પણ ભૂલી શકે ખરો ?

ભક્તનો ભાવભીનો ચહેરો કહેતો હશે : ના, ગુરુદેવ ! પ્રભુને તો ક્યારેય ન ભૂલી શકાય. પ્રભુ જ તો મારું અસ્તિત્વ છે. એમના વિના મારા હોવાનો કોઈ અર્થ પણ ક્યાં છે ?[૩]

• • •

'સદ્‌ગુરુ દિયો બતાય...' સદ્‌ગુરુએ માર્ગ સ્પષ્ટ કરી આપ્યો. હવે એ માર્ગે ચાલવાનું... દોડવાનું... ને થાક્યા તો ગુરુમાની ગોદ તૈયાર જ છે !

■ ■ ■

---

૧. भवत्प्रसादेनैवाहमियतीं प्रापितो भुवम् ॥ વીતરાગ સ્તોત્ર

૨. ઇતની ભૂમિ પ્રભુ ! તુમ હિ આણ્યો... - મહો. યશોવિજયજી

૩. તમારા વિનાના અમે અમારા વિનાના... - વેણીશંકર પુરોહિત

# ૧૪

# શક્તિપાત :
# સદ્‌ગુરુની દોહરી પ્રક્રિયા



**સદ્‌ગુરુ ઐસા કીજિયે, જીવત ડારે મારી;**
**જનમ જનમ કી વાસના, તાકું દેવે બારી.**
**- સંત ચરણદાસ**

*સદ્‌ગુરુ એવા હોય કે જે જન્મ-જન્મની શિષ્યની વાસનાને બાળી નાખે અને શિષ્યના વૈભાવિક 'હું'ને ખતમ કરી નાખે. તેથી જ ઉપનિષદ કહે છે : आचार्यो हि मृत्युः ।*

# શક્તિપાત : સદ્‌ગુરુની દોહરી પ્રક્રિયા

બાયજીદ બાહ્ય સિદ્ધિઓના સ્વામી હતા. હા, ભીતરી સિદ્ધિઓ - વિનમ્રતા, ઉદારતા, સમર્પણશીલતા - તેમનાથી દૂર હતી. પણ અહંચેતના તો બાહ્ય સિદ્ધિઓમાં જ મુસ્તાક હોય ને !

એકવાર બાયજીદ જંગલમાં ચાલી રહ્યા હતા ત્યારે, વૃક્ષ નીચે રહેલ એક વૃદ્ધ સ્ત્રી-સંતે તેમને કહ્યું : 'અહીં આવ !' શબ્દોમાં એવી આજ્ઞાપકતા હતી કે બાયજીદને ખેંચાઈને ત્યાં જવું પડ્યું.

સાધનાના એક પડાવે સાધકનું આજ્ઞાચક્ર જ્વલંત બને છે અને ત્યારે તેમની વાણીમાં આજ્ઞાપકતા આવી જાય છે. શિષ્યવૃન્દ પર જેમને કાર્ય કરવાનું છે એવા ગુરુઓ આજ્ઞાચક્રને વિકસિત કરતા. પોતાની ભીતર જ જેમને જવું છે, તેમનું પૂરું અનુધ્યાન સહસ્રારને ખીલવવા ભણી રહેતું.

બાયજીદ સંત પાસે ગયા. સંતે કહ્યું : 'લે, આ પોટકી. જંગલને સામે છેડે, પૂર્વ બાજુ આવેલ પહેલા ગામના આશ્રમમાં આપી આવ.' ગુરુના પ્રભાવને કારણે એમણે પોટકી લીધી પણ ખરી. પરંતુ સંતના આભામંડલમાંથી બહાર જતાં જ તેમને થયું કે હું આવું કામ કરું ? શું હું પોટલિયો મજૂર છું ? અહંકાર ઉદ્દીપ્ત થયો.

એ વખતે ત્યાંથી એક વાઘ પસાર થતો હતો. બાયજીદે પોતાની શક્તિથી વાઘને નજીક બોલાવ્યો. વાઘની પીઠ પર દોરડીથી પોટકી બાંધી. ઈશારો કર્યો : આવા કપડાવાળાને, આ દિશામાં, આપી આવ. વાઘ ઊપડ્યો પોટલી લઈને.

ત્યારે સંતે બાયજીદને કહ્યું : 'તારા જેવો હરામ-હાડકાંનો, અહંકારી, નાલાયક માણસ નથી જોયો !'

આ શબ્દોએ શક્તિપાતનું કામ કર્યું. બાયજીદ સંતનાં ચરણોમાં ઢળ્યા...

ગુરુના શબ્દોમાં દેખીતી કઠોરતા હતી; પણ જે ભીતરી દર્દ હતું; એ બાયજીદને સ્પર્શી ગયું. ગુરુ કહેવા માગતા હતા કે મેં તને કામ સોંપ્યું ત્યારે શું તું પોતે નહોતો જઈ શકતો કે વાઘને હેરાન કર્યો ? તું હરામહાડકાંનો તો નથી ને ? પ્રમાદી. આળસુ. અથવા તો, તું તારા અહમ્‌ને પ્રદર્શિત કરવા માગતો હતો કે હું કેવો ચમત્કારિક શક્તિવાળો છું. ઠીક છે, બીજે ક્યાંક આવો અહંકાર તું કદાચ પ્રદર્શિત કરે; પણ મારી સામે...? એક સદ્‌ગુરુ સામે આવા અહંકારને પ્રદર્શિત કરવો તે શું ના-લાયકી ન કહેવાય ?

• • •

શબ્દ શક્તિપાત.

સદ્‌ગુરુ આંખો દ્વારા શક્તિપાત કરે. હાથ દ્વારા (બ્રહ્મરન્ધ્રને સ્પર્શીને) શક્તિપાત કરે. શબ્દ દ્વારા કરે અને પોતાની આભા - aura દ્વારા પણ કરે.

મઝાની વાત એ છે કે ગુરુ દોહરી પ્રક્રિયા અહીં અજમાવે છે. સાધક શબ્દ શક્તિપાતને ઝીલવા માટે તૈયાર ન હોય તો પહેલાં એને તૈયાર કરે. અને તૈયારી થતાં જ શબ્દ શક્તિપાત.

એક સદ્‌ગુરુ.

સાધક એમની પાસે આવ્યો. એણે કહ્યું : 'ગુરુદેવ ! મને સાધના-દીક્ષા આપો !'

ગુરુએ કહ્યું : 'તું મોરપિચ્છની સાવરણી લઈ ઉપાશ્રયને સાફ કર્યા કર.' સાધકે ગુરુના વચનને સ્વીકાર્યું.

રોજ એકવાર તે ગુરુને વન્દન કરવા આવે. બાકી પૂરો દિવસ ઉપાશ્રયને સાફ કર્યા કરે. સદ્‌ગુરુ વયને કારણે સ્થિરવાસ રહેતા હતા. જોકે, પ્રભુની આજ્ઞા પર તીવ્ર આદર હોવાને કારણે, શેષકાળમાં મહિને મહિને ઉપાશ્રયનો રૂમ બદલતા.

સમય વીતતો ચાલ્યો. મહિનાઓ વીત્યા. વર્ષો વીતવા લાગ્યા. સાધકને ગુરુ પાસે આવ્યાને બાર વર્ષ થયાં અને એ માત્ર ઉપાશ્રયને સાફ કરી રહ્યો છે. એના પછી આવનાર સાધકો કેટલાય ગ્રન્થો ભણી ગયા. આને કશું જ શીખવાડાયું નથી. પરંતુ સાધકના મનમાં એક જ વાત છે : સાધના સદ્‌ગુરુની શરતે મળી શકે. સાધનાક્ષેત્રમાં ગુરુ જ સર્વ કાંઈ છે. તેઓ જે કરતા હશે, તે બરોબર જ હશે...

જે દિવસે ઉપાશ્રયમાં આવ્યાને સાધકને બાર વર્ષ પૂર્ણ થયાં અને તેરમું વર્ષ ચાલુ થયું, એ દિવસે પણ રોજના ક્રમ પ્રમાણે તે ગુરુના વન્દન માટે આવ્યો. ભાવથી એણે ચરણસ્પર્શ કર્યો. ગુરુએ પૂછ્યું : 'તને અહીં આવ્યાને કેટલો સમય થયો ?' 'ગુરુદેવ ! બાર વર્ષ થયાં.' 'શું કરે છે ?' અહોભાવપૂર્વકનો એનો ઉત્તર છે : 'ગુરુદેવ ! આપે કહેલુંને કે ઉપાશ્રયનો કચરો કાઢ. બસ, તે દિવસથી કચરો કાઢ્યા કરું છું.'

અને ગુરુએ શબ્દ શક્તિપાત કર્યો : 'જા, તારો કચરો નીકળી ગયો !' રાગ-દ્વેષની શિથિલતા માટેનો આ મઝાનો શક્તિપાત. જે કચરો બાર વર્ષે નહિ, બાર જન્મે નહિ, બારસો જન્મે પણ ન નીકળે; તેને સદ્‌ગુરુએ કાઢી નાખ્યો.

સવાલ એ થાય કે ગુરુદેવે બાર વર્ષ શા માટે લીધા ? ગુરુ દોહરી પ્રક્રિયા કરી રહ્યા હતા શક્તિપાત માટે. જે અહોભાવની તીવ્રતા જરૂરી હતી; તેને તેમણે ઉભારી. અને જે ક્ષણે લાગ્યું કે અહોભાવ તીવ્રરૂપે ઊભરી ચૂક્યો છે; શક્તિપાત કરી દીધો.

સદ્‌ગુરુની આ પરમ કરુણા માટે તમે કયા શબ્દો વાપરી શકો ? બાર બાર વર્ષ સુધી ગુરુ રાહ જોતા જ રહ્યા.

• • •

અર્જુનના રાધાવેધ કરતાં ગુરુનું કામ મોટું છે. રાધાવેધમાં રાધા નામની પૂતળી હોય. તે ગોળ ગોળ ઉપર ફરતી હોય. તેની નીચે ૩-૪ ચક્રો આડાં-અવળાં, ધીમે-ઝડપે ચાલતાં હોય. એક ક્ષણ એવી મળવી જોઈએ, જ્યારે બધાં જ ચક્રોને સમાન્તર રાધાની આંખ આવેલી હોય અને ધનુર્ધર પાણીના કુંડમાં આંખોને ટેકવી બાણ લગાવે.

અહીં ગુરુએ સાધકના અસ્તિત્વને ઢંઢોળવું છે. શબ્દ-બાણ બરોબર તેના અસ્તિત્વને લાગવું જોઈએ. પણ વચ્ચે, સબકૉન્શ્યિન્સ માઈન્ડ, અન્કૉન્શ્યિન્સ માઈન્ડ... કેટલાં બધાં ચક્રો. એમને ભેદીને ગુરુનું શબ્દ-બાણ સાધકના હૃદયને સ્પર્શવું જોઈએ.

જોકે, એમાં ગુરુની ભૂમિકા પણ ઓછી નથી.

અર્જુન રાધાવેધ કરવા તૈયાર થયો. તેણે શ્રીકૃષ્ણને પૂછ્યું : 'પૂતળીની આંખ પર નજર મારે સ્થિર રાખવાની : પાણીમાં દૃષ્ટિ રાખીને. ધનુષ્યમાંથી બાણ મારે છોડવાનું... બધું હું કરીશ. તો તમે શું કરશો ?' શ્રીકૃષ્ણે કહ્યું : 'હોજનું પાણી સ્થિર રહે એ હું જોઈશ. એ જ જો તરંગાયિત થાય તો નિશાન શી રીતે લઈ શકાય ?'

ગુરુકાર્યની કેટલી મઝાની આ વાત !

તમારા મનના હોજને સ્થિર કરવાનું કાર્ય સદ્ગુરુનું.

• • •

ગુરુએ એક ચોક્કસ ક્ષણ પકડવી છે; જે ક્ષણમાં સાધક જાગૃત હોય, પૂરા હોશમાં હોય. અને સદ્ગુરુના શબ્દો એના હૃદયને સ્પર્શે.

એક સાધક સદ્ગુરુ પાસે આવ્યો. એને માત્ર પંદરેક મિનિટ ગુરુ પાસે મળે તેમ હતી. ઈચ્છા હતી કે ગુરુદેવ બે-ચાર મઝાનાં વાક્યો હિતશિક્ષાનાં કહે. ગુરુદેવને વન્દના કરીને એ બેઠો. હિતશિક્ષા માટે વિનંતિ કરી. પણ ગુરુદેવ બોલતા નથી. સાધકની આંખમાં આંસું : 'ગુરુદેવ ! કંઈક મને કહો !'

ગુરુદેવ તો કરુણાના સાગર છે જ. એમને ન બોલવું એવું છે જ નહિ. પણ તેઓ ચોક્કસ ક્ષણની રાહ જોઈ રહ્યા છે. છેવટે સાધક ઊઠ્યો. ગુરુદેવને વન્દના કરીને ચાલ્યો. દશેક ડગલાં એ દૂર ગયો હશે અને ગુરુએ કહ્યું : 'થોભ ! પાછો ફર !'

બે જ વાક્યો... સાધક ખુશ થયો. પહેલાં તો એ સમજ્યો કે ગુરુજી મને હિતશિક્ષા માટે બોલાવી રહ્યા છે કે થોભ, પાછો ફર. તેણે મુખ ફેરવ્યું, ગુરુદેવ સામે જોયું. તેમણે સ્મિત વરસાવ્યું. અને એ સ્મિતના પ્રકાશમાં પેલાં વાક્યોનો મર્મ સ્પષ્ટ રીતે સમજાયો. ઓહો ! આ બે વાક્યોમાં તો ગુરુદેવે પૂરા જીવનનો મર્મ બતાવી આપ્યો : વિભાવમાં તું જઈ રહ્યો છે, ત્યાંથી અટકી જા. અને સ્વભાવની દિશામાં પાછો ફર.

ગુરુદેવ ચોક્કસ ક્ષણની રાહ જોઈ રહ્યા હતા. ગુરુદેવે તેની અપેક્ષા ન સંતોષી. છતાં તેનો અહોભાવ તીવ્ર બન્યા જ કર્યો, બન્યા જ કર્યો. અને અહોભાવની એ પૃષ્ઠભૂ પર ગુરુદેવે શબ્દ-શક્તિપાત કરી દીધો !

• • •

સાધકની ચોક્કસ ક્ષણ : અહોભાવ વત્તા જાગૃતિ. તમે સદ્ગુરુને કઈ રીતે સાંભળતા હો છો ? હું ઘણીવાર પૂછતો હોઉં છું પ્યારા શ્રોતાઓને : કોણ સાંભળે છે ? કાન સાંભળે છે, મન સાંભળે છે કે તમે સાંભળો છો ?

પ્રવચનકાર મહાત્મા અસ્ખલિત ગતિએ બોલતા હોય, કાનને ઓચ્છવ થઈ જાય. ક્યારેય ન સાંભળ્યા હોય એવા પદાર્થો પ્રવચનકારશ્રીએ સંભળાવ્યા; મનને ઓચ્છવ થઈ જાય. પણ આમાં તમે ક્યાં ?

અહોભાવના લયમાં ઝૂમતા તમે ક્યાં ?

એક મઝાનો આયામ પ્રભુવાણી સાંભળવાનો આ છે : આપણી અતીતની યાત્રામાં આપણે પ્રભુના સમવસરણમાં ગયેલા. ક્યારેક ભલે કુતૂહલ-વશ ગયા હોઈશું. પરંતુ ક્યારેક ભક્તિસભર હૃદયે પણ ગયા હોઈશું. એ સમયે, એક મીઠી મૂંઝવણ હૃદય પર સવાર થઈ હશે : પ્રભુને નિહાળવા કે તેમને સાંભળવા ? એક બાજુ પરમાત્માનું અપ્રતિમ રૂપ. રૂપની છેલ્લી સરહદ. 'કોટિ દેવ મિલ કે કર ન સકે, એક અંગુષ્ઠ રૂપ પ્રતિછંદ, ઐસો અદ્દભુત રૂપ તિહારો...' કરોડો દેવો ભેગા થઈને પણ પ્રભુના ચરણના અંગુષ્ઠ જેટલું રૂપ એકઠું કરી શકતા નથી; એ પરમાત્માના રૂપને નિહાળવું કે પ્રભુના અમૃતમય શબ્દોને સાંભળવા ?

કદાચ મનમાં એવો પ્રશ્ન થાય કે શું બેઉ સાથે ન થઈ શકે ? ના. ઈન્દ્રિયોની બેઉ ચેનલો સાથે ચાલી શકતી નથી. યા તો તમે જોઈ શકો. યા તો તમે સાંભળી શકો.

અચ્છા, તે વખતે શું થયેલું; આપણા અતીતમાં ? તે વખતે, દેખીતી રીતે થાય તેમ, દશ્ય માધ્યમ અને શ્રાવ્ય માધ્યમ બેઉ માધ્યમો હોય ત્યારે દશ્ય માધ્યમ તરફ જ ધ્યાન ખેંચાય. તો, પ્રભુને નીરખવાનું ત્યારે થયેલું. પ્રભુના પ્યારા, પ્યારા શબ્દો છૂટી ગયેલા. એ શબ્દોને અત્યારે પ્રવચન સમયે અનુસન્ધિત કરવા છે.

આમ પણ, સદ્દગુરુ ક્યાં બોલે છે ? પ્રભુ જ બોલે છે ને ! સદ્દગુરુ તો પ્રભુમય બનેલ વ્યક્તિત્વ છે ને !

• • •

અહોભાવની આ પૃષ્ઠભૂ પર વહેતા સદ્દગુરુના પ્યારા, પ્યારા શબ્દો... મઝાનો શબ્દ શક્તિપાત.

■ ■ ■


તવ પૂજા શરણં મમ

# ૧૫

# ‘ગુરુ મોહિ મારે શબ્દ કી લાઠી...’



**जह कारुणिओ विज्जो, देइ समाहिं जणाण जरिआणं ।**
**तह भवजरगहिआणं, धम्मसमाहिं गुरु देइ ॥४॥**
**- ગુરુતત્ત્વ વિનિશ્ચય**

*જેમ કરુણાવાન વૈદ્ય તાવવાળા દર્દીઓને સ્વાસ્થ્ય આપે છે તેમ સંસાર રૂપી તાવથી ગ્રસ્ત વ્યક્તિત્વોને સદ્ગુરુ ધર્મસમાધિ આપે છે.*

## 'ગુરુ<br>મોહિ મારે<br>શબ્દ<br>કી લાઠી...'

પૂજ્યપાદ, ધર્મનાયક હરિભદ્રસૂરિ મહારાજે ષોડશક ગ્રન્થમાં, ગુરુ દ્વારા નૂતન દીક્ષિતને અપાતા નામને શક્તિપાત કહેલ છે.

બની શકે કે નિમિત્ત મળતાંની સાથે જ ક્રોધમાં ઓતપ્રોત થનાર વ્યક્તિને પણ ગુરુદેવ પ્રશમરતિ નામ આપે અને તેનો ક્રોધ છૂ થઈ જાય.

પૂજ્ય આનંદઘનજી મહારાજની ચોટડૂક પંક્તિ યાદ આવે : 'ગુરુ મોહિ મારે શબ્દ કી લાઠી, ચેલે કી મતિ અપરાધિની નાઠી...' ગુરુના શબ્દશક્તિપાતને એમણે લાકડીની ઉપમા આપી; જે સાધકના ચિત્ત પર જામેલ વિભાવની ધૂળને ખંખેરી નાખે...

• • •

મહારાષ્ટ્રમાં એક ગામમાં એક સંત પધાર્યા. સ્વાગત-યાત્રા પછી તેમનું પ્રવચન હતું. ગામના અગ્રણી સદ્‌ગૃહસ્થ આગળ બેઠેલા. તેઓ ઘણીવાર પ્રવચનોમાં આગળ બેસતા. પ્રવચનને અંતે ઉદ્‌ઘોષણા એમને જ કરવાની રહેતી.

આજે તેઓ બેઠા. એકાદ કલાક માટે એ સદ્‌ગુરુની ઑરા માણવાનું થયું. અદ્‌ભુત હતાં એ આન્દોલનો. અગ્રણીને થયું કે આ સદ્‌ગુરુ જો મને સ્વીકારે તો તેમનાં ચરણોમાં પૂરું જીવન સમર્પિત કરી દઉં. એણે સદ્‌ગુરુને પ્રાર્થના કરી.

ગુરુને એમના કાર્યફલકનો ખ્યાલ હતો. પ્રવૃત્તિમાં ગળાડૂબ ડૂબેલ તેઓ હતા. ધંધામાંથી નિવૃત્ત થઈને સામાજિક પ્રવૃત્તિઓમાં લાગેલ આ વ્યક્તિત્વ. દીક્ષા પછી વાડીઓ અને ધર્મસ્થાનોના વહીવટમાં જ પડી જાય ને !

પરંતુ ગુરુએ જોયું કે પોતાના શક્તિપાતને એ ઝીલી શકે તેમ છે. તેમણે દીક્ષા માટે સ્વીકૃતિ આપી. દીક્ષા સમયે ગુરુએ તેમને નામ આપ્યું : નિવૃત્તિનાથ. પ્રવૃત્તિનાથને નિવૃત્તિનાથ બનાવી દેવાનો ગુરુએ ઉપક્રમ આદર્યો.

દીક્ષા પછી, થોડાક દિવસ ગુરુદેવને તે ગામમાં રહેવાનું હતું. નિવૃત્તિનાથે પોતાના આસન પાસે એક પાટિયા પર લખ્યું કે પોતે બપોરે ત્રણથી ચાર જ કોઈની સાથે વાતચીત કરશે. બાકી તેવીસ કલાકનું તેમને મૌન છે.

લોકો એક કલાક માટે ત્યાં ભીડ જમાવે. કો'ક કહે : તમે સંન્યસ્ત થયા, હવે સમાજનાં કાર્યો કોણ કરશે ? કોણ માર્ગદર્શન આપશે ? તમારા વિના તો એ ક્ષેત્રે અંધારું થઈ જશે...

નિવૃત્તિનાથના અહંકારના અંગારાને આ લોકો હવા નાખતા હતા એ ગુરુએ જોયું. ગુરુની કરુણા મુખરિત બની. એમણે વિચાર્યું કે એક કલાકમાં લોકો આનો અહંકાર એટલો તો સતેજ કરીને જશે કે તેવીસ કલાકે પણ એ શિથિલ નહિ થાય.

ગુરુએ નિવૃત્તિનાથને બોલાવીને કહ્યું : 'થોડેક દૂર એક ગામમાં એક મહાત્માની સેવા માટે તમારે જવાનું છે.' 'જી, ગુરુદેવ ! ક્યારે જવાનું છે ?' 'આજે જ.' ગુરુની કરુણાએ એવું ગામ શોધેલું જે આ જ્ઞાતિના લોકોવાળું નહોતું. આ મહાત્માને કોઈ ત્યાં ઓળખે તેમ નહોતું. નિવૃત્તિનાથ ત્યાં પહોંચ્યા. કોઈ એમની સાધનાને અવરોધવા ત્યાં આવનાર નહોતું. એમની સાધના - ગુરુના નિર્દેશ પ્રમાણે - ખૂબ સરસ ચાલવા લાગી. અઠવાડિયે, દશ દિવસે નિવૃત્તિનાથ ગુરુને પત્ર લખતા. પોતાના ગુણ-દોષોની વાત તેમાં આલેખતા.

ચારેક મહિના પછી, તેમણે ગુરુને એક પત્ર મોકલ્યો. પરબીડિયા પર લખેલું : 'શ્રીગુરુચરણેષુ...' પત્ર ગુરુને મળ્યો. ગુરુએ નિવૃત્તિનાથના અક્ષરો ઓળખ્યા. પરબીડિયું ખોલ્યું. અંદર કોરો કાગળ. ગુરુ ખુશ થયા. વાહ ! નિવૃત્તિનાથ કોરો થઈ ગયો !

• • •

ગુરુની કરુણા. શિષ્ય દ્વારા એનું ઝિલાવું. વિભાવશૂન્યતાની દિશામાં મઝાના કદમ ભરાઈ રહે.

નિવૃત્તિનાથ નામ આપીને ગુરુએ શિષ્યને પ્રવૃત્તિજગતમાંથી બહાર લઈ લીધો.

નામન્યાસ સમયે, શિષ્યને નામ આપતી વખતે ગુરુ એક થ્રોઈંગ કરે છે, પોતાની શક્તિને તેની તરફ ફેંકવાનું; એ થ્રોઈંગ એવું તો પ્રબળ હોય છે કે એ સાધકના અસ્તિત્વના સ્તર પર જઈ રહે છે.

સબળ બની ઊઠેલ વ્યક્તિત્વનો એક શબ્દ : અને શિષ્યની સાધના દોડવા લાગે.

હા, ગુરુના એ શબ્દ-શક્તિપાતને ઝીલવા માટે સાધક પાસે જોઈશે તીવ્ર અહોભાવ.

સાધકના તીવ્ર અહોભાવની

પૃષ્ઠભૂ પર

સદ્ગુરુના સશક્ત શબ્દનું

વરસવું;

જાણે કે સ્વાતિ નક્ષત્રમાં

છીપમાં

વર્ષાબુંદનું વરસવું...

વર્ષાબુંદ મોતીમાં પલટાશે.

સદ્ગુરુનો શબ્દ

સાધના-મૌક્તિકના પ્રાગટ્યમાં

ફેરવાશે.

• • •

એક ભાઈની દીકરીએ દીક્ષા લીધેલી. દીક્ષા પછી દીકરી મહારાજનાં ગુરુણીજીએ તેમને કહેલું : વર્ષમાં એક જ વાર, ચાતુર્માસમાં, સાતા પૂછવા આવવાનું. વારંવાર નહિ આવવાનું. નૂતન દીક્ષિતાની સઘન સાધનાના આ પ્રાથમિક સત્રમાં એકાન્ત જરૂરી હોય છે.

ભાઈએ એ વાત સ્વીકારી. ચાતુર્માસમાં તેઓ જ્યારે જાય ત્યારે પહેલાં ગુરુણીજી મહારાજને મળે. ગુરુણીજી પછી નૂતન-દીક્ષિતા સાધ્વીજીને કહે કે થોડીવાર બેસો સંસારી પિતા સાથે. ત્યારે તેઓ ત્યાં આવે. નીચી નજરે, મુહપત્તી હાથમાં રાખી બોલે : 'હું સાતામાં છું. અધ્યયન સરસ ચાલે છે...' બે મિનિટ વાત કરી ઊઠીને પોતાના આસને જતાં રહે.

એક વર્ષમાં બે મિનિટ દીકરી મહારાજ મળે. પણ એ ભાઈ ખુશ હતા. એમને લાગતું હતું કે ગુરુણીજીની આ કરુણા એમની દીકરીના સાધનાજીવનને ખૂબ જ ઊંચકશે.

● ● ●

નામ સ્થાપનની વિધિ શબ્દ-શક્તિપાત છે. કહો કે પૂરા જીવનને આવરી લેતી સાધનાનો નકશો/ગ્રાફ સદ્‌ગુરુ માત્ર નામસ્થાપન દ્વારા આપે.

નામ-સ્થાપનની વિધિને વ્યક્તિસંબદ્ધ શક્તિપાત કહેવાય. સામી વ્યક્તિની સાધનાને તત્કાલીન પડાવથી ઊંચકીને ગુરુ કયા પડાવે મૂકવા માગે છે એનું એક સ્પષ્ટ નિદર્શન. શિષ્યને, એ નામ દ્વારા, સતત ખ્યાલ આવે કે ગુરુ પોતાને ક્યાં લઈ જવા ચાહે છે.

દીક્ષાની વિધિમાં, નામસ્થાપનની વિધિ પૂર્વે 'करेमि भंते !' સૂત્ર સદ્‌ગુરુ આપે છે. એ પણ શબ્દ-શક્તિપાત છે. પહેલાં ગુરુ લુંચન કરે છે. પોતાના શક્તિશાળી હાથ વડે બ્રહ્મરન્ધ્રમાંથી માત્ર વાળનું જ નહિ, વિભાવોનું પણ દૂરીકરણ. અને તે પછી 'करेमि भंते !' સૂત્ર રૂપી શબ્દ-શક્તિપાત.

અહોભાવની પૃષ્ઠભૂ પર 'करेमि भंते !' સૂત્રનું ઝિલાવું... સાધક વિભાવમાં જઈ જ ન શકે.

■ ■ ■

# ૧૬

# ‘અંસુઅન સીંચ સીંચ,
# પ્રેમબેલિ બોઈ...’



यावन्नानुग्रहः साक्षाज्जायते परमेश्वरात् ।
तावन्न सद्‌गुरुं कश्चित्, शास्त्रवान्नपि प्रापयेत् ॥
- યોગવાસિષ્ઠ

*જ્યાં સુધી પરમેશ્વર તરફથી સીધો અનુગ્રહ નથી મળતો ત્યાં સુધી શાસ્ત્રવાન પણ સદ્‌ગુરુને મેળવી શકતો નથી.*

# 'અંસુઅન સીંચ સીંચ, પ્રેમબેલિ બોઈ...'

સંત એક ભક્તને આંગણે આવ્યા. ભક્ત જુત્તાં સાંધી રહ્યો છે. ખ્યાલ નથી કે સદ્‌ગુરુ આંગણે આવ્યા છે. એક મિનિટ, બે મિનિટ, અઢી મિનિટ... ગુરુ ઊભા જ રહ્યા છે. તેઓ પાછા ફરતા નથી. મારા લયમાં કહું તો, ગુરુ પાછા ફરી શકતા નથી.

પ્રભુએ જે કાર્ય સદ્‌ગુરુને સોંપ્યું છે, તે તેમણે કરવાનું છે. પરમચેતના છે પરમસક્રિય. ગુરુચેતના છે પરમનિષ્ક્રિય. (કારણ કે એણે કશું કરવું જ નથી. પ્રભુની આજ્ઞાને જ કાર્યમાં ઢાળવી છે તેણે.)

ભક્ત પોતાના કામમાં ડૂબેલ છે અને ત્યારે, કરુણામય સદ્‌ગુરુ ખોંખારો ખાય છે. ખોંખારાનો અવાજ અને ભક્તે પલકોને ઊંચે ઉઠાવી : અરે, સદ્‌ગુરુ મારે દ્વારે ! તેના આનન્દનો પાર ન રહ્યો. ગુરુદેવને આસન પર બિરાજમાન કર્યા. ભક્તની આંખમાંથી પશ્ચાત્તાપનાં આંસુંની સરવાણી વહે છે : ગુરુદેવ ! આપ પધાર્યા અને મને ખ્યાલ સુદ્ધાં ન રહ્યો. કેવો તો હું પ્રમાદી !

ગુરુ પ્રસન્ન થયા : એની ભીનાશને જોઈને. એવું ન હતું કે ભક્ત ગુરુ પાસે પહેલાં ન ગયેલ હોય. તો એવુંય નહોતું કે ગુરુ ક્યારેય, આ પહેલાં, ભક્તને આંગણે ન આવ્યા હોય. પણ આ પહેલો અવસર હતો, જ્યારે ભક્તે ભીનાશની પૃષ્ઠભૂ આપી હતી.

ભક્તની ભીનાશ. ગુરુનું કામ શરૂ. કે પૂરું ? ભીનો માટીનો લોંદો. શિલ્પી પોતાની આંગળીઓ નચાવશે અને શિલ્પ તૈયાર !

ભક્તહૃદયની ભીની ક્ષણો એ તેની બહુ મોટી ઉપલબ્ધિ છે.

• • •

પરમપાવન આચારાંગ સૂત્રમાં પ્રભુ કહે છે : 'खणं जाणाहि पंडिए....' હું એનો મુક્ત અનુવાદ આવો કરું છું : 'પ્રભુ કહે છે : બેટા ! તારી એક ક્ષણ તું મને આપીશ ?' આપણે તો ઓવારી જઈએ. જે પ્રભુએ પૂરું જીવન આપ્યું છે, એ પ્રભુ એક ક્ષણ માંગી રહ્યા છે. 'પ્રભુ ! આપી !'

પણ આચારાંગજીમાં પ્રભુ કુશળ ગુરુ તરીકે ઉપસ્થિત થયેલા છે. કુશળ ગુરુની એક વ્યાખ્યા આવી પણ છે : તમે આંગળી આપો ને તમારો પહોંચો પકડે; તમે પહોંચો આપો ને જે તમારો હાથ પકડે. અને હાથ આપતાં જ આખા ને આખા તમે છૂ ! એ કુશળ ગુરુ.

પ્રભુ કહે છે : બેટા ! તું બહુ ડાહ્યો. મેં ક્ષણ માગી, તેં આપી. પણ મને જે ક્ષણ તું આપે તે અશુદ્ધ ક્ષણ હશે તો નહી ચાલે ને...?

અશુદ્ધ ક્ષણની સામે શુભ અથવા શુદ્ધ ક્ષણ પ્રભુને આપવાની રહી. અહોભાવથી ભીની, ભીની ક્ષણ તે શુભ ક્ષણ. સ્વગુણાનુભૂતિથી સભર ક્ષણ તે શુદ્ધ ક્ષણ. જે ક્ષણમાં વિભાવોનું પ્રતિબિંબન નથી પડ્યું.

શુદ્ધ ક્ષણ અઘરી છે. પણ પ્રભુનાં ચરણોમાં એ ધરવી જ છે એવો સંકલ્પ થાય તો એ બહુ જ સરળ છે. 'સુલભ કૃપા થકી...' એ નિયમ લાગશે ને ! હા, સાધકની જાગૃતિ જોઈશે.

ધારો કે ૫૮ સેકન્ડ શુદ્ધમાં ગઈ. કોઈ જ વિકલ્પો નથી. અને એટલે, સ્થૂળ રૂપે વિભાવો ઉદિત થયેલા પ્રતીત થતા નથી. સ્વભાવનો ઝંકાર ભીતર રેલાઈ રહ્યો છે. અને ૫૯મી સેકન્ડે એક વ્યક્તિ તમારા ખંડમાં પ્રવેશી. એને જોતાં જ તમને તિરસ્કાર જો થઈ ઊઠ્યો તો તમારી શુદ્ધ મિનિટનું શું થાય ? શુદ્ધ મિનિટ તમને ન મળે.

યા તો ભીની ભીની ક્ષણ... યા શુદ્ધ ક્ષણ પ્રભુનાં ચરણોમાં સમર્પિત કરવી જ છે.

• • •

ભક્તના હૃદયની ભીનાશની પૃષ્ઠભૂ પર હવે ગુરુએ કામ કરવું છે. ગુરુએ ભક્તને કહ્યું : 'હું તો અઢી મિનિટથી તારે દ્વારે આવેલો. પ્રભુ ક્યારના તારે દ્વારે આવીને તારી પ્રતીક્ષા કરી રહ્યા છે એ તને ખ્યાલ છે ?'

હવે ચોંકવાનો વારો ભક્તનો હતો. 'શું પ્રભુ મારી પ્રતીક્ષા કરે છે ?' 'હા, પ્રભુ તારી રાહ જોઈ રહ્યા છે.'

કામ થઈ ગયું.

ભક્ત એ જ ક્ષણે ગુરુના પગલે પગલે, ગુરુની સાથે પ્રભુને મળવા માટે ચાલી નીકળ્યો.

• • •

હમણાં એક સંગોષ્ઠિમાં આ ઘટના મેં ચર્ચેલી ત્યારે એક મુમુક્ષુએ પૂછેલું : ગુરુદેવ ! પ્રભુ અમારી રાહ જુએ, એ વાત ગળે ઊતરે તેવી નથી. પ્રભુ છે સ્વયંસંપૂર્ણ. એ બીજાની પ્રતીક્ષા કેમ કરે ?

મેં કહ્યું : તને પુરાવો આપું તો તું માને ?

એ કહે : હા, તો તો માનવું જ પડે ને !

પછી કહે : પુરાવો શું છે ?

મેં કહ્યું : તું જ પુરાવો.

એ કહે : શી રીતે ?

મેં પૂછ્યું : ભક્તિની આ પગથાર પર, સાધનાની આ ભૂમિકા પર, તું તારી મેળે આવ્યો કે પ્રભુ તને લઈને આવ્યા ?

એણે કબૂલ્યું કે પ્રભુ જ મને અહીં સુધી લઈ આવ્યા છે. મેં આગળ પૂછ્યું : અને તું મોક્ષમાં જઈશ તો એય તારા પ્રયત્નથી કે પ્રભુની કૃપાથી ?

મુમુક્ષુએ 'વીતરાગ સ્તોત્ર' આદિ ગ્રન્થો વાંચેલા હતા. 'भवत्प्रसादेनैवाहमियतीं प्रापितो भुवम्'... એ એનું પ્રિય વાક્ય પણ હતું. એણે કહ્યું : પ્રભુની કૃપા વિના સાધનામાર્ગે એક ઇંચ પણ આગળ સરકી શકાતું નથી.

મેં કહ્યું : સાધનાની આ ભૂમિ પર પ્રભુ તને લાવ્યા. અહીંથી મુક્તિ સુધીની યાત્રા પણ એમના સહારે થવાની. આ લયમાં, પ્રભુ તારી પ્રતીક્ષા કરે છે એમ કહી શકાય કે નહિ ?

એણે હકારમાં માથું ધુણાવ્યું.

• • •

પૂજ્યપાદ આનંદઘનજી મહારાજ સાહેબને એક મુમુક્ષુએ પૂછેલું : ગુરુદેવ ! અમે તો પ્રભુને પ્રાણથી પણ વધુ ઉત્કટ ચાહતથી ચાહીએ છીએ. શું પ્રભુ અમને ચાહે છે ?

એ મહાન યોગિરાજે હા પાડી.

મુમુક્ષુએ પૂછ્યું : પ્રભુના અમારા પરના પ્રેમની પ્રતીતિ શું ?

પૂજ્યશ્રીએ આ કડી તે સમયે કહેલી :

*'દોડત દોડત દોડત દોડિયો, જેતી મનની રે દોડ;*
*પ્રેમ પ્રતીત વિચારો ઢૂકડી, ગુરુગમ લેજો રે જોડ...'*

'પ્રેમ-પ્રતીત વિચારો ઢૂકડી.' ઢૂકડી એટલે નજીક. પ્રભુના પ્રેમની પ્રતીતિ, સાબિતી તમને નજીકમાં, તરત જ, મળી શકે.

શી રીતે ?

પ્રતીતિ માટે બે કારણો અપાયાં છે.

એક : 'દોડત દોડત દોડત દોડિયો, જેતી મનની રે દોડ...' બે : 'ગુરુગમ લેજો રે જોડ.' સાધનાના માર્ગે તમે વેગથી દોડી શકો; મનના વેગે; તો એ છે પ્રભુના પ્રેમની નિશાની.

તમે સાધનામાર્ગે એક કદમ પણ ભરી શકતા નથી. એને બદલે વેગથી તમે સાધનામાર્ગે દોડી શકો; તો એ પ્રભુના તમારા તરફના પ્રેમની પ્રતીતિ નથી તો શું છે ?

પ્રભુએ તમને પસંદ ન કર્યા હોત, તો તમે સાધનામાર્ગ પર કદમ પણ કેમ ભરી શક્યા હોત ?

• • •

પ્રભુના પ્રેમનો આ સ્પર્શ...

કેવી ભાવાનુભૂતિ હોય તેની ?

'મારા પ્રભુ મને ચાહે છે...' બસ, બીજું મારે જોઈએ પણ શું ?

પ્રભુની આ કરુણાનો સ્પર્શ મને એકવાર આચારાંગ સૂત્ર વાંચતાં થયેલો. હું દેરાસરે ગયેલો. સ્તવનાની એક પંક્તિ રટતાં આંખો અને હૃદય ભીંજાયાં :

*'આશ ધરીને હું પણ આવ્યો, નિજ કર પીઠ થપેટીએ...'*

પંડિત પદ્મવિજય મહારાજે રચેલી સ્તવનાની આ પંક્તિ રટતાં મેં પ્રભુને ફરિયાદ કરી કે પ્રભુ ! પૂજ્ય પદ્મવિજય મહારાજ મોટા ગજાના ભક્તિયોગાચાર્ય. એટલે તેં એમને તારો સ્પર્શ આપ્યો હશે. પણ મારા માટે શું ? હું પણ આશા લઈને તારી પાસે આવ્યો છું. તું શું તારા હાથ વડે મારા અસ્તિત્વને સ્પર્શીશ ?

ભીની આંખે હું ઉપાશ્રયે ગયો. મારા આસન પર બેઠો. ઈરિયાવહી કરી. આચારાંગજીનું પુસ્તક મારા ટેબલ પર હતું. તેને હાથમાં લીધું. અને જે પાનું ખૂલ્યું, તેમાંનું એક સૂત્ર વાંચતાં લાગ્યું કે પ્રભુએ મારાં આંસુંને લૂછી નાખ્યા. સૂત્ર આવું હતું : 'अणाणाए एगे सोवट्ठाणा, आणाए एगे णिरुवट्ठाणा, एतं ते मा होतु ।' કેટલાક સાધકો અનાજ્ઞામાં ઉદ્યમશીલ છે, કેટલાક સાધકો આજ્ઞાધર્મના પાલનમાં નિરુત્સાહ છે; પણ તને આવું ન હો !

'एतं ते मा होतु ।' 'તને આવું ન હોય !' હું તો ઊછળી પડ્યો. વાહ ! પ્રભુનો કેવો મઝાનો પ્રેમ/સ્પર્શ મળ્યો... પ્રભુએ મને કેવો તો પ્રીતિપાત્ર લેખ્યો કે મારા પર પ્રભુએ વિશેષ શ્રદ્ધા મૂકી. 'બેટા ! આ તો બીજાઓ માટેની વાત હતી. તારા માટે નહિ હો ! તું તો આજ્ઞાપાલનમાં ઉત્સાહી છે. અનાજ્ઞામાં તું જતો નથી.'

મારા પ્રભુની કરુણાનો સ્પર્શ...

ઓવારી ગયો હું.

• • •

આવી જ એક બીજી ઘટના.

આચારાંગજીમાં એક સૂત્ર આવર્તિત થાય છે : 'एस खलु गंथे, एस खलु मोहे, एस खलु मारे, एस खलु णिरए...' ક્રોધ આદિ કોઈપણ વિભાવમાં જવા માટે સાધક સહેજ તૈયાર થયેલો હોય ત્યારે પ્રભુનું સુરક્ષાચક્ર તેને તેમાંથી કેવી રીતે બચાવી લે છે તેની મઝાની વાત આ સૂત્રમાં છે. પ્રભુ કહે છે : આ જ ગ્રન્થિ (ગાંઠ) છે, આ જ અજ્ઞાન છે, આ જ મૃત્યુ છે અને આ જ નરક છે.

આ સૂત્રનો સ્વાધ્યાય કરતાં પ્રભુની કરુણાનો કેવી રીતે મને સ્પર્શ થયો તેની વાત કરું. મને એક નાનકડી રૂપક કથા તે વખતે સાંભરેલી : નાનું ગામ. એક સદ્‌ગૃહસ્થનું ઘર. ભાઈ બહાર ગયેલા. પત્ની ઘરમાં. ભાંખોડિયા ભરતું નાનું બાળક હતું જોડે.

કૂવે પાણી ભરવા માટે બહેનને જવું હતું. દીકરા પાસે રમકડાં વગેરે મૂકી, ડેલી બંધ કરી તેઓ પાણી ભરવા ગયાં. પાણી ભરીને આવ્યાં. ડેલી ખોલી. સહજ રીતે, પહેલી નજર પોતાના બાળક પર જ પડે. તેમણે જે દૃશ્ય જોયું, તેથી તેઓ બેબાકળાં બની ગયાં. રસોઈઘરનો દરવાજો ખુલ્લો હતો. ચૂલા પર આંધણ મૂકેલું. ચૂલાની આગળની લાલ-પીળી જ્યોતિ જોઈ બાળકને કુતૂહલ થયેલું અને તે રસોઈઘરમાં પહોંચી ગયેલું. તેને અને ચૂલાને માત્ર એકાદ ફૂટનું અન્તર. બહેન પાણીનાં માટલાંને

ફેંકતાં સીધાં જ બાળક પાસે દોડી ગયાં. તેનો હાથ પકડી, જોરથી તેને ખેંચ્યો અને કહ્યું : મારા લાલ ! ત્યાં ન જવાય. એ તો બાળી નાખે...

આ જ લયમાં આ સૂત્ર ખૂલેલું : મારા લાલ ! તું ક્રોધ કરે છે ? નહિ, નહિ, નહિ. એ તો ગાંઠ છે, એ અજ્ઞાન છે, મૃત્યુ છે, નરક છે...

• • •

પ્રભુની કરુણાનો સ્પર્શ.

'દોડત દોડત દોડત દોડિયો, જેતી મનની રે દોડ...' સાધનામાર્ગે થોડું પણ ચાલ્યા... પ્રભુના પ્રેમની એ પ્રતીતિ.

એણે જ તો આપણને સદ્‌ગુરુયોગ આપ્યો ને ! સદ્‌ગુરુયોગ પ્રભુએ ન આપ્યો હોત તો સાધનામાર્ગે કેમ કરી ચાલી શકાત !

• • •

પ્રભુના પ્રેમની પ્રતીતિનું બીજું કારણ : 'ગુરુગમ લેજો રે જોડ !'

સાધનામાર્ગે ચાલતાં ચાલતાં સાધક સદ્‌ગુરુને પૂછ્યા કરશે : હું બરોબર છું ને, ગુરુદેવ ?

બની શકે કે સદ્‌ગુરુએ આપેલી સાધનાને ઘૂંટતાં અહંકાર મનમાં ઉદિત થઈ જાય. 'હું કેવી સરસ સાધના કરું છું !' પરંતુ ગુરુદેવના સાન્નિધ્યમાં રહી, સતત ગુરુદેવને પૂછતાં રહેવાનું : સાહેબજી, મારી સાધના બરોબર છે ને ?

પ્રભુઅભિમુખતા જ જોઈએ સાધનામાર્ગમાં. એમાં ક્યાંક લોકાભિમુખતા પ્રવેશી જાય તો...? નહિ, સાધકનું લક્ષ્યાંક નક્કી છે : 'રીઝવવો એક સાંઈ.' મારે માત્ર મારા ભગવાનને રીઝવવા છે.

સદ્‌ગુરુયોગ પણ આ મુકામે જ મળે છે. પ્રભુને રીઝવવા છે. પ્રભુને પામવા છે. પણ કઈ રીતે રીઝવવા ? કઈ રીતે પામવા ? તેમના આજ્ઞાધર્મનો તો મને ખ્યાલ પણ નથી... બધા પ્રશ્નોનો ઉકેલ એક જ : 'સદ્‌ગુરુઃ શરણં મમ...'

• • •

ભક્તિમતી મીરાંને કો'કે પૂછેલું : તમે પ્રભુને શી રીતે મેળવ્યા ? મીરાંની મઝાની કેફિયત હતી : 'અંસુઅન સીંચ સીંચ, પ્રેમબેલિ બોઈ...' આંસુંના ઘડે ઘડા ઠાલવ્યા છે, ત્યારે પ્રભુ મળ્યા છે.

પ્રશ્નકર્તાની તડપન ઘેરી હતી. એણે પૂછ્યું : બરોબર, ઘડે ઘડા આંસુંથી પ્રભુ મળે. પણ કેટલા ઘડા આંસુંથી ?

મીરાં કહે છે : જેટલા ઘડા આંસુથી તમારું 'હું' ભૂંસાઈ જાય એટલા જ ઘડા આંસુંની જરૂરિયાત છે. એથી વધુ એક બુંદ પણ નહિ.

• • •

'ગુરુગમ લેજો રે જોડ...'

એક ભક્ત ગુરુના આશ્રમે ગયો. દરવાજો બંધ હતો. એણે દરવાજે ટકોરા માર્યા. અંદરથી ગુરુએ પૂછ્યું : કોણ છે ? એણે કહ્યું : હું છું, ગુરુદેવ !

ઘણાને એવો ખ્યાલ હોય કે હું 'હું' બોલું એટલે ગુરુ મને અવાજ પરથી ઓળખી જાય.

દરવાજો ખૂલતાં ગુરુએ કહ્યું : આવ ! પણ 'હું'ને મૂકીને આવજે !

• • •

ગુરુગમ.

સદ્‌ગુરુની દૃષ્ટિ.

ડગલે ને પગલે તે જરૂરી છે.

આપણું તો ભલું પૂછવું. ક્યાં આપણે મોઢું ફેરવી કાઢીએ ખબર ના પડે !

એક યાત્રી દિલ્હી જતો'તો. નાનો રોડ હતો. જેના પર કિલોમીટર-સ્ટોન નહોતા. દિલ્હી પચીસેક કિલોમીટર દૂર રહ્યું અને એક હોટલમાં એ ચા પીવા ગયો. ચા પીને રસ્તા પર તો આવ્યો. પરંતુ વાદળાંથી ઢંકાયેલો દિવસ. દિશાનો ખ્યાલ ન રહ્યો. જે બાજુથી પોતે આવ્યો હતો, એ જ દિશામાં એણે તો વહેતું મૂક્યું.

સામે એક માણસ મળ્યો. યાત્રી પૂછે છે : 'દિલ્હી કેટલું દૂર ?' પેલો માણસ વિનોદી હતો. એણે કહ્યું : 'તમે જાવ છો, એ દિશામાં જાવ તો દિલ્હી સાતસો કિલોમીટર થશે અને મોઢું ફેરવી નાખશો તો દિલ્હી પચીસ કિલોમીટર જ છે !'

• • •

'પ્રભુ તમને ચાહે છે' આ કહેવાની આનંદઘનીય રીત કેટલી તો હૃદયંગમ ! ફરી ફરીને એ કડીમાંથી પસાર થવાનું મન થાય : 'દોડત દોડત દોડત દોડિયો, જેતી મનની રે દોડ; પ્રેમ પ્રતીત વિચારો ઢૂકડી, ગુરુગમ લેજો રે જોડ...'

'જેતી મનની રે દોડ' પંક્તિના સન્દર્ભમાં એક ઘટના યાદ આવે. મહારાષ્ટ્રના પ્રસિદ્ધ સંત જ્ઞાનદેવજીને પૂછવામાં આવેલું કે સાધકની વ્યાખ્યા તમે શું કરો છો ? ત્યારે તેમણે કહેલું : જેની સાધનાનો વેગ તેના મનની ગતિ કરતાં વધુ હોય તે સાધક છે.

મનના વેગ કરતાં ચઢિયાતો સાધનાનો વેગ... હવે વિકલ્પો સાધનાને દૂષિત કેવી રીતે કરી શકે ?

• • •

પ્રભુ આપણી પ્રતીક્ષા કરે છે...

પ્રભુ આપણને ચાહે છે...

ભક્તિશાસ્ત્રની આ નિગૂઢતમ વાતો સાથે આપણને સંબદ્ધ કરનાર છે ગુરુતત્ત્વ. 'તસ્મૈ સદ્ગુરુવે નમઃ...'

■ ■ ■

# ૧૭

# દિવ્ય નયન



**शास्त्राणां च ह्यनन्तत्वात्, संशयानां बहुत्वतः ।**
**उपास्तीनामनेकत्वात्, सन्मार्गो न गुरुं विना ॥**

-

*શાસ્ત્રો અગણિત છે, સંશયો ઘણા છે, સાધનાના પ્રકારો ભિન્ન ભિન્ન છે; તેથી ગુરુ વગર સન્માર્ગ નથી.*

# દિવ્ય
# નયન

'યોગ અસંખ્ય છે જિન કહ્યા...' મહોપાધ્યાય શ્રી યશોવિજય મહારાજના આ પ્રસિદ્ધ વચનને અનુસારે સ્વાધ્યાય, પ્રભુભક્તિ, વિનય, વેયાવચ્ચ, દાન, શીલ, તપ, ભાવ આદિ અગણિત સાધનાપદ્ધતિઓ પ્રભુએ બતાવેલી છે.

કોઈ પણ સાધનાપદ્ધતિ ખરેખર પ્રભુકથિત જ છે એવું નિશ્ચિત કરવા માટે શું કરી શકાય ?

એક દૃઢ પ્રતીતિ કે આ માર્ગ પ્રભુનો જ છે... કઈ રીતે આ પ્રતીતિ થાય ?

• • •

તર્કનું તો અહીં કોઈ પ્રયોજન જ નથી. શંકરાચાર્યજીનું પ્રસિદ્ધ સૂત્ર યાદ આવે : 'तर्कः अप्रतिष्ठितः'. સાધનામાર્ગના નિશ્ચિતીકરણમાં કે તે માર્ગે ચાલવામાં તર્ક બિલકુલ અપ્રસ્તુત છે.

બુદ્ધિશાળી ગણાતો માણસ કાચા માર્ગે ચાલી રહ્યો છે. અધવચ્ચે બે રસ્તા આવ્યા. કઈ બાજુ જવું ? ડાબે રસ્તે જવાથી પોતાનું ગામ આવે કે જમણી બાજુના રસ્તે જવાથી ? એની બુદ્ધિ માટે આ માર્ગ નવો જ છે, અનભ્યસ્ત છે; તો એની બુદ્ધિ અહીં કયો ફેંસલો આપી શકશે ? એણે બાજુના ખેતરમાં હળ હાંકતા ખેડૂતને પૂછવું જોઈએ કે મારે જે ગામ જવું છે એ માટે મારે કયો માર્ગ લેવો જોઈએ ?

સાધનામાર્ગ પણ બુદ્ધિ માટે અનભ્યસ્ત છે અને તેથી જ બુદ્ધિ અહીં અપ્રસ્તુત છે.[૧]

• • •

૧. તર્ક વિચારે વાદ પરંપરા રે, પાર ન પહુંચે કોય... – પૂ. આનંદઘનજી મહારાજ, ૨/૪

એક બહુ મઝાનું તારણ જોવા મળ્યું કે જેટલા પ્રકાંડ બૌદ્ધિકો/તાર્કિકો થયા, એ બધા જ, પાછળથી, પરમ ભક્ત બન્યા છે.

તર્ક વાતને ગૂંચવી નાખે છે એ અનુભવે એમને ભક્તિની ધારામાં મૂકી દીધા. શંકરાચાર્ય, સિદ્ધસેન દિવાકરસૂરિજી આદિ ઘણાં નામો અહીં મળે.

ઉદયનાચાર્ય પ્રસિદ્ધ દાર્શનિક આચાર્ય. પછી બન્યા તેઓ મોટા ભક્ત. આપણી પરંપરામાં ઉપાધ્યાય ઉદયરત્નજી મહારાજની ઘટના આવે છે, શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના સંબંધમાં; એવી જ ઘટના ઉદયનાચાર્ય માટે હિન્દુ પરંપરામાં આવે છે.

તેઓ એક ગામમાં ગયેલ. જ્યાં મહાદેવજીનું મંદિર અચાનક બંધ થઈ ગયેલું. ઘણા ઉપાયો થયા; પણ મંદિરનું દ્વાર ન ખૂલ્યું તો ન જ ખૂલ્યું. એવામાં ઉદયનાચાર્યને ત્યાં આવવાનું થયું. લોકોને થયું કે આવડા મોટા ભક્ત આવ્યા છે, તો આજે તો પ્રભુ દર્શન જરૂર આપશે જ.

ઉદયનાચાર્ય બંધ દ્વાર પાસે ઊભા રહ્યા. ન ખૂલ્યું દ્વાર. અને તે વખતે ઉદયનાચાર્યે પ્રભુને જે કહ્યું; લાગે કે ભક્તનો વિશેષાધિકાર કેવો છે ! તેમના આ શબ્દો હતા :

ऐश्वर्यमदमत्तोऽसि, मामवज्ञाय तिष्ठसि ।
समापतिते तु बौद्धे, मदधीना तव स्थितिः ॥

પ્રભુતાના ખ્યાલમાં તમે ગરકાવ થઈ ગયા છો અને તેથી તમે મારી અવજ્ઞા કરો છો. તમને યાદ છે કે બૌદ્ધોનું આક્રમણ હિન્દુ સંસ્કૃતિ પર આવ્યું ત્યારે મેં જ ટક્કર લીધેલી. હું ન હોત તો...?

ભક્તના દેખીતા આ અ-સરસ શબ્દોની પાછળ દિવ્ય ભાવસૃષ્ટિ ઝલકતી હતી. મંદિરના દરવાજા ખૂલી ગયા !

ભક્તની ભાવસૃષ્ટિને કાં તો પ્રભુ જાણે, યા ભક્ત જાણે !

• • •

સાધનામાર્ગના નિશ્ચિતીકરણમાં કે તે પર ચાલવામાં બુદ્ધિનું કોઈ જ યોગદાન ન હોઈ શકે.

તો, કઈ રીતે પ્રભુનો પથ અવલોકી શકાય ? પૂજ્યપાદ આનંદઘનજી મહારાજ કહે છે : 'જિણે નયણે કરી મારગ જોઈએ રે, નયણ તે દિવ્ય વિચાર.'[૨]

એ દિવ્ય નયન એટલે અતીન્દ્રિય જ્ઞાની મહાપુરુષો. વિશિષ્ટ શ્રુતજ્ઞાની મહાત્માઓ. અત્યારે તો એવા કોઈ મહાપુરુષ મળે તેમ નથી; ભરત ક્ષેત્રમાં; તો શું કરવું ?

• • •

૨. પૂ. આનંદઘનજી મહારાજ, ૨/૨

દિવ્યનયનની અનુપસ્થિતિમાં બે માર્ગો પૂજ્ય આનંદઘનજી મહારાજે સૂચવ્યા છે : વાસિત બોધ[3] અને પ્રવચન અંજન (શક્તિપાત).[4]

બેઉ માર્ગોને જોઈએ.

• • •

વાસિત બોધને સમજાવતાં પૂ. આનંદઘનજી મહારાજ કહે છે : 'તર-તમ જોગે રે, તર-તમ વાસના રે, વાસિત બોધ આધાર...' યોગ બે : વિશિષ્ટતર અને વિશિષ્ટતમ. એ દ્વારા હૃદયમાં પ્રસ્થાપિત થતી વાસના પણ બે જાતની. વિશિષ્ટતરા અને વિશિષ્ટતમા. એ વાસના વડે વાસિત બોધ દિવ્યનયનની ગેરહાજરીમાં પ્રભુના માર્ગને અવલોકવામાં સહાયક બનશે.

યોગ બે : વિશિષ્ટતર અને વિશિષ્ટતમ. સદ્ગુરુયોગની વાત છે અહીં. સાધક સાધનામાર્ગે ચાલી રહ્યો છે, એને ભક્તહૃદયી ગુરુનો યોગ મળે તો તે વિશિષ્ટતર યોગ કહેવાય અને સાધકને સાધનામાર્ગના અભ્યસ્ત ગુરુનો યોગ મળે તે વિશિષ્ટતમ યોગ કહેવાય.

અથવા તો, યોગ એટલે જોડાણ. આંશિક સમર્પણના સ્તર પરનો સદ્ગુરુનો યોગ તે વિશિષ્ટતર યોગ અને સર્વાંશે સમર્પણના સ્તર પરનો સદ્ગુરુનો યોગ તે વિશિષ્ટતમ યોગ. અહોભાવ ગાઢ છે વિશિષ્ટતર યોગમાં. અહોભાવ અત્યન્ત પ્રગાઢ છે સદ્ગુરુચરણો પ્રતિ વિશિષ્ટતમ યોગમાં.

આ યોગ દ્વારા સાધકના હૃદયમાં જે તત્ત્વો પરની દૃઢ શ્રદ્ધા ઊપજે તેને વાસના કહેવાય છે. અન્તઃકરણને જે વાસિત કરે તે વાસના.

એ વાસના વિશિષ્ટતરા ક્યારે થાય છે ? સાધકનું ચિત્ત ગુરુના મુખ તરફ કેન્દ્રિત બનેલું છે, સદ્ગુરુ દ્વારા અપાતા એક એક શબ્દને એ પોતાના અન્તસ્તરથી સ્વીકારી રહ્યો છે. એ વખતે જે તત્ત્વો ભીતર સ્થિર થશે તે વિશિષ્ટતરા વાસના.

મોહનીયના પ્રબળ ક્ષયોપશમને કારણે એ વાત સદ્ગુરુની ભીતર જડાતી જશે. તે ઉપદેશને કાર્યાન્વિત કરવો તેવો દૃઢ સંકલ્પ પણ ભેગો ભળેલ હશે. આવી જ ભીતરી દૃઢ પ્રતીતિ તે વિશિષ્ટતમા વાસના.

મોહનીયના ક્ષયોપશમનું તારતમ્ય અને એ કારણે ગુરુના ઉપદેશ પર થતી શ્રદ્ધાનું તારતમ્ય અહીં વિશિષ્ટતરા અને વિશિષ્ટતમા વાસના રૂપે ઝળકે છે.

---

૩. તરતમ જોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર. —એજન, ૨/૫

૪. પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે, પેખે પરમ નિધાન;
હૃદયનયણ નિહાળે જગધણી, મહિમા મેરુ સમાન...૧૫/૩

આ વાસના વડે વાસિત થયેલ બોધ તે વાસિત બોધ. અને આવા વાસિત બોધ વડે પ્રભુના માર્ગનું નિશ્ચિતીકરણ પણ કરી શકાય, એ માર્ગે દોડી પણ શકાય.

એમ કહી શકાય કે વાસિતબોધવાળું વ્યક્તિત્વ ક્યારેય વ્યવહારાભાસ કે નિશ્ચયાભાસમાં મૂંઝાય નહિ. એ વ્યવહાર અને નિશ્ચયના યોગ્ય મિશ્રણને તે સ્વીકારી શકે.

• • •

દિવ્યનયનની અવેજીમાં જે બે તત્ત્વોની વાત યોગિરાજ પૂ. આનંદઘનજી મહારાજે લખી છે, તે પૈકીનું એક છે વાસિત બોધ. અને બીજું છે પ્રવચન અંજન.

પૂ. યોગિરાજ કહે છે : 'પ્રવચન અંજન જો સદ્‌ગુરુ કરે, પેખે પરમ નિધાન; હૃદયનયણ નિહાળે જગધણી, મહિમા મેરુ સમાન...'

સદ્‌ગુરુ ભક્તના હૃદયમાં પ્રવચન-અંજન આંજે છે. અને તે જ ક્ષણે ભક્ત પરમાત્માને, તેમના માર્ગને સ્પષ્ટ રીતે જુએ છે.

'પ્રવચન અંજન જો સદ્‌ગુરુ કરે...' અહીં વાત શરતી રીતે – કન્ડીસનલી આવી છે. શું કરુણામય સદ્‌ગુરુ પ્રવચન અંજન આંજવા માટે શરતીરૂપે ખૂલી શકે ?

'જો' શાબ્દિક રૂપે સદ્‌ગુરુ તરફ આવેલો દેખાય છે, પણ વસ્તુતઃ તે ભક્ત ભણી ખૂલે છે.

ભક્તનું હૃદય અહોભાવથી છલોછલ ભરાયેલ હોય છે ત્યારે જ સદ્‌ગુરુ તેના હૃદયમાં પ્રવચન અંજન આંજી શકે છે.

સદ્‌ગુરુ પ્રભુને અને પ્રભુના માર્ગને સ્પષ્ટ રીતે અંકિત કરી આપે છે : આ રહ્યા પ્રભુ ! આ રહ્યો પ્રભુનો માર્ગ. રાગ-દ્વેષ-મોહની શિથિલતા થઈ રહી હોય તે પ્રભુનો માર્ગ. અને રાગ-દ્વેષ-મોહ જેમનામાં આંશિકરૂપે પણ નથી, તે પ્રભુ.

ભક્તના આન્તર-ચક્ષુની આગળ ઝળાંહળાં પ્રકાશ રેલાઈ રહે છે... અહંકાર શિથિલ બન્યો, મોહનીયનો ક્ષયોપશમ અને પ્રવચન અંજન.

• • •

વાસિત બોધ પણ સદ્‌ગુરુ દ્વારા મળે. પ્રવચન અંજન પણ એમના દ્વારા જ.

ગુરુદેવ ! તમે કેવા તો કરુણામય છો !

'તુમ્હી સે જ્ઞાન કા દીપક જલા હૈ,<br>
તુમ્હી સે ઘનઘોર અંધેરા મિટા હૈ;<br>
તુમ જો નહીં તો કુછ ભી નહીં હૈ...

હમેં રાસ્તોં કી જરૂરત નહીં હૈ,
હમેં તેરે પૈરોં કે નિશાં મિલ ગયે હૈ...
છાયે જો દિલ પે ગમ કા અંધેરા,
તન્હાઈઓને જબ મન કો ઘેરા;
ખીલતા સવેરા લેકર, તૂં રૂબરૂ હૈ...
હમેં રાસ્તોં કી જરૂરત નહીં હૈ,
હમેં તેરે પૈરોં કે નિશાં મિલ ગયે હૈ...
ક્ષણ ક્ષણ કા સુમિરન, યહી મેરી પૂજા,
તુમ્હી તુમ હો, કોઈ ન દૂજા,
તુમસે હૈ સબ કુછ રોશન, કન કન મેં તૂં હૈ...
હમેં રાસ્તોં કી જરૂરત નહીં હૈ,
હમેં તેરે પૈરોં કે નિશાં મિલ ગયે હૈ...

■ ■ ■


તવ ચરણં શરણં મમ

# ૧૮

# ચિદ્‌રસ



**ध्यानमूलं गुरोर्मूर्तिः, पूजामूलं गुरोः पदम् ।**
**मन्त्रमूलं गुरोर्वाक्यं, मोक्षमूलं गुरोः कृपा ॥**

*ધ્યાનનું મૂળ ગુરુની મૂર્તિ છે,*
*પૂજાનું મૂળ ગુરુદેવનાં ચરણો છે,*
*મન્ત્રનું મૂળ સદ્‌ગુરુનું વાક્ય છે,*
*મોક્ષનું મૂળ ગુરુદેવની કૃપા છે.*

# ચિદ્‌રસ

સદ્‌ગુરુ આપે ચિદ્‌રસ. સદ્‌ગુરુ આપે પરમ રસ. જે દ્વારા ભક્ત પ્રભુ સાથે અભેદાનુભૂતિ કરી શકે.

શ્રી બાબુભાઈ કડીવાળા રચિત આ પદ ચિદ્‌રસના ઊંડાણને બહુ જ સરસ રીતે પ્રગટ કરે છે :

ઐસા ચિદ્‌રસ દિઓ ગુરુમૈયા,
પ્રભુ સે અભેદ હો જાઉં મૈં...
સબ અંધકાર મિટા દો ગુરુમૈયા,
સમ્યગ્‌દર્શન પાઉં મૈં...

પ્રભુ સ્વરૂપ હૈ અગમ અગોચર,
કહો કૈસે ઉસે પાઉં મૈં ?
કરો કૃપા કરુણારસ-સિન્ધુ,
મૈં બાલક અજ્ઞાની હૂં...

શિવરસ ધારા વરસાવો ગુરુમૈયા,
સ્વાર્થવ્યાધિ મિટાઓ રે;
સવિ જીવ કરું શાસન રસિયા,
ઐસી ભાવના ભાવું મૈં...

સિદ્ધરસ ધારા વરસાવો ગુરુમૈયા,
પરમાતમ કો પાઉં મૈં;
આનન્દરસ વેદન કર કે ગુરુજી,
પરમાનન્દ પદ પાઉં મૈં...

વિશ્વકલ્યાણી પ્યારી ગુરુમૈયા,
તેરી કૃપા મેં ખો જાઉં મૈં;
દો ઐસા વરદાન ગુરુજી,
પ્રભુગુણ નિત નિત ગાઉં મૈં...

• • •

ઐસા ચિદ્રસ દિઓ ગુરુમૈયા,
પ્રભુ સે અભેદ હો જાઉં મૈં...

મને એવો ચિદ્રસ, પરમ રસ આપો કે હું પ્રભુ સાથે અભેદાનુભૂતિ સાધી શકું.

શી રીતે થાય છે અભેદાનુભૂતિ ? સ્વગુણની ધારામાં એક સાધક વહે છે. એની ભીતર ક્ષમાગુણનું ઝરણું પ્રગટ્યું. પ્રભુ છે ક્ષમાગુણના સમંદર. સાધક છે ક્ષમાગુણનું ઝરણું. ઝરણું સમંદરમાં મળે, ભળે... આ થયો અભેદાનુભવ. પ્રભુમાં જે ગુણ પૂર્ણતયા વિલસેલો છે, એની નાનકડી આવૃત્તિ પણ સાધકમાં પનપે, વિકસે એટલે અભેદાનુભૂતિ.

સદ્ગુરુના ઉપનિષદમાં રહેતો સાધક એમનાં પવિત્ર, શાન્ત આન્દોલનોને ઝીલીને ક્ષમાગુણની ધારામાં જાય છે. સદ્ગુરુનું આ મઝાનું પ્રદાન.

સ્વગુણાનુભૂતિની આંશિક ઝલક તે સમ્યગ્દર્શન. ભક્તની પ્રાર્થના, એથી, આ રીતે વહે છે :

સબ અન્ધકાર મિટા દો ગુરુમૈયા !
સમ્યગ્દર્શન પાઉં મૈં...

દોષોનો અન્ધકાર છૂ થઈ રહે સદ્ગુરુના એક કૃપાકટાક્ષે અને સ્વગુણાનુભૂતિનો ઉજાશ રેલાયા કરે.

જોકે, વાત ધારીએ છીએ એટલી સરળ નથી. હા, સદ્ગુરુદેવનો શક્તિપાત થઈ રહે તો એ સરળતમ ઘટના છે : પરમ રૂપને પિછાણીને, જિનગુણદર્શન કે જિનગુણસ્પર્શન કરીને પોતાની ભીતર જવું.

સદ્ગુરુદેવને શક્તિપાત માટે વિનતિ :

પ્રભુ સ્વરૂપ હૈ અગમ અગોચર,
કહો કૈસે ઉસે પાઉં મૈં ?
કરો કૃપા કરુણારસ-સિન્ધુ !
મૈં બાલક અજ્ઞાની હૂં...

પરમાત્માનું સ્વરૂપ... બુદ્ધિ દ્વારા અગમ્ય. ઇન્દ્રિયો દ્વારા અગોચર. ઇન્દ્રિયોની પકડમાં ન આવે તેવું. માત્ર બુદ્ધિશક્તિ અને ઇન્દ્રિયશક્તિવાળો હું એ સ્વરૂપના આછા અણસારને પણ શી રીતે પામું ? ગુરુદેવ ! આપ કૃપા કરો તો પરમસ્વરૂપનું દર્શન થઈ શકે.

સદ્‌ગુરુના શક્તિપાતને ઝીલવાની સાધકની સજ્જતાનું પણ અહીં બયાન થયું : 'મૈં બાલક અજ્ઞાની હૂં...' ગુરુદેવ ! હું છું નિપટ અજ્ઞાની. મારી કોઈ જ શક્તિ નથી પરમસ્પર્શ માટેની... અહંકારની ધારાનું આમ શિથિલ બનવું અને અહોભાવની ધારાનું પ્રગાઢ બનવું તે શક્તિપાતને ઝીલવાની થઈ સજ્જતા.

• • •

જો કે, સાધકને સજ્જ બનાવવાનું કામ પણ સદ્‌ગુરુનું જ છે. સદ્‌ગુરુ બે રીતે કામ કરશે : સાધકને પરમ રસના પાન માટે, પહેલાં, સજ્જ બનાવશે અને પછી પરમ રસનું પાન કરાવશે.

હૃદયની સપાટી ભીની, ભીની બને છે ત્યારે પરમકૃપાના મેઘને એ ખેંચી લાવે છે.

પણ હૃદય તો છે કોરુંધાકોર.

શું કરવું ?

આ પૃષ્ઠભૂ પર પ્રાર્થના આગળ વધે છે :

શિવરસ ધારા વરસાવો ગુરુમૈયા,
સ્વાર્થવ્યાધિ મિટાઓ રે;
સવિ જીવ કરું શાસન રસિયા,
ઐસી ભાવના ભાવું મૈં...

પરાર્થરસિકતાની એવી એક રસધાર મારી ભીતર વહાવો, ગુરુમા ! કે સ્વાર્થનો જુગજૂનો વ્યાધિ મટી જાય. બધા જ આત્માઓ પ્રભુશાસનના રસિક બનો એવી ભાવના મારી ભીતર ઘૂમરાયા કરે.

પરાર્થપરાયણતાની આ ભીનાશ બનશે પૃષ્ઠભૂ. જે પર સદ્‌ગુરુ પરમરસના મેઘને વરસાવશે.

• • •

ચિદ્‌રસ પરમ પ્રાપ્તિ કરાવશે. ચિદ્‌રસને પરમ રસ પણ કહેવાય. સિદ્ધરસ પણ. સદ્‌ગુરુએ સિદ્ધ કરી આપેલ રસ.

ગુરુદેવ ! મારામાં એ સિદ્ધરસને ઝીલવાની ક્ષમતા પ્રગટાવો !

સિદ્ધરસ ધારા વરસાવો ગુરુમૈયા,
પરમાતમ કો પાઉં મૈં;
આનન્દરસ વેદન કર કે ગુરુજી,
પરમાનન્દ પદ પાઉં મૈં...

સિદ્ધરસની - ચિદ્‌રસની એવી ધારા મારા પર વરસાવો, ગુરુદેવ ! કે એ ધારાનો ભીંજાયેલ હું પરમાત્મસ્વરૂપની આછી સી ઝલક મેળવી શકું.

એ ઝલક મળતાં જ ભીતર રહેલું આનન્દઘનત્વ આળસ મરડીને બેઠું થાય છે. આનન્દરસનું વેદન, અનુભવન હું કરું છું.

એક નવો જ લોક મારી સામે છતો થાય છે : આનન્દ લોક. શું આવો આનન્દ મારી ભીતર હતો ? ઓહ ! સદ્‌ગુરુદેવે કેવો તો ઉપકાર કર્યો કે મારા સ્વરૂપથી તદ્દન વિખૂટા પડી ગયેલ એવા આનન્દ-રસનો મને અનુભવ કરાવ્યો !

• • •

સદ્‌ગુરુદેવના આ કૃપાદાનના ઋણમાંથી મુક્ત થવું એ સાધક માટે અશક્યપ્રાયઃ છે. તો શું કરશે સાધક ?

વિશ્વકલ્યાણી પ્યારી ગુરુમૈયા,
તેરી કૃપા મેં ખો જાઉં મૈં;
દો ઐસા વરદાન ગુરુજી,
પ્રભુગુણ નિત નિત ગાઉં મૈં...

ગુરુદેવ ! તમારી કૃપાના સાગરમાં બુંદ બનીને હું ભળી જાઉં.

શૂન્ય બનતાં શીખવે તે ગુરુ.

વિભાવશૂન્ય બનવા માટે રાજી હોય તે શિષ્ય.

સદ્‌ગુરુચેતનાના સાગરમાં શિષ્યનું બુંદ બનીને ભળી જવું. યાદ આવે પેલા સદ્‌ગુરુ. જેમણે કહેલું : 'તુમ મિટો તો મિલના હોય...'

અને એવું એક વરદાન આપો, ગુરુદેવ ! કે પ્રભુના ગુણોને હું સતત ગાયા કરું.

આ ગાન...

જેમાં મારું અસ્તિત્વ ડૂબેલું હોય.

યાદ આવે આ શ્લોક :

जपकोटिसमं ध्यानं, ध्यानकोटिसमो लयः ।
लयकोटिसमं गानं, गानात् परतरं नहि ॥

કરોડો જપ જેટલું મૂલ્ય ધ્યાનનું. ધ્યાનકોટિ જેટલા મૂલ્યનો છે લય. લયકોટિ જેટલી પ્રતિષ્ઠા છે ગાનની. ગાનથી વધુ ઊંચું કશું જ નથી.

ગાનમાં વહે છે પૂરું અસ્તિત્વ. ગાનમાં વહે છે સમષ્ટિ.

ધ્યાન કે લયમાં એક વ્યક્તિત્વ વહી શકે. ગાનમાં પૂરું વૃન્દ વહી શકે.

• • •

શ્રી રમેશ પારેખે લખેલ એક મઝાનું ગીત યાદ આવે :

'ડૂમો દળી આપે તે ગુરુ !
અંધાપામાં આંખ ઉઘાડી આપે તે ગુરુ...
મારા રે ગુરુએ ડૂમો દળી નાખ્યો,
કડવો અજંપો મારો કરુણાથી ચાખ્યો...

લઘર-વઘર મારી લાગણી પંપાળી,
સત્‌ની કાંડીથી સંધી શંકા નાખી બાળી;
આસ્થાને આંજી માંજી કીધી ઉજમાળી,
મારા અંધાપામાં રૂડી ઉગાડી રે આંખ્યો...

મંદવાડ મારા માંહ્યલાનો હરી લીધો,
લાહ્યની લતાડ કરી લોપ કરી દીધો;
સુધની સાહ્યબી સોંપી ન્યાલ-ન્યાલ કીધો,
શૂનનો શ્રીકાર મારી બાંહ્ય સાહી દાખ્યો...'


ભીતરના દર્દને (ડૂમાને) દૂર કરે છે ગુરુ. અજ્ઞાનના અંધાપાને સદ્‌ગુરુ હરી લે. પરમતત્ત્વની અપ્રાપ્તિના કારણે ભીતર પનપેલ અંજપાને ગુરુએ કરુણાથી સ્પર્શ્યો. એ સ્પર્શ... અને અજંપો છૂ !

ભક્તની જેવી તેવી (લઘર-વઘર) લાગણીઓને - સદ્‌ગુરુનાં શ્રીચરણો તરફ વહેતી - ગુરુએ સન્માની. સત્યના પ્રકાશમાં (કાંડી) શંકાઓ દૂર થઈ. શ્રદ્ધાને સદ્‌ગુરુએ બળુકી બનાવી.

ભીતરની માંદગી ગુરુએ હરી લીધી. ભીતરની બળતરા (લાહ્ય)ને ગુરુએ નાની કરીને (લતાડ-લાત મારીને) લુપ્ત કરી નાખી. જાગૃતિનો વૈભવ આપી મને ન્યાલ કર્યો. શૂન્યનો વૈભવ મારો હાથ પકડીને (સાહી) બતાવ્યો.

તસ્મૈ શ્રી ગુરવે નમઃ...

■ ■ ■


તવ ભક્તિઃ શરણં મમ

૧૯

# ગુરુસ્પર્શ



**गुरुआणाए मुक्खो, गुरुप्पसाया उ अट्ठसिद्धिओ ।**
**गुरुभत्तीए विज्जासाफल्लं होइ णियमेणं ॥२॥**
**- ગુરુતત્ત્વ વિનિશ્ચય**

*ગુરુદેવની આજ્ઞા વડે મોક્ષ મળે છે. ગુરુકૃપાથી અષ્ટ સિદ્ધિઓ મળે છે, ગુરુભક્તિ વડે નિયમા વિદ્યાઓ સફળ થાય છે.*

## ગુરુસ્પર્શ

એકલવ્ય.

ભીલનો દીકરો.

ગુરુ દ્રોણ પાસે ગયો અને એણે કહ્યું : 'ગુરુદેવ ! મને ધનુર્વિદ્યા શીખવો !'

ગુરુએ ના પાડી. એકલવ્યે ગુરુની 'ના'નો સ્વીકાર કર્યો.

કઈ રીતે આ સ્વીકાર થઈ શક્યો ? એમ લાગે કે બુદ્ધિ અને અહંકારની ફૂટપટ્ટી મૂકીને એકલવ્ય ગુરુ પાસે ગયેલ હશે.

અહંકાર અને બુદ્ધિની ફૂટપટ્ટી હોત તો આવું ગણિત તેમાં મપાત : હું સામાન્ય કુળનો દીકરો. મને ભણાવવાથી ગુરુને કઈ પ્રતિષ્ઠા મળે ? માટે ગુરુએ ના પાડી હશે.

સમર્પણની આધારશિલા વિના ગુરુ મળે જ નહિ, આ બાબતનો એકલવ્યને ખ્યાલ હશે.

અને, એકલવ્ય ઘરે જઈ ગુરુ દ્રોણની માટીની મૂર્તિ બનાવે. ખૂબ જ ભક્તિથી રોજ તેને ફૂલ આદિ ચડાવે. અને કહે : 'ગુરુદેવ ! મને શીખવાડો !' કથા કહે છે કે ગુરુના દેખીતા માર્ગદર્શન વિના, માત્ર ગુરુની કૃપાથી એકલવ્ય અજોડ ધનુર્ધર બન્યો.

ચિન્મય દ્રોણ ગુરુ પાસેથી અર્જુન જે નથી મેળવી શક્યો, એટલું ધનુર્વિદ્યાનું ઊંડાણ, મૃણ્મય (માટીના) દ્રોણ ગુરુ પાસેથી એકલવ્ય મેળવી શકેલ.

કદાચ, ગુરુ દ્રોણ આ જ વાત પ્રસ્થાપિત કરવા માગતા હતા કે જુઓ, જીવંત ગુરુ કરતાં પણ ગુરુ પરની ભક્તિ કેવી તો સક્ષમ હોય છે !

• • •

'गुरुणामंतिए सिया...' જેવાં શાસ્ત્રવચનો આપણી પરંપરામાં મળે છે. સદ્‌ગુરુની નજીક રહેવું. એ નજદીકીનો અર્થ શું થાય છે ? દૈહિક સામીપ્ય કે આજ્ઞાપાલનકૃત સામીપ્ય ? બીજા સામીપ્યને મહત્ત્વપૂર્ણ લખાયું છે.

પૂજ્યપાદ સદ્‌ગુરુદેવ આચાર્ય ભગવંત સિદ્ધિસૂરીશ્વરજી મહારાજા (પૂ. બાપજી મહારાજ સાહેબ)ના પ્રારંભિક સાધનાજીવનની આ ઘટના કેટલી તો રોમહર્ષક છે !

ગુરુદેવ પૂજ્યપાદ મણિવિજયજી દાદાએ મુનિ સિદ્ધિવિજયને બોલાવ્યા : 'સુરત એક મુનિરાજની વેયાવચ્ચ માટે તમારે જવાનું છે...' વિનીત શિષ્યે કહ્યું : 'જી, ગુરુદેવ !'

એક ક્ષણ માટે પણ એ વિચાર એમના હૃદયને સ્પર્શ્યો નથી કે ગુરુદેવની આ જૈફ વય. તેઓશ્રીની સેવા મારે કરવી છે. તેમનાથી દૂર થવાનું મારે ? ના, આ વિચાર હૃદયને સ્પર્શ્યો જ નથી. ભીતર તો હતો ગુરુસ્પર્શ. બીજા સ્પર્શોનું ત્યાં પ્રવેશવાનું ગજું જ ક્યાં હતું ?

• • •

ગુરુસ્પર્શ.

મહાપ્રભાવશાળી શંખેશ્વર મહાતીર્થમાં બનેલી એક ઘટના યાદ આવે છે. ૨૦-૨૫ વર્ષ પહેલાંની આ ઘટના. પૂજ્યપાદ, શ્રુતસ્થવિર મુનિરાજશ્રી જમ્બૂવિજયજી મહારાજ સાહેબ શંખેશ્વર તીર્થમાં બિરાજમાન. વિદ્વદ્વર્ય આચાર્યશ્રી હેમરત્નસૂરીજી મહારાજ શંખેશ્વર પધાર્યા. બપોરના સમયે તેઓ પૂજ્ય જમ્બૂવિજયજી મહારાજને સાતા પૂછવા માટે ગયા.

તે સમયે પૂ. જમ્બૂવિજયજી મહારાજ સ્થાપનાચાર્યજીનું પ્રતિલેખન કરી રહ્યા હતા. સ્થાપનાચાર્યજીની મુહપત્તીઓ મેલી હતી. આચાર્યશ્રીએ વિનંતી કરી : આ મુહપત્તીઓ થોડીવાર માટે આપો તો મારો શિષ્ય તેનો કાપ કાઢીને (ધોઈને) લઈ આવે.

પૂજ્યશ્રીએ ઈશારાથી ના પાડી.

પ્રતિલેખનવિધિ પૂર્ણ થયા પછી તેમણે કહ્યું : હેમરત્નસૂરીજી, આ મુહપત્તીઓ મેલી છે, પણ મૂલ્યવતી છે. મારા ગુરુદેવ પૂજ્ય ભુવનવિજય મહારાજ કોઈને પણ સ્થાપનાચાર્યજીનું પ્રતિલેખન કરવા નહોતા દેતા. પોતે જ કરતા. એટલે, વર્ષો સુધી મારા ગુરુમહારાજે આ મુહપત્તીઓનો સ્પર્શ કરેલ છે. તેમનાં પાવન પરમાણુઓ આ મુહપત્તીમાં સંગૃહિત છે. હું જ્યારે પણ તેને સ્પર્શું છું ત્યારે ગુરુદેવનાં પવિત્ર આન્દોલનોના સંપર્કમાં હું આવું છું. તેને ધોઈ નાખીએ તો ગુરુદેવનાં પવિત્ર આન્દોલનો નષ્ટ થઈ જાય ને ?

આચાર્યશ્રી તો પૂજ્યપાદશ્રીજીની આ ગુરુભક્તિનું દર્શન કરી પ્રસન્ન બની ગયા.

તેઓશ્રીના જીવનની એક બીજી મઝાની ઘટના : કોઈ પણ પત્ર આવે; ગમે તેવો અગત્યનો એ લાગે; સીધો એ પત્ર વાંચવાનો નહિ. શંખેશ્વર દાદાના ફોટાને અને ગુરુ મહારાજના ફોટાને એ પત્ર ધરાવીને પછી જ વાંચવાનો.

સામૈયામાં ચાલતા હોય તેઓશ્રી. કોઈએ અગત્યનો પત્ર તેમને આપ્યો. તેઓ નહિ વાંચે. પરબીડિયું હશે તો ખોલશે પણ નહિ. મુકામમાં આવ્યા પછી બન્ને ફોટાઓને સ્પર્શ કરાવ્યા પછી જ પત્ર વાંચવાનો.

આ એક પ્રતીક હતું.

જીવનની પૂરી બાગડોર પૂ. જમ્બૂવિજયજી મહારાજે પ્રભુમા અને ગુરુમાને સમર્પિત કરી હતી, તેનું પ્રતીક.

ગુરુ વિદ્યમાન હોય ત્યારે વિનીત શિષ્ય એમને પૂછ્યા વિના કોઈ પણ પત્ર વાંચતો નથી. પૂજ્યશ્રી માટે તો ગુરુદેવ વિદ્યમાન જ હતા ને ! તેથી તેમની અનુમતિ વિના કોઈ પણ કાર્ય કેમ કરી શકાય ?

એક સન્દર્ભમાં કહીએ તો – પૂજ્યશ્રીએ માત્ર મુહપત્તીમાં જ ગુરુદેવનો સ્પર્શ નહોતો અનુભવ્યો. પૂરા હૃદય પર, પોતાના પૂરા અસ્તિત્વ પર એમણે આ પાવન સ્પર્શ અનુભવ્યો હતો.

• • •

એકલવ્યમાં આ વસ્તુ જ પ્રતીત થાય છે ને ! જીવન્ત ગુરુની ઉપસ્થિતિમાં પોતે નથી એવું એને ક્યારેય લાગ્યું નથી. એની ભક્તિએ ગુરુમૂર્તિમાં ગુરુદેવની અનુભૂતિ કરાવી.

એકવાર એવું બન્યું છે કે અર્જુન જંગલમાં ફરતો'તો, ત્યાં તેણે એવું એક નિશાન વીંધાયેલું જોયું કે એ હલી ગયો. પણ તરત એ વિચારમાં પડી ગયો કે પોતે આ નિશાનને વીંધેલ નથી. તો પોતાની જોડે રહેલ રાજકુમારોમાંથી એક પણ આવું સૂક્ષ્મ નિશાન વીંધી શકે તેમ નથી. તો કોણ છે આવો ધનુર્વીર ?

અર્જુને ગુરુ દ્રોણને પૂછ્યું. ગુરુ દ્રોણને એકલવ્યની ભક્તિનો, એની નિષ્ઠાનો અને એ દ્વારા કળામાં એણે મેળવેલ પારંગતતાનો ખ્યાલ હતો. તેથી તેમણે કહ્યું : આ એકલવ્યનું નિશાન છે !

અર્જુનનું મોઢું ઝંખવાણું પડ્યું.

પછીની ઘટના એથીય મધુર છે… ગુરુ દ્રોણ એકલવ્યની ઝૂંપડીએ ગયા. એકલવ્ય તો રાજીનો રેડ થઈ ગયો ! : 'ગુરુદેવ મારે આંગણે !' એણે ગુરુદેવનો ભાવભીનો સત્કાર કર્યો.

ગુરુ પૂછે છે : 'ગુરુદક્ષિણામાં તું મને શું આપીશ ?' એકલવ્યના ચહેરા પર છે ભાવવિભોરતા. 'ગુરુદેવ ! આપ બોલો ! શું સમર્પિત કરું હું ? હું નાચીજ માણસ...'

ગુરુએ કહ્યું : 'તારા હાથનો અંગૂઠો (જે ધનુર્ધર માટે બહુ જ મહત્ત્વનો ગણાય... એ ન હોય તો ધનુર્ધર બાણ છોડે કઈ રીતે ?) મને આપ !'

ભીલનો દીકરો હતો. ચપ્પુ કેડે જ લટકતું હતું. એક ક્ષણનોય વિચાર કર્યા વિના એણે અંગૂઠો કાપીને ગુરુચરણે ધર્યો.

કેવું આ સમર્પણ !

બુદ્ધિ અને અહંકારની ભૂમિકાને છોડીને સમર્પણની દિવ્ય ધરતી પર આવ્યા વિના આવું કેમ થઈ શકે ?

બુદ્ધિ અને અહંકાર તો સીધું જ પૂછે ભીતર : ગુરુએ શું કર્યું ? ગુરુએ તો સ્પષ્ટ ના જ પાડેલી. આ તો મેં મારી બુદ્ધિથી વિકાસ કર્યો છે. હવે આમાં ગુરુ ગુરુદક્ષિણા શેની માગે છે ?

એક ક્ષણ થોભવાનું મન થાય અહીં. આપણા જેવા સાધકોને તો સ્વયં ગુરુએ જ્ઞાન આપ્યું હોય, જ્ઞાન પ્રાપ્ત કરવા આપણને એમણે પ્રોત્સાહિત પણ કર્યા હોય... છતાં આપણું જે જ્ઞાન છે, તે પર આપણે આપણો અધિકાર માનીએ કે ગુરુદેવનો ?

એકલવ્ય પોતાના જ્ઞાન પર સદ્‌ગુરુનો અધિકાર માને છે.

• • •

જરાક પડદો ઊંચો કરીને જોઈએ કે ગુરુ દ્રોણે આમ કેમ કર્યું ?

આપણી બુદ્ધિ આપણને એવું માનવા પ્રેરશે કે ગુરુને અર્જુન પર રાગ હતો અને એથી એકલવ્ય અર્જુનથી ચઢિયાતો ન બની જાય માટે આવું કર્યું હશે.

બુદ્ધિની વાત તો આવી જ રહેવાની ! એને તો બધા સ્વાર્થી, પક્ષપાતી જ દેખાવાના.

કદાચ ગુરુ એવું પ્રસ્થાપિત કરવા માગતા હતા કે જ્યારે ગુરુકૃપા સાધક પાસે હોય છે ત્યારે સાધનો બિલકુલ ટાંચાં હોય તોય વાંધો નથી આવતો. કારણ કે ત્યાં કાર્ય કૃપાસાધ્ય છે, સાધનસાધ્ય નહિ.

गुरुकृपैव केवलम् ।

■ ■ ■

# ૨૦

# 'સૂરત શિલા પર ધોઈએ...'



**क्रियाः सर्वाः प्रवर्तन्ते, गुरोः साक्षिणि नान्यथा ।**
**चक्षुष्मानपि नो पश्येद्, वस्तु चेद् भास्करो नहि ॥**

**- શ્રી શત્રુંજય માહાત્મ્ય**
**(પૂ. ધનેશ્વરસૂરિજી કૃત)**

*સદ્‌ગુરુની સાક્ષીમાં જ - તેમની નિશ્રામાં જ બધી ક્રિયાઓ પ્રવર્તે છે.*

*જેમ આંખવાળો મનુષ્ય પણ સૂર્યની હાજરીમાં જ પદાર્થો જોઈ શકે છે તેમ.*

# 'સૂરત શિલા પર ધોઈએ...'

સંત દરિયાએ એક મઝાની રૂપક કથા આપી છે. યુદ્ધ વખતે દુશ્મન રાજાને પોતાના દુશ્મન રાજાની રાજધાનીના દરવાજાને તોડવો છે. દરવાજો બહુ જ મજબૂત છે. શી રીતે એ તૂટે ? ત્યારે હાથીને ત્યાં લવાય છે. હાથી પોતાના દંતૂશલને નગર-દ્વાર સાથે ભરાવે છે અને પોતાનું બળ પૂરેપૂરું ત્યાં લગાવે છે. દરવાજા કડડ...ભૂસ થઈને તૂટી જાય છે.

રૂપક કથા આગળ ચાલે છે. કોઈ માણસ જંગલમાં ગયો. હાથી મરેલો હતો. તેના દાંત એને મળી ગયા. હવે એ નગરના બંધ દરવાજાને અડાડશે તો શું દરવાજો ખૂલશે ? કેમ નહિ ખૂલે ? હાથીદાંતની પાછળ હાથીનું બળ ક્યાં છે ? સંત દરિયાના પ્યારા શબ્દો છે : 'દંત ગ્રહે હસ્તિ બિના, પોલ ન તૂટે કોય...'

રૂપક કથાનો મર્મ આવો છે : હાથીદાંત તે ગુરુના શબ્દો. હાથી તે ગુરુદેવ પ્રત્યેનો અહોભાવ. ગુરુદેવ પ્રત્યે અહોભાવ નહિ હોય ત્યારે ગુરુદેવના પ્યારા શબ્દો આંતરિક ખજાનાને - દ્વારને - ખોલી નહિ શકે.

ગુરુદેવની સમક્ષ ભક્તિવિનમ્રભાવે સાધક ઉપસ્થિત થયો હોય છે ત્યારે ગુરુદેવના પ્યારા શબ્દો સાધકના અસ્તિત્વના સ્તર સુધી પહોંચી જાય છે.

સદ્ગુરુ તરફ હોય છે ચારિત્રની શક્તિ. પવિત્ર જીવનની શક્તિ. એના કારણે એમના શબ્દોમાં આવું તીવ્ર પ્રક્ષેપણ અનુભવાય છે. શ્રોતાના અન્તસ્તર સુધી એ અસર પાડી જાય છે. શ્રોતાની બાજુ છે અહોભાવ. ગુરુના મુખેથી પ્રગટેલ શબ્દની

અસર. વાતને થોડીક આગળ લઈ જઈએ તો, આવા પવિત્ર જીવનના સ્વામી ગુરુદેવના નામનું ઉચ્ચારણ કો'ક કરે કે તેમનું સ્મરણ કરે તો પણ શક્તિનું ઝરણું વહેતું અનુભવાય.

• • •

જગદ્‌ગુરુ હીરવિજયસૂરિ મહારાજની પાસે એક વિદ્વાન પંડિતજી વારંવાર આવતા. ગુરુદેવનાં ચરણોમાં બેસવામાં તેમને અપૂર્વ આનંદ મળતો.

પંડિતજી પોતાના દેશમાં ગયેલા. એમના જુવાન દીકરાને એકવાર વીંછી કરડ્યો. જગદ્‌ગુરુની શક્તિનો એમને ખ્યાલ હતો. એમણે જગદ્‌ગુરુનું નામ લઈ હાથમાં પાણી લીધું. અને પછી વીંછીના ડંખના સ્થાને એ છાંટ્યું. અને તરત જ દીકરો બેઠો થયો. ઝેરની અસર નાબૂદ.

• • •

સદ્‌ગુરુની શક્તિ અને સાધક દ્વારા એનું ઝિલાવું... કામ પૂરું.

સદ્‌ગુરુના ચારિત્રની શક્તિને કારણે એમના શબ્દો આપણા અન્તસ્તરને સ્પર્શે.

સદ્‌ગુરુનું નામ લઈએ ને, વીંછીનું ઝેર જ નહિ, રાગનું ઝેર ઊતરી જાય.

આપણા તરફ ખૂલતી વાત છે ગ્રાહકતાની. રિસેપ્ટિવીટીની.

સદ્‌ગુરુની શબ્દશક્તિ, સદ્‌ગુરુનાં આન્દોલનો... બધું જ વાયુમંડળમાં છે. તમારી બાજુમાં જ. પણ તમારી પાસે એની ગ્રાહકતા જોઈએ ને !

આ ખંડમાં અત્યારે ઘણાંય ટીવીકેન્દ્રોએ છોડેલાં દશ્ય-શ્રાવ્ય આન્દોલનો છે. પરંતુ આપણને એનો ખ્યાલ નથી આવતો. કારણ કે આપણી પાસે એની ગ્રાહકતા નથી. ટીવી ઓન થતાં જ એ આન્દોલનો પકડાય છે.

અહોભાવની ધારામાં વહેતો સાધક ગુરુની શક્તિ સાથે જોડાઈ શકે છે. અહોભાવ સાધકમાં ગ્રાહકતાને ઉભારે છે.

• • •

સાધકની આ સજ્જતાને કોણ સંવારશે ?

નિશ્ચય, ગુરુ જ.

ગુરુચેતના સાધક પર કઈ રીતે કામ કરે છે એની વાત કરતાં સંત કબીરજીએ કહ્યું :

ગુરુ કુમ્હાર શિષ્ય કુંભ હૈ,<br>
ગઢ ગઢ કાઢૈ ખોટ;<br>
અંતર હાથ સંવાર દે,<br>
બાહિર મારૈ ચોટ...

સાધક જો માટીનો પિંડ હોય તો, તેને આકાર આપવા માટે ગુરુ કુંભાર બનવા રાજી છે. કેવી કુશળતાથી સદ્‌ગુરુ કામ કરે છે ! ગુરુના દોહરા કૃત્યની વાત અહીં આવી : ઘડો બની રહ્યો છે ત્યારે, બહાર, ટપલાંથી ચોટ મરાશે; જેથી ઘડો સુરેખ ઘડો બની શકે. પરંતુ ટપલાં મારતી વખતની સાવધાની કેવી છે ? 'અંતર હાથ સંવાર દે...' એક હાથે અંદર, તે ભાગને, કુંભાર પકડી રાખે છે. જેથી માટીનો લોંદો નીકળી ન જાય.

ગુરુ પણ આ જ રીતે કામ કરે છે. ઉપબૃંહણા – પ્રોત્સાહક વચનોથી સાધકને સ્થિર બનાવતાં વારણા કે ચોયણા (નિષેધ વચનો કે કઠોર વચનો) દ્વારા તેઓ ટપલાં લગાવશે.

• • •

જ્ઞાનદેવ, નામદેવ અને મુક્તાબાઈ ત્રણે સંતો યાત્રા કરીને પાછા ફરી રહ્યા છે. રસ્તામાં ગોરા કુંભારનું ઘર આવ્યું. ત્રણે ત્યાં ગયા.

ગોરો કુંભાર ઊંચી કક્ષાનો સાધક હતો... કુંભારને ત્યાં રહેલ ટપલાંને જોઈને નામદેવે પૂછ્યું : 'આનાથી શું થાય ?' ગોરો કુંભાર કહે : 'એનાથી ઘડો કાચો છે કે પાકો એની ખબર પડે...'

અને પછી ગોરાએ ટપલું હાથમાં લઈ મુક્તાબાઈના માથે અડાડ્યું. નામદેવ ગુસ્સે થઈ ગયા. ત્યારે ગોરાએ કહ્યું : 'નામદેવ કાચો ઘડો છે. સાધક ગુસ્સે થઈ શકે જ નહિ.'

નામદેવની સાધનાને ચકાસવા ગોરાએ ટપલું લગાવેલું !

ગુરુ સાધકને માથે આ રીતે ટપલું લગાવે !

• • •

શિષ્યને પાકો ઘડો બનાવવા માટે ગુરુ કુંભાર બને અને શિષ્યના મનનો મેલ કાઢવા ગુરુ ધોબી પણ બને. સંત કબીરજી કહે છે :

ગુરુ ધોબી સીસ કાપડા,
સાબુન સરજનહાર;
સૂરત શિલા પર ધોઈએ,
નીકસે જ્યોતિ અપાર...

શિષ્યનું મન, હૃદય તે વસ્ત્ર. ગુરુ છે ધોબી. સાબુ કયો ? 'સાબુન સરજનહાર...' પરમાત્મા છે સાબુ. ધોબી શિલા પર વસ્ત્રોને પટકીને તેનો મેલ દૂર કરે છે. અહીં શિલા કઈ ? 'સૂરત શિલા.' સૂરતિ એટલે સ્મૃતિ. પ્રભુની ગાઢ સ્મૃતિ, સતત સુમિરન એ છે શિલા. એના પર વસ્ત્ર પટકાય એટલે એ સ્વચ્છ બની જાય.

'સાબુન સરજનહાર...' બહુ મઝાના અંદાજમાં આવેલી પંક્તિ છે. ગુરુ શિષ્યના વિકાસનું ઉત્તરદાયિત્વ પોતાના પર લેવા તૈયાર નથી. કૃતિત્વના ભારવિહોણું કાર્ય ત્યાં છે ને ! એટલે મઝાની આ નમ્રોક્તિ આવી : 'સાબુન સરજનહાર.' પરમાત્મારૂપી સાબુથી શિષ્યના અન્તઃકરણ રૂપી વસ્ત્રને ધોવાયું છે માટે તે સ્વચ્છ બન્યું છે.

• • •

કૃતિત્વના ભારવિહોણા કાર્યની મઝાની વાત શ્રીપાળ રાસમાં આવે છે. શ્રીપાળ કુમારની કાયા, નવપદજીની સાધનાના પ્રભાવે, સ્વસ્થ બની છે. તેમનાં માતાજી વૈદ્યની શોધમાં ગયેલાં. તેમને મળ્યાં. 'બેટા ! તારી કાયા આવી કંચનવરણી થઈ ગઈ ! કઈ રીતે આ ચમત્કાર થયો ?'

શ્રીપાળકુમાર કૃતિત્વનો બોજ પોતાના પર નથી રાખતા. તેઓ કહે છે : માતાજી ! તમારી પુત્રવધૂ એવી તો સુશીલા અને ધાર્મિકવૃત્તિની છે; એના પ્રભાવે આ ચમત્કાર થયો. 'એ પસાય સહુ તુમ વહૂ તણો...'

અને મયાણાસુન્દરી શું કહે છે ? એ વળી આ કૃતિત્વનો બોજ પોતાના પર રાખે ખરાં ? એમણે કહ્યું : આ તો ગુરુદેવની કૃપા છે. એમણે જ સિદ્ધચક્રજી મહારાજની ઉપાસના કરવાનું સૂચવ્યું ને આ ચમત્કાર થયો. 'ગુરુસમ હિતુઓ નહિ કોય...'

અને ગુરુદેવને પુછાયું હોત તો... તેઓ કહેત કે આ તો પ્રભુની જ કૃપા... હું તો નિમિત્તરૂપ છું.

• • •

નિમિત્ત શબ્દ પૂર્વનો અનૂઠો શબ્દ છે. પૂર્વે જે કેટલાક શબ્દો વિશ્વને આપ્યા છે, એ પૈકીનો શબ્દ છે આ નિમિત્ત.

પ્રવચનકાર મહાત્મા પ્રવચન આપીને સુધર્માપીઠ પરથી ઊભા થશે અને એમની આંખો ભીની હશે. આંખોની એ ભીનાશ પ્રભુને કહેતી હશે કે, 'પ્રભુ ! તારી પાસે તો અગણિત સાઉન્ડ સિસ્ટમ છે; તેં મારા જેવા નાચીજ માણસની સાઉન્ડ સિસ્ટમ વાપરી ! મારે કંઠેથી તું પ્રગટ્યો !' પ્રવચનકાર પોતાની જાતને માત્ર નિમિત્તરૂપ માને છે...

• • •

નવ્વાણુ પ્રકારી પૂજામાં પૂજ્ય વીરવિજય મહારાજે જાવડ શેઠના શત્રુંજય તીર્થના ઉદ્ધારરૂપી કાર્યને, ભક્તના તરફથી, નિમિત્તરૂપે ગણાવેલ છે.

જાવડ શેઠે દાદાનું દેરાસર નવું બંધાવ્યું. પ્રભુ પ્રતિષ્ઠા કરાવી... આપણે આપણા લયમાં કહીએ કે તેમણે તીર્થોદ્ધાર કર્યો. પરંતુ એમની તરફ શું ખૂલતું હતું ? એ કહેતા હતા કે પ્રભુ ! આ નાનકડું ભક્તિનું પુષ્પ તારાં ચરણોમાં સમર્પિત કરીને ઇચ્છું છું કે તું મારો ઉદ્ધાર કર !

પૂજાના શબ્દો છે : 'સંવત એક અઠલંતરે રે, જાવડશાનો ઉદ્ધાર; ઉદ્ધરજો મુજ સાહિબા રે...'

• • •

'સાબુન સરજનહાર... સૂરત શિલા પર ધોઈએ...' ગુરુ પોતાના કૃત્ય પર કર્તૃત્વનો ઢોળ ચડવા દેતા નથી. પરમાત્મારૂપી સાબુ અને પ્રભુસ્મૃતિરૂપ શિલા એ બેઉ દ્વારા શિષ્યના મનનું વસ્ત્ર શુદ્ધ બન્યું છે તેમ તેઓ કહે છે.

સદ્ગુરુની આ વિનમ્ર ભાવદશા સાધકને નિરહંકાર બનાવે એમાં શી નવાઈ ?

• • •

ઉપનિષદના ઋષિ કહે છે : 'ૐ સહ નાવવતુ, સહ નૌ ભુનક્તુ, સહ વીર્યં કરવાવહૈ...'

ઋષિ કહે છે : પ્રભુ ! મારી અને મારા શિષ્યની વિભાવોથી રક્ષા કરો. અમે બે સાથે જમીએ (સ્વાધ્યાય કરીએ). અને અમે બેઉ સાથે સાધના ભણી ચાલીએ.

કર્તૃત્વ ગુરુનું કેવું તો ઢળી પડેલું અહીં દેખાય છે !

■ ■ ■


સદ્‌ગુરુઃ શરણં મમ

# ૨૧

# ઉપનિષદ



**पसायपेही नियागट्ठी उवचिट्ठे गुरुं सया...**
**- ઉત્તરાધ્યયન સૂત્ર**

*મોક્ષાર્થી સાધક ગુરુકૃપાનો ઈચ્છુક હોય છે અને તેથી તે સદ્‌ગુરુના ઉપનિષદમાં હંમેશા રહે છે.*

## ઉપનિષદ

અબજોપતિ શ્રીમંત પહેલીવાર એક સદ્‌ગુરુને વન્દન કરવા આવ્યા. કો'કે કહ્યું : એ સદ્‌ગુરુના ઉપનિષદમાં બેસવા જેવું છે.

એ આવ્યા. વન્દના કરીને સદ્‌ગુરુની પાસે બેઠા. એમના સદ્‌ભાગ્યે ગુરુ મૌનમાં હતા. (સંભાવના એવી હતી કે સદ્‌ગુરુ મૌનમાં ન હોત તો એ શ્રીમંત સદ્‌ગુરુના થોડાક શબ્દો લઈને ચાલ્યા જાત. સદ્‌ગુરુના આભામંડલમાં તેઓ ડૂબી ન શકત.)

તેઓ ગુરુના સાંનિધ્યમાં બેઠા. આંખો બંધ કરી તેઓ ચૂપચાપ ગુરુના શરીરમાંથી વહેતાં આન્દોલનોને માણી રહ્યા.

આ એક વિરલ અનુભવ હતો.

અપાર શાન્તિ તેમણે અનુભવી.

એમને થયું કે અર્ધો કલાકનું ગુરુનું ઉપનિષદ જો આવી શાન્તિ આપી શકે તો તેમનું કાયમનું ઉપનિષદ શું ન કરે ?

ગુરુને વિનતિ કરી તેમણે : 'મને દીક્ષા આપો !'

મૌન પૂરું થયા પછી ગુરુએ તેમની વિનતિનો પ્રત્યુત્તર આપતાં કહ્યું : 'બધું છોડીને આવો ! દીક્ષા મળશે...'

સદ્‌ગુરુની ઑરાની એ અસર કે શ્રીમંત બધું છોડવા તૈયાર થયા. ઘરે ગયા. પુત્ર નહોતો. પત્ની ગુજરી ગયેલાં. સંબંધીઓને અને ધર્માદા ટ્રસ્ટોને બધી જ પોતાની મિલકત આપી દીધી. મહેલ પણ કો'ક ટ્રસ્ટને સેવાપ્રવૃત્તિ માટે આપી દીધો. એક પૈસો પણ ખિસ્સામાં નહિ. માત્ર ઝભ્ભો અને લેંઘો પહેરીને સાંજના સમયે તેઓ ગુરુ પાસે આવ્યા.

બાહ્ય રીતે, જરૂર, તેઓ ખાલી થઈને આવેલા. પણ અંદર એક સૂક્ષ્મ અહંકાર હતો. અહંકાર એ હતો કે ગુરુને લક્ષાધિપતિ કે કરોડપતિ શિષ્યો હતા. અબજોપતિ

શિષ્ય એક પણ નહોતો. તો એમ માનતા હતા કે ગુરુ પાસે જતાંની વેંત ગુરુ પોતાને બાંહોમાં લેશે.

આવ્યા ગુરુ પાસે.

ગુરુએ તેમનો ચહેરો જોયો. ગુરુ તો ફેઈસ-રીડીંગના માસ્ટર. ચહેરો જોતાં જ ભીતરના ભાવોને ઉકેલી નાખે તેવા. હું ઘણીવાર કહેતો હોઉં છું : સદ્‌ગુરુ પાસે તમે તમારી સાધના વર્ણવો એ તમારા તરફ ખૂલતી વાત છે. સદ્‌ગુરુ તો તમારા ચહેરાને જોઈને નક્કી કરી લેશે કે તમે ક્યાં પહોંચ્યા છો.

શ્રીમંત ગુરુ પાસે આવ્યા. ગુરુએ તેમનો ચહેરો જોયો. અહંકાર છલકાઈ રહ્યો હતો. ગુરુએ કહ્યું : ‘બહાર નીકળી જાવ ! દીક્ષા નહિ મળે.’

અબજોપતિ નવાઈમાં ડૂબે છે. બહાર નીકળ્યા. પણ હવે જવું તો જવું ક્યાં ? મોટા ઉપાડે બધું જ છોડીને આવી ગયા છે. ઘરે પાછા જવાય તેવું નથી. તેઓ રેલવેસ્ટેશન પર જાય છે. પ્લૅટફૉર્મના બાંકડા પર બેઠા. ભૂખ લાગી છે, પણ ચણા-મમરા ફાકવા બે પૈસા પણ ક્યાં છે ? સૂઈ જાય છે બાંકડા પર.

પરોઢિયે ચાર વાગ્યે જાગી જાય છે. વિચારે છે કે ગુરુએ ના કેમ પાડી. સદ્‌ગુરુનાં આન્દોલનો ફક્ત અર્ધો કલાક જ લીધેલાં છે, પણ એ અનુભવ પર તેઓના મનમાં નિશ્ચિત છે કે ગુરુ તો શ્રેષ્ઠકોટિના જ છે. ચૂક ક્યાંક પોતાની જ થઈ રહી છે.

આ સરસ વિચાર-બિન્દુ હતું.

આપણા માટે લગભગ આવું જ થાય કે આપણને સામા પક્ષની જ કંઈક ચૂક લાગે. અહંકાર આપણી પોતાની ભૂલમાં ડોકિયું ન જ કરવા દે.

અબજોપતિ ફરીથી ગુરુના શબ્દોને યાદ કરે છે. ગુરુએ કહેલું : ‘ખાલી થઈને આવો !’ તરત જ ભૂલ પકડાઈ ગઈ. ઓહ ! હું ખાલી થવાની વાતને માત્ર બાહ્ય પદાર્થો જોડે સાંકળતો હતો. ભીતરથી હું ક્યાં ખાલી થયેલો ? અંદર તો અહંકાર જ છે. અહંકાર ઓસર્યો. અબજો રૂપિયા છોડ્યા, પણ અબજોપતિ હું હતો એવા અહંકારને ન છોડું તો હું ખાલી ક્યાં થયો ?

નિરહંકારી બની ગુરુ પાસે ગયા.

ગુરુએ તેમની ભાવદશા ‘જોઈ’ બાંહોમાં લઈ લીધા. ચાલો, અત્યારે જ દીક્ષા...

• • •

ગુરુના ઉપનિષદનો આ મઝાનો અનુભવ.

આપણા યુગમાં ભારતના તત્કાલીન પ્રધાનમંત્રી મોરારજીભાઈ દેસાઈને થયેલો. તેઓ અરુણાચલમ્ રમણ મહર્ષિની પાસે ગયેલા. જતાં પહેલાં એમના મનમાં એવો

વિચાર હતો કે તેમને કહેવું કે તેઓ ભારતભ્રમણ કરી તેમના જ્ઞાનનો લોકોને લાભ આપે. ભારત સરકાર બધી જ સુવિધાઓ તેમને આપે.

મોરારજીભાઈ ગયા મહર્ષિ પાસે ત્યારે મહર્ષિ મૌનમાં હતા. મોરારજીભાઈને તેમને મળવું જ હતું. એટલે તેઓ બેઠા. અર્ધો કલાક તેમના ઉપનિષદમાં બેસતાં જ તેમને મઝાનો, વિરલ અનુભવ થયો.

હવે તેમને સમજાયું કે શબ્દો તો કેટલા સ્થૂળ છે ! સદ્‌ગુરુનું ઉપનિષદ, તેમનાં પવિત્ર આન્દોલનો સાધનાને બહુ મોટું બળ આપી શકે છે.

• • •

હું ઘણીવાર કહેતો હોઉં છું કે સદ્‌ગુરુના શબ્દોનું પ્રલોભન આપણને તેમની ઑરાથી દૂર રાખે છે : 'સદ્‌ગુરુ પાસે હું ગયો, પણ તેમના પ્યારા શબ્દો — હિતશિક્ષા મને ન મળ્યા.' અરે, પણ ગુરુના પાવન શરીરમાંથી નીકળતાં આન્દોલનોમાં કેમ ન ડુબાયું ?

• • •

એકવાર આનંદ પૂરી રાત બુદ્ધના સામીપ્યમાં જાગતા રહ્યા. આન્દોલનો લેવા માટે. પૂરી રાત તેમણે ગુરુનું ઉપનિષદ માણ્યા કર્યું.

સવારે તેમણે બુદ્ધને પૂછ્યું : હું પૂરી રાત આપને નિહાળતો રહેલો. આપની ઊર્જાને લેતો રહેલો. આપનું શરીર સહેજ પણ હાલેલું, ડૂલેલું નહિ. શું કારણ ?

મહામના બુદ્ધે કહ્યું : આનન્દ ! શરીર સાધકના નિયન્ત્રણમાં જ હોવું જોઈએ. મારું શરીર મારા નિયન્ત્રણમાં છે. મારી આજ્ઞા વગર એ કઈ રીતે હલન-ચલન કરે ?

• • •

સદ્‌ગુરુનું ઉપનિષદ.

તમે ખાલી થઈને જાવ વિભાવોથી. સદ્‌ગુરુ તમને પૂરા પૂરા ભરી દે.

• • •

ઉપનિષદની એક લાક્ષણિક વિશેષતા... સાધક ગુરુવ્યક્તિના ઉપનિષદમાં હોય છે. પરંતુ સામી બાજુ વ્યક્તિત્વ હોતું જ નથી. ત્યાં હોય છે સદ્‌ગુરુચેતના.

કેન્દ્રમાં વ્યક્તિ પોતે હોય ત્યાં સુધી વ્યક્તિત્વ. કેન્દ્રમાં પરમચેતના આવે એટલે વ્યક્તિત્વનું અસ્તિત્વમાં રૂપાન્તરણ થાય. ગુરુવ્યક્તિના કેન્દ્રમાં જ્યારે પ્રભુ આવીને બિરાજે છે ત્યારે ત્યાં ગુરુવ્યક્તિ નથી હોતી. હોય છે ગુરુચેતના.

એટલે, ગુરુવ્યક્તિનો ચરણસ્પર્શ ગુરુચેતનાના સ્પર્શમાં પરિણમે છે.

એક મઝાનું વિધાન આ સન્દર્ભમાં યાદ આવે : 'There is the same fragrance and same flavour in all the revered masters.' દરેક પહોંચેલા સદ્‌ગુરુમાં એક

સરખી સુગંધ, એક સરખો આસ્વાદ હોય છે. હવે આસ્વાદ કે સુગંધ તે વ્યક્તિત્વની નથી ને ! કેન્દ્રમાં રહેલ પ્રભુની છે.

• • •

આવી જ એક આજ્ઞાસ્પર્શની શૃંખલાની વાત શાસ્ત્રોમાં આવે છે. ગીતાર્થ ગુરુદેવ પ્રભુઆજ્ઞાને વફાદાર. એટલે એવા ગુરુ પાસે છે સીધો પ્રભુ-આજ્ઞાનો સ્પર્શ.

ગીતાર્થ ગુરુદેવની નિશ્રામાં રહેલ આચાર્ય ભગવંતો, પંન્યાસજી ભગવંતો તેમની આજ્ઞામાં. તેમના શિષ્યો તેમની નિશ્રામાં.

નાનામાં નાના મુનિવરને પણ આ રીતે પ્રભુઆજ્ઞાસ્પર્શ મળે : વાયા, વાયા. પોતાના ગુરુની આજ્ઞાને તેઓ પાળી રહ્યા હોય ત્યારે તેઓ પ્રભુની આજ્ઞાના સ્પર્શમાં હોય છે. પંચસૂત્રનો હૃદયંગમ પાઠ યાદ આવે : 'जो मं पडिमन्नति, से गुरुंति तदाणा...'[1] જે મને પૂજે છે, તે ગુરુને પૂજે જ. જે ભક્તિથી મને માને છે, તે ગુરુને માને જ. આવી પ્રભુની આજ્ઞા છે.

• • •

ફલિત એ થયું કે ગુરુદેવની આજ્ઞાનો સ્વીકાર તે પ્રભુની આજ્ઞાનો સ્વીકાર.

આમ પણ, સાધક પાસે પ્રભુની આજ્ઞા ગુરુદેવ દ્વારા જ આવે છે. ગ્રન્થોમાંથી સીધી આજ્ઞા - પોતાના સાધનામાર્ગ અંગેની - સાધક લેતો નથી.

કોઈ પણ દર્દી મેડિકલ બુલેટિન વાંચીને દવા નથી જ લેતો. ડૉક્ટર પ્રિસ્ક્રાઈબ કરે તે જ દવા તે લે છે ને !

• • •

સાધક માટે તો સોહામણું, સોહામણું છે સદ્ગુરુદેવનું ઉપનિષદ. મીરાંએ મઝાની કેફિયત એ ઉપનિષદની આપેલી : 'ચરનન લિપટ રહૂંગી...' સદ્ગુરુની આજ્ઞા એ જ સાધક માટે જીવનમન્ત્ર. આજ્ઞારૂપી ચરણોમાં શિર ઢાળી દેવાનું.

પછી...?

પછીનું સૂત્ર આ છે : We do not have to do anything absolutely... આપણે કંઈ જ કરવાનું નથી. બધું જ ગુરુદેવે કરવાનું છે.

સમર્પિતતા શિષ્યના તરફથી.

મોક્ષે લઈ જવાની જવાબદારી સદ્ગુરુની.

■ ■ ■

---

૧. ચતુર્થ પંચસૂત્રક

# ૨૨

# સહજને કિનારે



**पंचिंदियदमणपरा, जिणुत्तसिद्धंतगहियपरमत्था ।**
**पंचसमिया तिगुत्ता, सरणं मह एरिसा गुरुणो ॥८॥**
**- સંબોધસત્તરી**

*પાંચે ઈન્દ્રિયોના દમનમાં તત્પર, જિનેશ્વર પ્રભુએ કહેલ સિદ્ધાન્તમાંથી જેમણે પરમાર્થ/સાર ગ્રહણ કર્યો છે તેવા, પંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી યુક્ત ગુરુનું મને શરણ પ્રાપ્ત થાઓ !*

# સહજને કિનારે

સદ્‌ગુરુના મહિમાને દર્શાવતો એક પ્યારો શ્લોક છે. લાગે કે એક શ્લોકમાં 'સદ્‌ગુરુ મહિમ્નઃ સ્તોત્રમ્' પૂરું આવી ગયું !

ये दत्वा सहजानन्दं, हरन्तीन्द्रियजं सुखम् ।

सेव्यास्ते गुरवः शिष्यै-रन्ये त्याज्याः प्रतारकाः ॥

સહજ આનંદ આપીને સદ્‌ગુરુ ઇન્દ્રિયજન્ય સુખોની પકડમાંથી ભક્તને છોડાવે છે.

આપણી ભીતર આનંદનો સમંદર ઘૂઘવી રહ્યો છે. પરંતુ આપણો ઉપયોગ તે બાજુ જતો નથી. પરિણામે, 'પાની બીચ મીન પિયાસી...' જેવો ઘાટ થાય છે. કબીરજી કહે છે : 'મોહિ સુન સુન આવત હાંસી...' સામાન્ય વ્યક્તિત્વો આનંદના સમંદરમાં રહેવા છતાં પ્યાસા, પ્યાસા છે; એ સાંભળીને એમને હસવું આવે છે. જો કે, આવા પ્રતિષ્ઠિત સંતોના હાસ્યમાં તિરસ્કારની માત્રા ભળેલી નથી હોતી. એમાં હોય છે કરુણા. અને એ કરુણા આપણને સહજ આનંદના સમંદર ભણી લઈ જાય છે.

• • •

કઈ પ્રક્રિયા દ્વારા સદ્‌ગુરુ આપણા પોતાના આનંદ સાથે આપણો સાક્ષાત્કાર કરાવે છે ?

પ્રક્રિયા આવી છે :

ભક્ત સદ્‌ગુરુ પાસે જાય છે : વિભાવોથી ખાલી થઈને. અહોભાવથી ભરાઈને. ભક્તના અહોભાવપૂર્ણ નેત્રો સદ્‌ગુરુને નીરખે છે ત્યારે તેમના ચહેરા પર રહેલ દિવ્ય આનંદને તે જોઈ જ રહે છે. તેમના પૂરા અસ્તિત્વમાંથી વહી આવતી આનંદધારાને તે સાનન્દાશ્ચર્ય નીરખી રહે છે. 'આવો દિવ્ય આનંદ !'

અને ત્યારે, સદ્ગુરુદેવ કહે છે કે બેટા ! તારી ભીતર પણ આવો જ આનંદ પડેલો છે. માત્ર તેં એને અભિવ્યક્ત કર્યો નથી.

ભક્ત પૂછે છે : ગુરુદેવ ! એને શી રીતે પ્રકટ કરી શકાય ?

ગુરુદેવ કહે છે : રાગ, દ્વેષ, અહંકારને શિથિલ બનાવીને તે આનંદને ધીરે ધીરે પામી શકાય.

અને ભક્ત પામે છે આનંદલોકને.

• • •

ગુરુદેવ આનંદ આપે છે. 'ये दत्वा सहजानन्दम्'... ઘણી બધી પ્રક્રિયાઓ આ માટે છે. એક પ્રક્રિયા ભક્તિની પ્રક્રિયા છે. મહોપાધ્યાય શ્રી યશોવિજય મહારાજે એ પ્રક્રિયા બતાવી છે. પરમતારક શ્રી ઋષભદેવ પ્રભુની સ્તવનામાં તેમણે કહ્યું : 'મુખ દીઠે સુખ ઊપજે, દરિસન અતિ હિ આનંદ લાલ રે...'

ત્રણ ભૂમિકાઓ તેમણે ત્યાં બતાવી : સુખાભાસ, સુખ, આનંદ. (બે ભૂમિકાઓ શબ્દમાં બતાવી. એક અશબ્દમાં.)

ઇન્દ્રિયો અને મન ભૌતિક પદાર્થો કે બાહ્ય વ્યક્તિત્વો સાથે જોડાય તે સુખાભાસ નામની સંઘટના. ઇન્દ્રિયો અને મન પ્રભુ સાથે જોડાય તે સુખ નામની સંઘટના. અને પૂરું અસ્તિત્વ પ્રભુમય બની રહે તે આનંદ નામની સંઘટના.

સદ્ગુરુ સુખાભાસની દુનિયામાંથી ભક્તને સુખની દુનિયામાં અને પછી આનંદની દુનિયામાં લઈ જાય છે.

• • •

સુખની દુનિયાનું મઝાનું અનુભૂત્યાત્મક વર્ણન પૂજ્યપાદ માનવિજય મહારાજે આપ્યું છે. એક એક ઇન્દ્રિય પ્રભુની સાથે જોડાતાં કેવી તો સુખની વૃષ્ટિ થાય છે !

આંખોને પ્રભુનું દર્શન કરતાં કેવો આનંદ થાય છે ? 'તુજ મુખ સન્મુખ નીરખંતા, મુજ લોચન અમીય ઠરંતા...' પ્રભુને નીરખતાં બન્ને આંખો ભરાઈ આવે હર્ષાશ્રુથી.

એક પ્રશ્ન થયેલો આ પંક્તિ વાંચતાં : પ્રભુને જોતાં આંખો ભરાઈ આવે... તો કડી આવી હોવી જોઈએ : 'તુજ મુખ સન્મુખ નીરખંતા, મુજ લોચન અમીય વરસંતા કે છલકંતા...' એને બદલે 'ઠરંતા' શબ્દપ્રયોગ કેમ થયો ?

પ્રભુને જ પૂછ્યું કે પ્રભુ ! કયો શબ્દપ્રયોગ જોઈએ ?

પ્રભુની કોર્ટમાં બૉલ ફેંકી - પ્રશ્નનો - હું ઉપાશ્રયે આવ્યો. થોડીવારમાં જ એક માતા પોતાના નાનકડા બાળકને લઈ વન્દન કરવા આવેલ. વન્દન કરવા માટે માએ પોતાના બાળકને નીચે મૂક્યું. બાબાને તો પદભ્રષ્ટ થયેલ રાજા જેવું થયું ! માની હૂંફાળી ગોદમાંથી સીધા ઠંડી ફરસ પર ! એણે રડવાનું શરૂ કર્યું. આંખોમાં બે બુંદ આવી ગયાં. તરત જ માએ બાળકને ઊંચકી લીધું. હવે ? હવે પેલાં બે અશ્રુબિન્દુઓ રેલાયાં નહિ. કારણ કે પાછળ ફોર્સ નહોતો. એ અશ્રુબિન્દુ આંખોમાં ફ્રીજ થઈ ગયા !

મને જવાબ મળી ગયો !

પ્રભુને જોતાં વિરહવ્યથાને કારણે અશ્રુબિન્દુ આંખોમાં ઊભરાયાં. ક્યારે મળશે પ્રભુ ? ક્યારે મળશે ? ક્યારે ? અને ત્યાં જ પ્રભુએ દર્શન આપ્યું. હવે આંસું ઠરી ગયાં. મને કડીનો ભાવાર્થ સમજાયો : ‘મુજ લોચન અમીય ઠરંતા...’

• • •

કાનને ઓચ્છવ ક્યારે મળે ?

‘તુજ નામ સુણ્યું જબ કાને, હૈયું આવે તબ સાને; મૂર્ચ્છાયો માણસ વાટે, સજ્જ હુએ અમૃત છાંટે...’

પ્રભુનું નામ સાંભળ્યું અને હૃદય એકદમ આનંદવિભોર બની ગયું. ગરમીથી બેભાન થયેલો માણસ.... ઠંડું પાણી છાંટવામાં આવે અને એ સ્વસ્થ બને. ભક્ત પ્રભુનું નામ સાંભળી આનંદવિભોર બને.

પ્રભુનું નામશ્રવણ. કાનને ઓચ્છવ જ ઓચ્છવ.

• • •

નાસિકા પાછળ ક્યાં રહેવાની છે આ સુખાસિકાની ધારામાં ?

‘શુભ ગંધને તર-તમ યોગે, આકુળતા હુઈ ભોગે; તુજ અદ્‌ભુત દેહ સુવાસે, તેહ મીટ ગઈ રહત ઉદાસે...’

ફૂલની કે અત્તરની સુગંધ શું કરે ? ભોગવ્યાકુળ બનાવે એ ચિત્તને. સામી બાજુ, પરમાત્માના અદ્‌ભુત દેહની સુગંધ આકુલતાને મિટાવી ઉદાસીનતાની ધારામાં લઈ જાય ભક્તને.

• • •

રસનેન્દ્રિય - જીભને કેવો આસ્વાદ મળે છે પરમની દુનિયામાં ? ‘તુજ ગુણ સંસ્તવને રસના, છાંડે અન્ય લયની ત્રસના.’ તારું સંસ્તવન કરવા મળ્યું... હોઠોને,

જીભને, કંઠને એવો તો આસ્વાદ મળી ગયો એમાં કે એ બીજું બધું જ ભૂલીને માત્ર આ લયમાં જ ખોવાઈ જવા ઇચ્છે છે...

આ ગુણસંસ્તવનમાં, આ મધુર ગાનમાં મન, હૃદય ભળી જાય છે... અને ત્યારે આ ગાન પરમચેતના સાથે અભેદાનુભૂતિની પૂર્વભૂમિકા રચે છે.

ડૂસકાંની પ્લેબેક પર શબ્દો સર્યે જતા હોય. ડૂસકાં શબ્દોની તાકાતને અનેકગણી વધારી દે છે.

• • •

સ્પર્શનેન્દ્રિયનો અનુભવ કેવો છે ? 'પૂજાએ તુજ તનુ ફરસે, ફરસન શીતલ થઈ ઉલસે...'

મૂર્તિચૈતન્યની આપણી ભારતીય અવધારણા પ્રમાણે ભક્ત મૂર્તિના સાન્નિધ્યમાં ક્યારેય નથી હોતો. એ હોય છે પરમાત્માના સાન્નિધ્યમાં.

પ્રભુની પૂજા કરતો ભક્ત પ્રભુની શીતલતાનો અનુભવ કરે છે. સ્પર્શનેન્દ્રિયને મળે છે માત્ર ને માત્ર ઠંડક. એ અનુભવ માટે એવું જ કહી શકાય કે It can not be described, it can only be experienced. તમે એને કહી ન શકો. હા, તમે એને અનુભવી શકો.

મયણાસુન્દરી પ્રભુની પૂજા કરીને ઘરે ગયાં. પણ શો એ આનંદાનુભવ ! એમણે ઘરે જઈ સાસુમાને કહેલું : 'એહવો રે પૂજામાં મુજ ભાવ આવ્યો રે...'

એવો... પણ કેવો ?

ગહન ચુપ્પી છે રાસમાં આ જગ્યાએ. કારણ કે એવી એ અનુભૂતિ હતી; જેને શબ્દોમાં બાંધી જ ન શકાય. પણ હા, એ અનુભૂતિ શરીરના સ્તર પર ઊતરી આવે ત્યારે શું થાય એની વાત ત્યાં કહેવાઈ છે : 'એહવો રે પૂજામાં મુજ ભાવ આવ્યો રે, ખિણ ખિણ હોવે પુલક નિઃકારણો જી...' હજુ રોમાંચ બેસવાનું નામ નથી લેતા. રૂંવાડે રૂંવાડેથી આનંદ પ્રગટી રહ્યો છે.

મનના સ્તર પર વિસ્મય.

હૃદયના સ્તર પર આનંદ.

શરીરના સ્તર પર રોમાંચ...

વિસ્મય. આશ્ચર્ય થાય છે : શું આવા પ્રભુનો સ્પર્શ મને મળ્યો ? ખરેખર મળ્યો ?

હૃદયમાં એનો આનંદ. અપૂર્વ આનંદ. શરીરના સ્તર પર રોમાંચ...

• • •

ઇન્દ્રિયો પ્રભુ સાથે જોડાય એટલે સુખ જ સુખ. 'મુખ દીઠે સુખ ઊપજે.'

અને, આનંદ નામની સંઘટનાનો જન્મ ક્યારે ? 'દરિસન અતિ હિ આનંદ લાલ રે...' વીતરાગતા આદિ ગુણોનું દર્શન, સ્પર્શન, અનુભવન થાય ત્યારે આનંદ જ આનંદ.

પૂરું અસ્તિત્વ ડૂબ્યું પ્રભુગુણોમાં.

પ્રભુની વીતરાગ દશા આદિનો આંશિક સ્પર્શ અને આનંદ જ આનંદ. કઈ રીતે તમે એ આનંદને વ્યાખ્યાયિત કરી શકો ?

• • •

સદ્ગુરુ સુખાભાસની દુનિયામાંથી ભક્તને સુખની દુનિયામાં અને ત્યાંથી આનંદની દુનિયામાં લાવે છે.

આનંદને સરસ, સટીક વિશેષણ અપાયું છે : સહજ. 'ये दत्वा सहजानन्दम्...'

સહજના બે અર્થો થાય : સહજ એટલે સાથે જન્મેલ અને સહજ એટલે અકૃત્રિમ.

આનંદ સહજ છે. આપણા અસ્તિત્વ સાથે જડાયેલી એ સંઘટના છે. અત્યારે પણ, આઠ રુચક પ્રદેશોમાંથી આનંદનું એ ઝરણું વહી જ રહ્યું છે. આપણો ઉપયોગ પર તરફ હોવાને લીધે આટલી મોટી સંઘટનાથી આપણે બેખબર રહીએ છીએ.

આનંદ છે અકૃત્રિમ. સંયોગ દ્વારા રચાય, નિષ્પન્ન થાય તે રતિ કે અરતિ. આનંદ તો અસંયોગજન્ય ઘટના છે. તમે બહારી કોઈ પણ સંયોગો સાથે જોડાયેલા ન હો, તમારા તાર ભીતરી લોક સાથે વણાયેલ હોય ત્યારે આનંદનું મધુરું સંગીત બજી ઊઠે છે.

પરનો અ-સંયોગ બરોબર સ્વનો સંયોગ. સહજ આનંદના સ્વયંસ્ફૂર્ત ઝરણામાં સાધકનું નાહી ઊઠવું.

'ये दत्वा सहजानन्दं, हरन्तीन्द्रियजं सुखम् । सेव्यास्ते गुरवः शिष्यैः...' – સહજ આનંદને આપીને, તમારી ભીતરી આનંદની ધારા સાથે તમને જોડીને જેઓ ઇન્દ્રિયજન્ય સુખની અવધારણાથી (સુખાભાસથી) તમને મુક્ત કરે છે તે સદ્ગુરુ.

એવા સદ્ગુરુનાં ચરણોમાં ભાવપૂર્વક વંદન.


■ ■ ■

## પરિશિષ્ટ

ચિત્રો / આકૃતિઓમાં અક્ષરો ગોઠવીને કરાતી રચનાને ચિત્રબન્ધ કહેવામાં આવે છે.

પૂજ્યપાદ ગુરુભગવન્તશ્રીના ગુણવૈભવને, સાધ્વીજી રમ્યરેણુએ, આ રીતે અભિવ્યક્ત કરીને પૂજ્યપાદ ગુરુભગવન્તશ્રીજીનાં ચરણોમાં ભાવાંજલિ પાઠવી છે.


## द्वादशदलनलिनबन्धः



( अनुष्टुब् ) राजवत्सौम्य ! राराजदात्मेराराम ! सामराः ! ।
रामज्ञानं प्रारायस्वान्ताराराशु मेऽजराः ॥

હે ચન્દ્ર જેવા સૌમ્ય, અત્યંત શોભતાં, આત્મલક્ષ્મી સાથે રમનારા, સમતાને દેનારા, અન્તરંગ શત્રુને હણનારા, અજન્મા અવસ્થાને આપનારા (ગુરુદેવ !) મને જલ્દીથી સુંદરજ્ઞાન આપો.


## ''श्रण गुणं प्रभो ! श्रण'' इति पदगर्भित पञ्चदलउत्पलबन्धः



( अनुष्टुब् ) दोषाहिजाङ्गुलीतुल्यं गौणं मह्यं रविप्रभ ।
चिद्राम ! भो ! अमृद्दायिन्, श्रण गुणं प्रभो ! श्रण ॥

દોષો રૂપી સર્પોને માટે જાંગુલિમંત્ર સમાન, સૂર્યસમકાંતિવાળા, જ્ઞાનમાં રમનારા, મોક્ષને દેનારા, હે ગુરુદેવ ! મને ગુણને આપો અને ગુણનાં સમૂહને આપો.

## ''वन्देऽरविन्देशं'' इति पदगर्भित पञ्चदलपुण्डरीकबन्धः




( अनुष्टुब् ) वन्देऽरविन्दसूरेऽवरवितेजोऽवविन्नरुत् ।
शमोर्व ! देहि मे त्वां शं वशंवदायसद्गुरुम् ॥

ચમકતાં સૂર્ય જેવા તેજસ્વી, સંપૂર્ણપણે નાશ થઈ છે ઈચ્છા જેમની એવા સમતાનાં દરિયા હે અરવિન્દસૂરિજી ગુરુ ! સદ્ગુરુરૂપ તમને નમસ્કાર કરું છું (અને-તમને) વશ થયેલ એવા મને સમતા આપો.


## कुमुदबन्धः




( स्त्रग्विणी ) तारकस्तायिता तान्तिह्न्मेपिता, तामुनन्दायिता तान्तलोकार्धिता ।
तारलस्वान्तता तादृशागम्यता, ताविषामज्जिता तामसंस्योब्जिता ॥

તારણહાર, રક્ષણહાર, પીડાને હરનારા, પિતાસ્વરૂપ, સ્તુતિ કરનારને આનંદ આપનારા, થાકેલાને ખુશ કરનારા, ચંચળમનરૂપી લક્ષ્મીને તેવા પ્રકારનાં આગમનાં બોધરૂપી સમુદ્રમાં મજ્જન કરાવનારા, સુંદર આચારોનું પાલન કરનારા, ગુરુદેવ ! તમે અંધકારનો નાશ કરો.

## कुमुदबन्धः



( स्त्रग्विणी ) संसृतित्राससं संव्रतिस्वारसं, संयमिश्रेयसं संस्तवीमीष्वसं ।
संघभद्रावसं संपिपर्तु स्य सं संयमासंयसं संहरे मेंऽलसम् ॥

સંસારનાં ત્રાસને કાપનારા, સંયમીઓને સ્વનો રસ ચખાડનાર, સાધુઓના કલ્યાણસ્વરૂપ, સંઘના કલ્યાણનાં સ્થાનસ્વરૂપ એવા ગુરુદેવના જ્ઞાનની હું સ્તુતિ કરું છું.

(હે ગુરુદેવ) તમે મારી આળસનો નાશ કરો અને મારા સંયમપાલનના અલ્પપ્રયત્નપૂર્વકના જ્ઞાનને પૂર્ણ કરો.


## अष्टदलनीलोत्पलबन्धः



( मालिनी ) मुनिपतिवर ! ताय ! वासनावह्नितोय ! जगदखिलहिताय ! तत्त्वमाधुर्यलाय ! ।
श्रमणमधुकराय ! ज्ञानपुष्पस्त्वमार्य ! तवचरणकजेऽय ! रम्यरेणूभवेय ! ॥

વાસનારૂપી અગ્નિને બુઝવવામાં પાણી સમાન, જગતનાં સર્વ(જીવો)નું હિત ઈચ્છનારા, રક્ષણહારા, હે આચાર્યભગવંત ! તત્ત્વરૂપી મધુરતાને ગ્રહણ કરનારા શ્રમણભગવંતરૂપી ભ્રમરને માટે તમે જ્ઞાનરૂપી પુષ્પ સમાન છો. હે પૂજ્ય, તમારા ચરણ કમળમાં હું સુંદર રજરૂપે થાઉં.

## अन्तःगुरुदेवनामाङ्किताष्टदलपद्मबन्धः वन्देऽरविन्दसूरीशम्





( वसन्ततिलका )

वन्द्यारविन्दगुरुदेव ! सुबोधचान्द्री, रत्यादितारकितविन्दुकुमुद्विकासी ।
दह्यान्तरङ्गरिपुसूदन तत्पराच्र्य, रीज्यामयास्तितवशंकुरुताऽऽभवं मे ॥

બાળવા યોગ્ય અંતરંગ શત્રુઓનો નાશ કરવામાં તત્પર... દયામય... વંદનીય પૂજ્ય હે અરવિંદસૂરિ ગુરુદેવ ! તમારી આનંદ આદિ તારાઓવાળી, વિદ્વાનોરૂપી કુમુદોને વિકસિત કરનારી, સમ્યગ્જ્ઞાનરૂપી ચાંદની ભવોભવ મારું મંગલ કરો.

## षोडशदलपद्मबन्धः





( अनुष्टुब् )

यतिपतिस्तुतिप्रीतिर्भक्तिभूतिर्मतिमति ।
वित्तिस्मितिकृतिसक्तिश्श्यतिस्वेतिरतिप्रति ॥

પરમાત્માની સ્તુતિમાં પ્રીતિવાળા, ભક્તિ જ છે વૈભવ જેનો એવા, જ્ઞાન દ્વારા આશ્ચર્યકારી કૃતિમાં આસક્તિવાળા, એવા (ગુરુદેવશ્રી) (અમારા) બોધને અને આત્મજ્ઞાનની રતિનાં લેશને અત્યંત ધારદાર બનાવો.


## ''वन्देऽरविन्दसूरिपं'' पदगर्भित स्थलकमलबन्धः




( अनुष्टुब् ) क्षमावन्तं सदेवान्तरङ्गारिविप्रहन्दमम् ।
रुक्सूर्यं त्वां रिताऽऽपत्पं, वन्देऽरविन्दसूरिपम् ॥

ક્ષમાવાળા, હંમેશાં અંતરંગશત્રુને વિશેષે કરીને હણનાર, દમન કરનારા, કાન્તિવડે સૂર્ય જેવા, દુઃખદેનારી આપત્તિઓથી રક્ષણ કરનારા અરવિંદસૂરિરાજ એવા તમને વંદન કરું છું.


## सद्गुरुः शरणं मम इति पदाङ्कितताष्टदलबन्धः




( अनुष्टुब् ) सद्बोधद ! गुरो ! कर्माऽरुः प्रभेदिन् ! शमान्वित ! ।
रम्यचरणं देहि ते, महिमवन् ! म आभवम् ॥

સુંદર બોધને આપનાર, કર્મના મર્મને ભેદનાર, શમભાવથી યુક્ત મહિમાવંત હે ગુરુદેવ ! સંસાર સુધી મને તમારું સુંદર શરણ આપો.

## द्वादशदलपद्मबन्धः




( अनुष्टुब् )

वाक्तनूज ! स्तुवे त्वाऽवाक्, वाक्त्वावेद्या त्वया स्ववाक् ! ।
वाक्स्वयाऽऽसानि रेत्रवाक्, वाक्त्र ! रेकाध्न ! नूतवाक् ! ॥

હે સરસ્વતીનંદન, આત્માની સંભાળ રાખનારા, અમૃત જેવી વાણીવાળા, વાણી વડે (સૌનું) રક્ષણ કરનારા, શંકાને હણનારા, સ્તવાઈ છે સરસ્વતીદેવી જેમના વડે એવા (હે ગુરુદેવ) તમારા વડે શીખ દેવા યોગ્ય અજ્ઞાની હું આત્માને જાણનાર થાઉં.

## પ.પૂ.આચાર્ય યશોવિજયસૂરિ મહારાજ દ્વારા લખાયેલ પુસ્તકો

- **દરિસન તરસીએ ..... ભા. ૧-૨ (દ્વિતીય આવૃત્તિ)**
  (ભાગવતી સાધનાની સસૂત્ર વ્યાખ્યા)
- **'બિછુરત જાયે પ્રાણ .....' (દ્વિતીય આવૃત્તિ)**
  (પૂજ્યપાદ સિદ્ધર્ષિ મહારાજ કૃત જિનસ્તવના પર સંવેદના)
- **'આતમજ્ઞાની શ્રમણ કહાવે .....'**
  (ઉત્તરાધ્યયન સૂત્રના ૧૫મા સભિક્ખુ અધ્યયન ઉપર સંવેદના)
- **'મેરે અવગુન ચિત્ત ન ધરો .....' (દ્વિતીય આવૃત્તિ)**
  (કુમારપાળ ભૂપાળ કૃત 'આત્મનિન્દા દ્વાત્રિંશિકા' પર સંવેદના)
- **ઋષભ જિનેસર પ્રીતમ માહરો રે .....**
  (શ્રી આનંદઘનજી મહારાજની સ્તવનાઓ પર સંવેદના) (સ્તવન-૧ થી ૫)
- **પ્રભુનો પ્યારો સ્પર્શ**
  (પરમ પાવન શ્રી દશવૈકાલિક સૂત્ર (૧ થી ૪) પરની વાચનાઓ)
- **આત્માનુભૂતિ**
  (યોગપ્રદીપ, જ્ઞાનસાર આદિ ગ્રન્થો તથા પૂ. ચિદાનંદજી મહારાજનાં પદોમાં મળતાં સાધના-સૂત્રો પર વિશ્લેષણ)
- **અસ્તિત્વનું પરોઢ**
  (હૃદયપ્રદીપ ષટ્ત્રિંશિકા પર સ્વાધ્યાય)
- **અનુભૂતિનું આકાશ**
  (પૂ. દેવચન્દ્રજી મહારાજની અષ્ટપ્રવચન માતાની સજ્ઝાય પર અનુપ્રેક્ષા)
- **રોમે રોમે પરમસ્પર્શ**
  (દેવાધિદેવ પ્રભુ મહાવીરની સાડાબાર વરસની લોકોત્તર સાધનાની આંતર કથા)
- **પ્રભુના હસ્તાક્ષર**
  (પરમ પાવન ઉત્તરાધ્યયન સૂત્રનાં કેટલાંક સાધનાસૂત્રો પર સ્વાધ્યાય)
- **ધ્યાન અને કાયોત્સર્ગ (દ્વિતીય આવૃત્તિ)**
  (ધ્યાન અને કાયોત્સર્ગ વિશેનો શાસ્ત્રીય સન્દર્ભો સાથેનો સ્વાધ્યાય)
- **પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે**
  (નવપદ સાધના)
- **એકાન્તનો વૈભવ (તૃતીય આવૃત્તિ)**
  (સ્મરણ યાત્રા)
- **રસો વૈ સઃ (દ્વિતીય આવૃત્તિ)**
  (પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ કૃત શ્રી અભિનન્દન જિનસ્તવના પર સ્વાધ્યાય)
- **સાધનાપથ (દ્વિતીય આવૃત્તિ)**
  (પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ કૃત શ્રી સુવિધિનાથ જિનસ્તવના પર સ્વાધ્યાય)
- **પરમ ! તારા માર્ગે (દ્વિતીય આવૃત્તિ)**
  (પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ કૃત પ્રભુ મહાવીર સ્તવના પર સ્વાધ્યાય)
- **પ્રગટ્યો પૂરન રાગ**
  (પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ કૃત પ્રભુ નેમિનાથ સ્તવના પર સ્વાધ્યાય)
- **સાધનાનું શિખર**
  (પૂજ્યપાદ દાદાગુરુદેવશ્રી ભદ્રસૂરીશ્વરજી મહારાજાના જીવનપ્રસંગોનું આકલન)
- **વાત્સલ્યનો ઘૂઘવતો સાગર**
  (પૂજ્યપાદ ગુરુદેવશ્રી ઓમકારસૂરીશ્વરજી મહારાજાના જીવનપ્રસંગોનું આકલન)
- **સમાધિ શતક (ભાગ-૧ થી ૪)**
  (પૂજ્યપાદ મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ કૃત સમાધિશતક ગ્રન્થ પર વિવેચના)
- **સમુંદ સમાના બુંદ મેં**
  (પૂજ્યપાદ અધ્યાત્મયોગી આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજાની શબ્દપ્રસાદી પર સ્વાધ્યાય)
- **નિરંજન નાથ મોહિ કૈસે મિલેંગે ?**
  (પૂજ્યપાદ સાધનામનીષી પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ દ્વારા 'આત્મ ઉત્થાનનો પાયો' ગ્રન્થમાં અપાયેલ ભક્તિસૂત્રો પર સ્વાધ્યાય)
- **સ્વાનુભૂતિની પગથારે**
  (પૂજ્યપાદ મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજકૃત સવાસો ગાથાના સ્તવનની કેટલીક કડીઓ પર સ્વાધ્યાય)

• • •

## આચાર્યશ્રી ૐકારસૂરિ જ્ઞાન મંદિર ગ્રંથાવલી

### પ્રભુવાણી પ્રસાર સ્થંભ (યોજના-૧,૧૧,૧૧૧)

૧. શ્રી સમસ્ત વાવપથક શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ-ગુરુમૂર્તિ પ્રતિષ્ઠા-સ્મૃતિ
૨. શેઠશ્રી ચંદુલાલ કકલચંદ પરીખ પરિવાર, વાવ
૩. શ્રી સિદ્ધગિરિ ચાતુર્માસ આરાધના (સં. ૨૦૫૭) દરમ્યાન થયેલ જ્ઞાનખાતાની આવકમાંથી.
હસ્તે : શેઠશ્રી ધુડાલાલ પુનમચંદભાઈ હેક્કડ પરિવાર, ડીસા, બનાસકાંઠા
૪. શ્રી ધર્મોત્તેજક પાઠશાળા, શ્રી ઝીંઝુવાડા જૈન સંઘ, ઝીંઝુવાડા
૫. શ્રી સુઈગામ જૈન સંઘ, સુઈગામ
૬. શ્રી વાંકડિયા વડગામ જૈન સંઘ, વાંકડિયા વડગામ
૭. શ્રી ગરાંબડી જૈન સંઘ, ગરાંબડી
૮. શ્રી રાંદેરરોડ જૈન સંઘ-અડાજણ પાટીયા, રાંદેરરોડ, સુરત
૯. શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન સંઘ પાર્લા (ઈસ્ટ), મુંબઈ
૧૦. શ્રી આદિનાથ તપાગચ્છ શ્વેતાંબર મૂ.પૂ.જૈન સંઘ, કતારગામ, સુરત
૧૧. શ્રી કૈલાસનગર જૈન સંઘ, કૈલાસનગર, સુરત
૧૨. શ્રી ઉચોસણ જૈન સંઘ, સમુબા શ્રાવિકા આરાધના ભવન, સુરત જ્ઞાનખાતેથી
૧૩. શ્રી વાવપથક જૈન શ્વે. મૂ.પૂ. સંઘ, અમદાવાદ
૧૪. શ્રી વાવ જૈન સંઘ, વાવ, બનાસકાંઠા
૧૫. કુ. નેહલબેન કુમુદભાઈ (કટોસણ રોડ)ની દીક્ષા પ્રસંગે થયેલ આવકમાંથી
૧૬. શ્રી આદિનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, નવસારી
૧૭. શ્રી ભીલડીયાજી પાર્શ્વનાથ જૈન દેરાસર પેઢી, ભીલડીયાજી
૧૮. શ્રી નવજીવન જૈન શ્વે. મૂ.પૂ. સંઘ, મુંબઈ
૧૯. શ્રી જશવંતપુરા જૈન સંઘ - શ્રાવિકા બહેનોના જ્ઞાનદ્રવ્યમાંથી

### પ્રભુવાણી પ્રસારક (યોજના-૬૧,૧૧૧)

૧. શ્રી દિપા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, રાંદેરરોડ, સુરત
૨. શ્રી સીમંધરસ્વામી મહિલા મંડળ, પ્રતિષ્ઠા કોમ્પલેક્ષ, સુરત
૩. શ્રી શ્રેણીકપાર્ક જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, ન્યૂ રાંદેરરોડ, સુરત
૪. શ્રી પુણ્યપાવન જૈન સંઘ, ઈશિતા પાર્ક, સુરત
૫. શ્રી શ્રેયસ્કર આદિનાથ જૈન સંઘ, નીઝામપુરા, વડોદરા
૬. શ્રી અમરોલી જૈન સંઘ - અમરોલી, સુરત

### પ્રભુવાણી પ્રસાર અનુમોદક (યોજના - ૩૧,૧૧૧)

૧. શ્રી મોરવાડા જૈન સંઘ, મોરવાડા
૨. શ્રી ઉમરા જૈન સંઘ, સુરત

૩. શ્રી શત્રુંજય ટાવર જૈન સંઘ, સુરત
૪. શ્રી ચૌમુખજી પાર્શ્વનાથ જૈન મંદિર ટ્રસ્ટ
શ્રી જૈન શ્વેતાંબર તપાગચ્છ સંઘ ગઢસિવાના (રાજ.)
૫. શ્રીમતી તારાબેન ગગલદાસ વડેચા-ઉચોસણ
૬. શ્રી સુખસાગર અને મલ્હાર એપાર્ટમેન્ટ સુરતની શ્રાવિકાઓ તરફથી
૭. રવિજ્યોત એપાર્ટમેન્ટ, સુરતની શ્રાવિકાઓ તરફથી
૮. અઠવાલાઈન્સ જૈન સંઘ, પાંડવબંગલો, સુરત શ્રાવિકાઓ તરફથી
૯. શ્રી આદિનાથ તપાગચ્છ શ્વે.મૂર્તિપૂજક જૈન સંઘ, કતારગામ, સુરત
૧૦. શ્રીમતી વર્ષાબેન કર્ણાવત, પાલનપુર
૧૧. શ્રી શાંતિનિકેતન સરદારનગર જૈન સંઘ, સુરત
૧૨. શ્રી પાર્શ્વનાથ જૈન સંઘ, ન્યુ શમારોડ, વડોદરા
૧૩. પાંડવ બંગલો (અઠવાલાઇન્સ) સુરતની આરાધક બહેનો તરફથી, સુરત

**પ્રભુવાણી પ્રસાર ભક્ત (યોજના - ૧૫,૧૧૧)**

૧. શ્રી દેસલપુર (કંઠી) શ્રી પાર્શ્વચંદ્રગચ્છ
૨. શ્રી ધ્રાંગધ્રા શ્રી પાર્શ્વચંદ્રસૂરીશ્વરગચ્છ
૩. શ્રી અઠવાલાઈન્સ જૈન સંઘ, સુરત શ્રાવિકા ઉપાશ્રય

**વાવ નગરે પૂજ્ય આચાર્ય ભગવંત ૐકારસૂરિ મહારાજાની ગુરૂ મૂર્તિ પ્રતિષ્ઠા સ્મૃતિ**

૧. રૂા.૨,૧૧,૧૧૧ શ્રી વાવ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ
૨. રૂા.૧,૧૧,૧૧૧ શ્રી વાવપથક શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ
૩. રૂા. ૩૧,૦૦૦ શ્રી સુઈગામ જૈન સંઘ
૪. રૂા. ૩૧,૦૦૦ શ્રી બેણપ જૈન સંઘ
૫. રૂા. ૩૧,૦૦૦ શ્રી ઉચોસણ જૈન સંઘ
૬. રૂા. ૩૧,૦૦૦ શ્રી ભરડવા જૈન સંઘ
૭. રૂા. ૩૧,૦૦૦ શ્રી અસારા જૈન સંઘ
૮. રૂા. ૩૧,૦૦૦ શ્રી ગરાંબડી જૈન સંઘ
૯. રૂા. ૩૧,૦૦૦ શ્રી માડકા જૈન સંઘ
૧૦. રૂા. ૩૧,૦૦૦ શ્રી તીર્થગામ જૈન સંઘ
૧૧. રૂા. ૩૧,૦૦૦ શ્રી કોરડા જૈન સંઘ
૧૨. રૂા. ૩૧,૦૦૦ શ્રી ઢીમા જૈન સંઘ
૧૩. રૂા. ૩૧,૦૦૦ શ્રી માલસણ જૈન સંઘ
૧૪. રૂા. ૩૧,૦૦૦ શ્રી મોરવાડા જૈન સંઘ
૧૫. રૂા. ૩૧,૦૦૦ શ્રી વર્ધમાન શ્વે.મૂ.પૂ.જૈન સંઘ, કતારગામ દરવાજા, સુરત
૧૬. રૂા. ૧૧,૧૧૧ શ્રી વાસરડા જૈન સંઘ, સેવંતીલાલ મ. સંઘવી

• • •





# સદ્ગુરુ: શરણં મમ

પૂજ્યપાદ, પ્રશાન્તમૂર્તિ આચાર્ય ભગવંત
શ્રીમદ્ વિજય અરવિન્દ સૂરીશ્વરજી મહારાજાના
સંયમજીવનના અમૃત મહોત્સવના ઉપલક્ષમાં
પ્રકાશિત
ગુરુતત્ત્વ પરની અનુપ્રેક્ષાઓથી સભર
ગ્રન્થ

Kirti Graphics-09898490091